
કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ

વર્ષ ૪૯મું · અંક ૩જો · માર્ચ ૧૯૭૨

તંત્રી · બચુભાઈ રાવત



સળંગ અંક ૫૭૯


કુમાર

માર્ચ ૧૯૭૨ • અંક ૫૭૯

તંત્રી : બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી : બિહારીલાલ ટાંક

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર. અમદાવાદ
વાર્ષિક લવાજમ: રૂ. ૧૭-૦૦, પરદેશ : રૂ. ૨૮; શિ૦ ૩૦; ડૉ. ૪. છૂટક નકલ : રૂ ૧-૭૫

આકાશ દર્શન ૪ માર્ચ એપ્રિલ



મૃગ, રોહિણી, કૃત્તિકા અને ત્યાં બેઠેલા શનિથી તો આપણે હવે બરાબર પરિચિત છીએ. પણ પશ્ચિમમાંથી એક નવો આગંતુક એમની તરફ સરકતો આવે છે એને જોયો છે? તા. ર૬મી માર્ચે એ કૃત્તિકાની દક્ષિણે આવી પહોંચશે. મંગળ–કૃત્તિકાની એ યુતિ થશે. શનિ તો હજી અહીં છે જ અને આ મંગળ આવશે. વળી, શુક્ર પણ અહીં જ દેખાશે. આમ વૃષભ રાશિમાં આ ત્રણે ગ્રહો એક સાથે ભેગા થાય છે. જ્યોતિષીઓ તો એનો જે અર્થ ઘટાવે તે, પણ આકાશદર્શનમાં આ સૌને એક સાથે જોવાની સરસ તક છે. પણ આ દર્શન વહેલાં વહેલાં પતાવી લેવું પડશે કેમ કે રાત્રે અગિયાર વાગ્યા પહેલાં તો તેઓ પશ્ચિમ ક્ષિતિજે પહોંચી જઈ અસ્ત થવા લાગશે.

મોડી રાતે જાગતા હો કે પરોઢિયે વહેલા ઊઠો તો હવે રાત્રે અઢી વાગ્યા પછી ગુરુ જોવા મળે. પણ એને આપણે હવે પછી નિરાંતે જોઈશું. 'સિંહ'ના તારાઓ પણ આપણે ઓળખ્યા છે. હાલમાં એ સારી રીતે દેખી શકાય છે. પણ આ દરમિયાન ઉત્તર આકાશમાં 'સપ્તર્ષિ' ખાસ ધ્યાન ખેંચે છે, એટલે આપણે એનો થોડો વધુ પરિચય કરી લઈએ.

લગભગ એકસરખા તેજસ્વી સાત તારાનું આ મંડળ પુરાણા કાળથી જાણીતું છે. 'ઋક્ષ' અને 'શિખંડી'ના નામે પણ એ ઓળખાય છે. ઉદયથી અસ્ત થતા સુધીમાં આકાશી ચાલથી એ સાતે તારામાં પૂછડિયાળા પતંગ, ગાડું, ધજા, હળ, મોર વગેરે વિવિધ આકારો બેસતા જણાશે. સપ્તર્ષિના સાતે તારાને આપણા એક એક ઋષિવર્યનું નામ અપાયું છે. (આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે) અનુક્રમે ક્રતુ, પુલહ, પુલસ્ત્ય, અત્રિ, અંગિરા, વશિષ્ઠ અને મરીચિ. સૌ લગભગ સરખા લાગતા છતાં અત્રિનો ચમકાર જરા ઓછો છે. ક્રતુ ને પુલહને જોડતી રેખા ઉત્તરમાં લંબાવીએ તો એ ધ્રુવતારા પાસે પહોંચશે એ તો આપણે જાણીએ છીએ.


સપ્તર્ષિમાં વસિષ્ઠની બાજુમાં જ એક નાનો તારો છે. એને 'અરુંધતિ' નામ આપ્યું છે. વસિષ્ઠની બાજુમાં એનું દર્શન આંખની કસોટી કરે તેવું છે. એમ તો સપ્તર્ષિના ચોરસની વચ્ચે યે આંખો ખેંચતા થોડા ઝાંખા તારા જોવા મળે છે; પણ હકીકતે ત્યાં ૧,૫૦,૦૦૦ જેટલા તારાઓ હોવાનું ખગોળવેત્તાઓ કહે છે!

આકાશમાં આપણે જે તારાઓ જોઈએ છીએ એ બધુંયે આપણે જેના એક અંગ છીએ તે એક વિશાળ તારાવિશ્વનો પરિવાર છે. અંદાજ છે કે લગભગ બસો અબજ જેટલા એ તારાઓમાં આપણો સૂર્ય એ તો એક નાનકડો તારક છે. આપણું તારાવિશ્વ એકથી બે લાખ પ્રકાશ વર્ષ (એક પ્રકાશ વર્ષ=લગભગ ૫૮,૮૦,૦૦,૦૦,૦૦,૦૦૦ માઈલ) જેટલું વિસ્તૃત અને કેન્દ્રમાં દસથી વીસ હજાર પ્રકાશવર્ષ જેટલું પહોળું ચક્રાકાર છે. સૂર્ય પરિવાર જેવા તો એમાં અસંખ્ય પરિવારો છે.

પણ આ બધાંની વચ્ચે, નરી આંખે ને ક્યાંય દૂરબીનથી જોતાં પ્રકાશનાં ધાબાં દેખાય છે. ક્યાંક આવાં કાળાં ધાબાં પણ જોવા મળે છે. આ તેજસ્વી અને કાળા વાદળગોટા 'નિહારિકા' (વાદળ માટેના લૅટિન શબ્દ પરથી Nebulae–નેબ્યુલા) કહેવાય છે. જે નિહારિક કોઈ તેજસ્વી તારાની નજીકમાં હોય છે તે એ તારાના પ્રકાશથી ઝળહળે છે. નિહારિકાના સ્વરૂપને લીધે વિખરાઈ ગએલો તેનો પ્રકાશ પણ તેજની એક આભા સર્જે છે. કાળી નિહારિકા પણ એવા વાદળગોટા જ છે, જેને પ્રકાશિત કરી શકે તેવા તારા તેની પાછળની બાજુએ હોઈ આપણને એનો છાયાવાળો ભાગ જ દેખાય છે. અતિ દૂરનાં તારાવિશ્વો પણ નિહારિકા જ્યાં દેખાય છે. આપણું તારાવિશ્વ પણ એની બહાર આટલા જ અંતરેથી જોતાં કદાચ નિહારિકા જેવું જ લાગે. પણ નિહારિકાઓ એ તારાઓનાં વાદળ નહિ, પરંતુ વાયુઓ કે રજનાં વાદળ છે. આપણા તારાવિશ્વમાં પણ કેટલીક આવી નિહારિકાઓ છે, જેમાંની નજીકમાં નજીકની કેટલીક નિહારિકાઓમાં મૃગપુચ્છમાં દેખાતી નિહારિકાઓ—એક અત્યંત તેજસ્વી ને એક શ્યામ નિહારિકા —છે. શ્યામ નિહારિકા એના અશ્વમુખ જેવા આકારને કારણે 'હૉર્સ હેડ' નિહારિકાને નામે ઓળખાય છે. મૃગપુચ્છમાં અસ્પષ્ટ સ્વરૂપે એ નરી આંખે પણ દેખાય છે. મૃગની આ શ્યામ નિહારિકા લગભગ ૧૦૦ પ્રકાશવર્ષ જેટલી વિસ્તૃત અને આપણાથી લગભગ ૧૦૦૦ પ્રકાશવર્ષ દૂર છે. ત્યાં અચૂક 'વિશ્વતોફાનો'–કૉસ્મિક સ્ટૉર્મ્સ ચાલતાં હશે. ઘટ્ટ બનતા જતાં અને વાયુસ્વરૂપથી રચાતા એમાંના અનેક નવા ગરમ તારાઓ જોતાં ત્યાં એક નવું તારાવિશ્વ રચાઈ રહ્યું હોય તેમ લાગે છે.




નૃત્ત-કરણ (ફોટો: ઈ. એસ. મહાલિંગમ્) મદ્રાસથી લગભગ દોઢસો માઈલ દૂર દક્ષિણે ચિદમ્બરમ્‌ના શિવમંદિરમાં નટરાજ શિવનું પૂજન થાય છે. કદાચ એટલે જ, ભારતભરમાં અન્યત્ર ક્યાંય નથી તે ભરત નાટ્યશાસ્ત્રાનુસારનાં નૃત્ત-કરણો સાથે મંદિરના સમગ્ર શિલ્પાંકનમાં વિધવિધ નૃત્ય-ભંગની અત્યંત સુંદર અનેક મૂર્તિઓ જોવા મળે છે. નૃત્યમાં હાથ અને પગની ગતિના કલામય સંયોગવાળા દેહભંગને કરણ કહે છે. કરણ એ તાંડવનૃત્યનું અંગ હોઈ પુરુષોચિત છે, પણ અહીં એ સ્ત્રી-આકૃતિઓમાં દર્શાવ્યાં છે. સ્ત્રી એ સૌંદર્યનું પ્રતીક ગણાતી હોઈ શિલ્પીઓએ કદાચ સુંદરતા ખાતર આ છૂટ લીધી હશે એમ લાગે છે. ગમે તેમ પણ નર્તકીના આ સ્વસ્તિકાકાર દેહભંગમાં આવેગયુક્ત મધુર ગતિસાતત્ય ઉતારીને પલ્લવ અને ચોળ કાળના શિલ્પીઓએ અહીં પથ્થરમાં પ્રાણ પૂર્યો છે.



▷

ટાગોર મેમોરીઅલ થીએટર
(ફોટો: લેફ. કર્નલ બલવન્ત ભટ્ટ)

પાષાણનાં પ્રાચીન સ્થાપત્યોમાં બારીક શિલ્પાંકનનું આગવું સૌંદર્ય ઊતર્યું છે તો સિમેન્ટનાં આધુનિક સ્થાપત્યોમાં આકારનું. અમદાવાદનું ટાગોર મેમોરીઅલ થીએટર એનું એક વિશિષ્ટ ઉદાહરણ છે. છાયાપ્રકાશના સુંદર સુમેળ વડે એના સ્થાપત્યનું વૈશિષ્ટ્ય આ ફોટોચિત્રમાં સુંદર રીતે ઊપસ્યું છે.



વસંત ગુજરાત કલાસંઘ ચિત્રશાળામાં શ્રી રવિશંકર રાવળ વિદ્યાર્થીઓને જે નવાનવા ચિત્રપ્રકારોની તાલીમ આપતા તેમાં ભીંતચિત્રોનો પણ સમાવેશ હતો. એ માટે એમણે કરી આપેલા પ્રારંભિક રેખાંકનમાં જુદાજુદા વિદ્યાર્થીઓ ચિત્રના વિવિધ અંગોમાં રંગકામ કરી એને પૂરું કરતા. આ રીતે સહિયારું કામ કરવાના આનંદ સાથે ચિત્રસર્જનમાં ભાગ લેનાર દરેક વિદ્યાર્થીને પોતાની આગવી કલાશક્તિ અજમાવવાની તક મળતી. આ ચિત્ર કલાસંઘના વિદ્યાર્થીઓનું એવું એક સર્જન છે.

હોલિકાનું અગ્નિસ્નાન / ધીરુ પરીખ

· પરંપરિત મનહર ·

કોરું કોરું આકાશ થયું જ કશું
લાલ-પીળું-ભૂરું,
લબકારા લેતી
આગ-જવાળાઓની જીભે
હવે લપટાયું પૂરું.

ઠાંસઠાંસ કાઠ ઢગે
બંધ કીધ હોલિકાને :
વજજરના ખોળા સંગ
હોમી દીધ કલિકાને.

'જશે જલી જશે જલી
પ્રહ્લાદ બાળો ભોળો!'
હિરણ્યકશ્યપની શી
રાતી-પીળી આંખો
જાણે ક્રોધના બે દરિયા
ઉછાળી રહે સુખરિત છોળો!

આનંદની ચિચિયારી
દાનવદળેથી છૂટે;
ફૂલના પરશથી શું
વજજર તડાક તૂટે!
હોલિકાને રોમ રોમ
વેદનની આંખ ફૂટે:
'બાળક ખતમ થશે,
સતની તો પત જશે!'

ધારી એમ હોલિકાએ
'પાવકમાં બળીશ ના!'
કવચ વચનનું આ
બાળકને ધરી દીધું!
રાખ બની
સતની જ શાખ થઈ
આખરે તો
યુગયુગ જીવી લીધું.

હતી / ડાહ્યાભાઈ પટેલ 'માસૂમ'

· ગઝલ ·

શકયતાનાં ફેફસાં કાણાં હતાં,
ને વસંતો લોહીમાં ફરતી હતી.

એટલે થાકી ગયો આ સૂર્ય ને,
પાનીએ થઈ રાત વિસ્તરતી હતી.

કોઈ ટેકો ના મળ્યો દીવાલને,
એટલે મારી તરફ ઢળતી હતી.

હું સમયના હાથમાં ભૂલો પડયો,
હાથની રેખા જ છેતરતી હતી.

આઘેથી દૂરનાં નજીક / ઘનશ્યામ ઠક્કર

· ગાન ·

થોભું તો પગમાં અટવાય મારા મંઝિલની કાંટાળી વાડ સમી બીક;
ચાલું તો મૃગજળની જેમ સદા ભરમાવે આઘેથી દૂરનાં નજીક!

મોટરનાં પૈડાં પર રસ્તા વીંટું છું તો યે
રસ્તા તો રસ્તાના રસ્તા
ચાલું? ના, સ્થિરતાને બદલું છું પળપળ,
ને રસ્તા દેખાય મને ખસતા!
હોડી પાછળ જેમ વહેતી રહે છે સ્થિર પાણીમાં પાણીની નીક —થોભું૦

લાખો મુસાફરીનાં પગલાંનો સરવાળો
મારી મેડીનાં પગથિયાંથી ઓછો,
પગલાંને વીણવાને નીકળનારાઓ તમે
નક્કામી ધૂળના જ ટોપલા ભરો છો;
પૈડાના સળિયામાં પગ જો ફસાયા, કહું 'રહે છે પ્રવાસ મને ઠીક!'
થોભું તો પગમાં અટવાય મારા, મંઝિલની કાંટાળી વાડ સમી બીક,

અજંપ / ડૉ. બટુકરાય પંડયા

· ગઝલ ·

અજંપ ઉરનું જલન જીરવી શકાય નહીં,
અધૂરી વાત અધૂરી મૂકી જવાય નહીં.

અધીર મન છે તૃષાતુર છે ભગ્ન પયમાનું,
લલાટે લેખ લખ્યા ફેરવી શકાય નહીં.

ભરીભરીને પીવાડી દે જામ તું સાકી!
સમયનો કોઈ ભરોસો હવે રખાય નહીં.

કિતાબ એટલે ખુલ્લી મૂકી જવાનો છું,
કે અંજુમનમાં ફકીરોની શાન જાય નહીં.

વિદાયની ઘડી આવી મળી તો દોસ્ત, હવે
નશીલી આંખડી અશ્રુભીની કરાય નહીં.

સફરનો સાદ છે, અણદીઠ વાટ ઝંખે છે,
સલામ સાથીઓ, પાછા વળી જવાય નહીં.

રૂબાઇ / મરીઝ

સમજાતું નથી તારી આ કુદરત શું છે?
કોની તને પરવા અને દહેશત શું છે?
પાપી પીએ, સંતાડીએ મોઢું તો અમે
અલ્લા તને પરદાની જરૂરત શું છે?

હોલિકાનું અગ્નિસ્નાન: પૌરાણિક ચમત્કાર-કથાનું વૈચારિક અર્થઘટન: પ્રહ્લાદનો નાશ કરવા માટે તેને ખોળામાં લઈને કાષ્ઠ વચ્ચે બેઠા પછી એ નિર્દોષ અને કોમળ ફૂલના સ્પર્શથી હોલિકાનું વજ્ર ભેદાય છે અને તેનું રોમ-રોમ ખૂલે છે અત્યાર સુધી બંધ રહેલી આંખ. ('વેદન'નો શ્લેષ જુઓ.) પોતાને મળેલા વચનનું કવચ એ પ્રહ્લાદની–સતની–રક્ષા કાજ ધરી દે છે! આમ, કાવ્યાંતે વ્યક્તિમાત્રના હૃદયમાં પડેલા ઋત પ્રત્યેની શ્રદ્ધા જ વ્યક્ત થઈ છે. કાવ્યમાં બાહ્યથી આંતર-નિરૂપણનો ઉપક્રમ પણ હોલિકાના ભીતર-ભેદનનો દ્યોતક છે.

આઘેથી દૂરનાં નજીક; મંઝિલ પ્રતિ અભિમુખ મુસાફરની મૂંઝવણનું ભાવચિત્ર. આ ગીતમાં વ્યક્ત થયું છે: થોભે છે તો મંઝિલની દૂરતા ગભરાવે છે અને ચાલવા માંડે છે તો મૃગજળની જેમ એ લોભાવ્યા કરે છે. મુસાફરી શરૂ થાય છે પણ માર્ગ તો ખૂટતો જણાતો નથી. એથી પ્રશ્ન થાય છે કે પોતે ખરેખર ચાલે છે? તો ભાન થાય છે કે આ ગતિ તો સ્થિરતાનું જ બીજું નામ છે. આ ભાવને એક નવીન દૃષ્ટાંત દ્વારા વ્યક્ત કર્યો છે કે જેમ પાણીમાં તરતી હોડીની પાછળ સરતી નીક તો સ્થિર જ છે તેમઆ ગતિ તો કેવળ ગતિનો આભાસ માત્ર છે જ. મારી મેડીનાં પગથિયાંથી ચડઊતર એ સુદીર્ઘ મુસાફરી જેટલી હશે; પણ એથી પહોંચવાનું કયાં? પગલાંને એકઠાં કરનારો કયાં જાણે છે કે એ તો ધૂળના ટોપલા જ ભરે છે. મુસાફરી તો કરી છે પગલાં મૂકી જનારે. પૈડાં પર રસ્તા વીંટવાની, તો ચાલવું એ સ્થિરતા બદલવા જેવું છે એ કલ્પનાઓ હૃદ્ય છે. સાચી ગતિ કરનાર જ પ્રગતિ કરી શકે છે અન્યનાં પદ ચિહ્નોને તાકનાર કયાંય નથી જઈ શકતો. આ ભાવ કયાં તે સ્પષ્ટ થતો અનુભવી શકાશે.

અજંપ—દૂર સફરનો સાદ પડયો છે ત્યારે અધીર અંતરની જે દશા થઈ છે તે અહીં નિરૂપવામાં આવી છે.

હતી—મુખ્યત્વે વિરોધો દ્વારા આ ગઝલમાં હતાશાને ગાવામાં આવી છે.

કવિલોક

અભ્યાસીઓમાં લોકપ્રિય બનીને દ્વિજ રૂપે ત્રીજા વર્ષમાં પ્રવેશ્યું છે. વા. લવાજમ રૂ. ૬ c/o કુમાર કાર્યાલય લિ.



વિનાયક દામોદરપંત સાવરકર

ચાફેકર બંધુઓએ પ્રકટાવેલી શત્રુંજયવૃત્તિના યજ્ઞકુંડમાં સમિધ હોમી, ત્રીસ કરોડ લોકોની વિકાસોન્નતિને અવરોધતી પરાધીનતાને સશસ્ત્ર ક્રાંતિ વડે ઉચ્છેદીને, ભારતમાતાને મસ્તકે સ્વાતંત્ર્યનો અભિષેક કરાવવા ઝંખનાર

એક અવગણાએલા દેશભક્ત

વીર સાવરકર

લેખક · પ્રિ. વસંત જોષી

ઇ. ૧૯૦૯માં વિનાયકરાવ સાવરકરના મોટા ભાઈ ગણેશને કાળાપાણી (દેશવટા)ની સજા થઈ. થોડાક જ સમય બાદ એમના નાના ભાઈ નારાયણની ધરપકડ થઈ. ભાભી યશોદાબાઈએ વિનાયકરાવને આ સમાચાર મોકલ્યા. વિલાયતમાં વિનાયકરાવને સમાચાર મળ્યા ત્યારે એમણે સંતપ્ત અને દુ:ખી ભાભીનું કાવ્યમાં પત્ર લખી સાંત્વન કર્યું:

'વત્સલ ભાભી! જેનું તેં પ્રતિપાલન કર્યું અને જેને તારા વર્તનથી એની માતાનું સ્મરણ પણ થવા દીધું નહિ એવો તારો ભાઈ તને વંદન કરે છે. તારો આશીર્વાદ-પત્ર મળ્યો છે. તેં જે લખ્યું તેથી હૃદયમાં ધન્યતા છવાઈ. ધન્ય ધન્ય આપણો વંશ અને કુળ. ખરેખર એમાં કાંઈ ઈશ્વરી અંશ હોવો જોઈએ, કારણ કે થોડી પણ પ્રભુસેવા કરવાનું પુણ્ય આપણા નસીબમાં લખાએલું નીકળ્યું! ઘણાંય ફૂલ ખીલે છે અને કરમાઈ જાય છે. એને કોઈએ મહાન ગણ્યાં છે? પણ ગજેન્દ્રની સૂંઢે જેને તોડી લીધું અને જે શ્રીહરિની સેવા ખાતર મરી ગયું એ કમળ મોક્ષદાતા બન્યું અને અમરત્વ પામ્યું એ પવિત્ર ગજેન્દ્ર જેવી મુમુક્ષુ-સ્થિતિ આજે ભારતમાતાની છે. કરુણ સ્વરથી તે શ્રીરામની પ્રાર્થના કરે છે. આપણા બગીચામાં ભારતમાતા આવે, પોતાનું સુંદર ફૂલ જુએ ને એ તોડી શ્રીરામ-ચરણે અર્પણ કરે, એના જેવું ભાગ્ય કયું હોય? ભારતમાતા ભલે આપણી કુટુંબલતા પરનું એકેએક ફૂલ લઈ લે, શ્રીરામચરણમાં અર્પણ કરે. તો આ નશ્વર દેહનું કંઈક સાર્થક થાય. જે વંશલતા પ્રભુ ખાતર નિર્વંશ બને છે તેના લોકહિતપરિમલની સુગંધ ચારે દિશામાં ફેલાય છે. હે માતૃભૂમિ! નવરાત્રમાં અમારાં અનંત ફૂલો વીણી લે અને હાર ગૂંથી લે. નવરાત્ર પૂરું થશે, નવ માળાઓ પૂરી થશે, અને વિજયાલક્ષ્મી દેવી દુર્ગા પ્રકટ થશે! ભાભી! તું ધૈર્યની મૂર્તિ છે; તું મારી સ્ફૂર્તિ છે; રામસેવાવ્રત પૂરું કરવું એવો તારો નિશ્ચય છે. મહાકાર્યનો પ્રારંભ કર્યો છે; હવે શરીરમાં મહત્તમત્વ કેળવવું પડશે; અને સંતોને ગમે એવી રીતે વર્તવું પડશે. પૂર્વકાલના ઋષિઓ 'સાધુ! સાધુ!' એવું કહે તેવું વર્તન રાખવું પડશે.'

ભાભીનું આ 'સાંત્વન' વિનાયકરાવ સાવરકરે કર્યું ત્યારે એમની ઉંમર છવ્વીસેક વર્ષની હશે. એમનાથી ચાર વર્ષ મોટા ગણેશને કાળાપાણીની સજા થાય, અને પાંચ વર્ષ નાના નારાયણને ગિરફતાર કરવામાં આવે, એનું કારણ આ ભાઈઓએ શું આપ્યું હશે? કારણ એક જ. બાળપણથી એમના મનમાં એક જ વિચાર જડ કરી બેઠો હતો: માતૃભૂમિને દાસ્યમાંથી મુક્ત કરવી; એને સ્વતંત્ર કરવી. કારણ—


'અંગ્રેજો સાથે અખિલ માનવતાનું કલ્યાણ થાય એ ખાતર, મનુષ્યમાત્રનો પરમ વિકાસ થાય એ ખાતર અમારે સ્વતંત્રતા જોઈતી હતી. માણસની એકલી આત્મિક ઉન્નતિ જ નહિ, પણ માનસિક ઉન્નતિ, નૈતિક ઉન્નતિ અને આધ્યાત્મિક ઉન્નતિ પણ રાજકીય પરતંત્રતાને લીધે અવરોધાય છે, તેથી અમારે ભારતની આઝાદી જોઈતી હતી. ત્રીસ કરોડ લોકોની માણસાઈના વિકાસને આડે આવતી ભારતની રાજકીયપરતંત્રતાને લીધે અવરોધાય છે, તેથી અમારે ભારતની આઝાદી જોઈતી હતી. ત્રીસ કરોડ લોકોની માણસાઈના વિકાસને આડે આવતી ભારતની રાજકીય પરતંત્રતા માનવજાતિના અધ:પતન તરફ લઈ જનારી છે એમ અમને લાગતું. એટલે એનો ઉચ્છેદ કરવો એ અમારી રાજકીય અને ધાર્મિક ફરજ હતી. રાવણનો શિરચ્છેદ, જેમ શ્રીરામે કર્તવ્ય તરીકે કર્યો. કંસનો વધ જેમ કૃષ્ણને મન કર્તવ્ય હતું તે પ્રમાણે જ 'પરિત્રાણાય સાધૂનાં, વિનાશાય ચ દુષ્કૃતામ્ ધર્મસંસ્થાપનાર્થાય' અમારે સ્વાતંત્ર્ય મેળવવું હતું. અમારે પોકારવું હતું, 'સ્વાતંત્ર્યલક્ષ્મી કી જય.' દરેક પ્રસંગે—સભાઓમાં, સમારંભોમાં, નિશાળમાં, કૉલેજમાં, વાતાવરણમાં એક જ જયઘોષ: 'સ્વાતંત્ર્યલક્ષ્મી કી જય!' પરિણામે બલિદાનો, ધર-પકડો, કાળાપાણી, ફાંસી–પણ એ બધું આગળ.' (સાવરકરનું 'આત્મચરિત્ર').

અને વીસ વર્ષ પૂરાં નહોતાં થયાં ત્યાં તો સાવરકરે સ્વતંત્રતા દેવીનું સ્તોત્ર લખ્યું. ગુપ્તતાથી એ ગવાતું. છ-સાત વર્ષ ઉપર એ પહેલી વાર 'આકાશવાણી' પર ગવાયું. એમાંની કેટલીક લીટીઓ:

जयोस्तु ते श्री महन्मंगले! शिवास्पदे! शुभदे!
स्वतंत्रते भगवती त्वामहं यशोयुतां वंदे!

રાષ્ટ્રનું ચૈતન્ય મૂર્ત તું! નીતિ સંપદાની
સ્વતંત્રતે ભગવતી, શ્રીમતી રાણી તું સાચી
જે જે ઉત્તમ, ઉદાત્ત, ઉન્નત, મહાન, મધુર તે તે
સ્વતંત્રતે ભગવતી, સર્વ તારું સહચારી હોય છે.

મોક્ષ-મુક્તિ તારાં જ રૂપ છે; વેદાંતમાં તને જ
સ્વતંત્રતે ભગવતી, યોગિજનો પરબ્રહ્મ માને છે.
હે અધમરક્તરંજિતે! સુજનપૂજિતે! શ્રી સ્વતંત્રતે



ઇંગ્લંડ જતાં પહેલાં જૂન ૧૯૦૬માં મુંબાઈમાં અને
ફેબ્રુઆરી ૧૯૦૯માં બૅરિસ્ટર થયા ત્યારે લંડનમાં

તારે ખાતર મરણ એટલે જનન
તારા વિના જનન તે મરણ
તને બધાં શરણ
ભરતભૂમિને દૃઢાલિંગન, વરદે, ક્યારે આપીશ?
સ્વતંત્રતે ભગવતી, ત્વામહં યશોયુતાં વંદે!!

સાવરકર અને એમના અનુયાયી યુવાનોએ ભારતમાં દેવી સ્વતંત્રતાની પ્રતિષ્ઠાપના કરવાનું વ્રત લીધું હતું. દેશમાં ગુલામી માનસનું વર્ચસ્વ હતું; અંગ્રેજી રાજ્ય એટલે ભારતને મળેલું વરદાન એવી લોકમાન્યતા હતી; શસ્ત્રો રાખવાં, સંઘરવાં એ મહાન અપરાધ ગણાતો; વિદ્યા મેળવી સારી સરકારી નોકરી મેળવવી એ જીવનનું ધ્યેય ગણાતું; એવે વખતે સાવરકરે નિશ્ચય કર્યો; દેશને જીવન સમર્પણ કરવું. એમને મન એક જ આશા, એક જ ઝંખના, એક જ ધર્મ હતો—સ્વતંત્રતા.

એમના બાલપણનો સમય એટલે ઓગણીસમા સૈકાનાં છેલ્લાં વર્ષો. સાવરકરનો જન્મ થયો ૨૮મી મે ૧૮૮૩ને દિને. લોકજાગૃતિ બહુ દૂર હતી. ૧૮૫૭નાં સ્મરણો તાજાં હતાં, સ્વાતંત્ર્ય મેળવવાનો રસ્તો એક જ હતો. બહાદુરશાહે ગાયું હતું—૧૮૫૭માં

જબ તક રહેગી હિંદીઓમેં બૂ ઈન્સાનિયત કી,
તબ તક ખદન તકતક ચલેગી તેજ હિંદુસ્તાન કી.

ભૂતકાળથી માંડી ઓગણીસમા શતકની આખર સુધી સ્વાતંત્ર્ય મેળવવાની એક જ રીત લોકો સમજ્યા હતા: શસ્ત્રો અને સંહાર. રામે રાવણનો ને કૃષ્ણે કંસનો નાશ શસ્ત્રોથી કર્યો તેમ જ આપણા દુશ્મનોનો સંહાર શસ્ત્રો વડે કરવો જોઈએ એવી વિચારસરણી દેશમાં આવવા લાગી હતી; અને એ વિચારસરણીના પહેલા ઉદ્ગાતા સાવરકર હતા.

આજના વાચકના મનમાં કદાચ સંદેહ ઊભો થશે: સાવરકર સશસ્ત્ર એટલે હિંસક ક્રાંતિમાં માનતા એ સ્પષ્ટ છે. આપણે અહિંસક ક્રાંતિ કરી છે. તો સાવરકરને યાદ કરી શકાય ખરા? એ આપણું પૂજ્યસ્થાન ગણી શકાય ખરા? લોકશાહીને વરેલા સ્વતંત્ર ભારતના રાજકારણમાં એમને સ્થાન મળ્યું ન હતું. આજે એમને યાદ કરવામાં ઔચિત્ય છે ખરું?

આના જવાબ આપી શકાય. પણ એ સંતોષ નહિ થાય. કમનસીબી એ છે કે આપણે વ્યક્તિઓને ઓળખ્યા વિના 'લેબલો' લગાડીએ છીએ; અને માણસને એક વાર કોઈ લેબલ લાગી જાય પછી એને એના સત્ય સ્વરૂપમાં ઓળખવાનો પ્રયત્ન કરવા કોઈ તૈયાર થતું નથી.

સાવરકરને આની ખેવના ન હતી. એ ઇતિહાસના ગાઢ અભ્યાસી હતા. ઇતિહાસનું પહેલું પાનું ભુલાઈ ગયું છે, લોકો પહેલા પછીનાં પૃષ્ઠો વાંચે છે એમ તેઓ કહેતા. 'ભલભલા મહાપુરુષો ભુલાઈ ગયા છે; મને તું યાદ કરે કે ભૂલી જાય એનો મને લેશ રંજ નથી. મેં મારી ફરજ અદા કરી છે એ વાતનો મને સંતોષ છે. અને મેં જે લખ્યું છે એ બધું ઐતિહાસિક ભાવના વ્યક્ત કરવા લખ્યું છે. એક કાળે હું હિંસામાં માનતો; હવે કાળ બદલાઈ ગયો છે અને તેની સાથે મારા વિચારો પણ.' એમ સાવરકરે ઘણીવાર લખ્યું ને કહ્યું છે તે મનમાં રાખી એમનું ચરિત્ર જોઈએ તો એમની મહત્તાનો આછો ખ્યાલ આવી શકે.

લોકો રાજકારણમાં શા માટે પ્રવેશ કરે છે એની ચોક્કસ કારણમીમાંસા કોઈએ કરી નથી. આપણા દેશ પૂરતી વાત કરીએ તો કહી શકીએ કે લોકો આપણને નેતા તરીકે સ્વીકારે તો આપણને આનંદ થાય; આપણે લોકમત મેળવી ધારાસભામાં જઈ શકીએ, મંત્રી બની શકીએ અને સુખવૈભવમાં જીવન વીતાવી શકીએ! 'સ્વતંત્ર દેશમાં આ શક્ય હોય ખરું. પણ પરતંત્ર દેશમાં? યાદ રાખવાનું છે કે સાવરકરે રાજકારણમાં પ્રવેશ કરવાનો નિશ્ચય કર્યો ત્યારે દેશભક્તો કે રાજકારણી પુરુષો સામે ત્રણ જ પ્રલોભનો હતાં: જેલ, કાળાપાણી કે ફાંસી. ક્રાંતિકારકોનું સન્માન કરવા જેટલી હિંમત પણ સમાજમાં હતી નહિ. સશસ્ત્ર ક્રાંતિને રાહે જવું એટલે—સાવરકરના શબ્દોમાં જ સાંભળીએ.

૧૯૧૦ના માર્ચમાં સાવરકરની ઇંગ્લૅંડમાં ધરપકડ થઈ. ત્યારે જે ભાભીએ એમનું નાનપણથી—એટલે સાવરકરની આઠ વર્ષની વયે એમની માતાનું કૉલેરાથી મરણ થયું ત્યારથી-પાલન કર્યું હતું એને ઉદ્દેશી બ્રિક્સ્ટન જેલમાંથી લખેલી 'મારું વસિયતનામું' કવિતામાં સાવરકર લખે છે:

'હે માતૃભૂમિ! તને હૃદય અર્પણ કરી દીધું'. વક્તૃત્વ અને વાક્વિભવ પણ તને જ આપ્યાં. મારી રસમય કવિતા તને અર્પણ કરી. અને તું જ મારા લેખનનો અનન્ય વિષય બની.

'તારા સ્થંડિલ પર પ્રિય મિત્રોને ધકેલી દીધા. મારા યૌવન-દેહભોગોનું તારા સ્થંડિલ પર મારે હાથે દહન કર્યું. હું સમજ્યો કે તારું કાર્ય નૈતિક છે, દેવોને સંમત છે. તારી સેવા પ્રભુ રામની સેવા જેવી લાગી.'

'તારા સ્થંડિલ પર ગૃહ, ધન મિલકત-બધું જ હોમી દીધું. ભાભી, નવા જન્મેલા પુત્ર ને પત્નીને દાવાનળમાં હોમી દીધાં. અને હોમ્યા અતુલ-ધૈર્ય એવા મોટા ભાઈને. તારા સ્થંડિલ પર નાનો પ્રિય ભાઈ હોમાઈ ગયો. હવે મારો દેહ તારા સ્થંડિલ પર પડે છે. પણ એમાં શું? અમે સાત ભાઈ હોત તોયે તારા સ્થંડિલ પર એમનું બલિદાન દીધું હોત.'

'ભારતભૂમિનાં ત્રીસ કરોડ સંતાન છે. જે માતૃભૂમિના પ્રેમ ખાતર મરે છે તેઓ ધન્ય કહેવાય છે. એમાં આપણું કુળ પણ એમાં રહેલા ઈશ્વરીશથી, નિર્વંશ થાય તો ય અખંડવંશ ગણાશે.'

'તેમ થાય કે ન થાય; હે માતૃભૂમિ, અમારો હેતુ પૂર્ણ થયો છે. તારી મુક્તિ ખાતર અમે અગ્નિપ્રવેશ કર્યો. અમારો સ્વાર્થ બળી ગયો અને અમે કૃતાર્થ થયા છીએ. અમે આ વ્રત સ્વીકાર્યું છે-પૂરો વિચાર કરીને; અંધતાથી નહિ. અમે અભ્યાસ કર્યો છે—ઇતિહાસ અને કુદરતનો, અને અમારી બુદ્ધિનો તાગ મેળવ્યા પછી જ આ દિવ્ય અને દાહક એવું સતીનું વ્રત અમે હાથમાં લીધું છે.'

રત્નાગિરિ જિલ્લામાં સાવરવાડી નામનું ગામડું છે. સાવરકરના પૂર્વજો ત્યાં રહેતા. ત્યાંથી એક પૂર્વજ પૂના તરફ આવ્યા. નાસિક જિલ્લામાં એમને પેશવા તરફથી જમીન ઈનામ મળેલી. એટલે કુટુંબ પૈસાદાર ગણાતું. સાથેસાથે શિક્ષિત અને સંસ્કારી પણ ખરું. વિનાયકરાવ, ઉપર લખ્યું છે તેમ (જન્મ ૨૮મી મે ૧૮૮૩) આઠ વર્ષના હતા ત્યારે એમનાં માતાનું અવસાન થયું. લોકરિવાજ પ્રમાણે એમના પિતાએ બીજી વાર લગ્ન કર્યાં હોત તો કોઈને નવાઈ લાગત નહિ. સાવકી મા પુત્રો તરફ બરોબર ધ્યાન નહિ આપે એવા ખયાલથી તેમણે વિધુરાવસ્થા પસંદ કરી. ત્રણે પુત્રોને તેઓ પોતાને હાથે નવડાવતા, એમને કપડાં પહેરાવતા, હાથે રાંધતા, છોકરાઓને જમાડતા, રાતના સુવાડતા. માતા

જેટલા વહાલથી કરે તેટલા જ વહાલથી એ બધાં કામ કરતા. ઘરમાં પુસ્તકો હતાં તે છોકરાઓને વાંચી સંભળાવતા. કવિતાઓ ગોખાવતા.

આમ નાનપણથી વિનાયકરાવને પિતા પાસેથી પ્રેમ અને સંસ્કાર મળ્યા. શરૂથી જ એમને પુરાણો અને ઇતિહાસ વાંચવામાં રસ પડતો. ઘરમાં કુલસ્વામિની દેવી દુર્ગાની અષ્ટભુજા મૂર્તિ હતી. એની પૂજા કરવા બેસતા ત્યારે એમને સમયનું ભાન રહેતું નહિ અને या देवी शक्तिरूपेण सर्वभूतेषु संस्थिता, नमस्तस्यै, नमस्तस्यै, नमस्तस्यै नमोनमः જેવા શ્લોક સાંભળી તેઓ જાણે મંત્રમુગ્ધ જેવા થઈ જતા. આગળ જતાં એમણે શક્તિપૂજા કરી તેનાં મૂળ અહીં દેખાય છે. એમને ધર્મમાં વિશ્વાસ હતો અને ઝનૂન પણ હતું. બાળપણથી જ એમના મિત્રોએ એમને નેતા તરીકે સ્વીકારી લીધા હતા. ઇતિહાસમાંથી ભારતના મુસલમાન રાજાઓની કારકિર્દીનાં વર્ણનો વાંચી ગુસ્સો અનુભવતા અને શિવાજી મહારાજનાં પરાક્રમોથી પ્રભાવિત થતા. મિત્રો સાથે કસરત કરતા-કરાવતા ને રમતો રમતા. હિંદુ-મુસ્લિમ રાજાઓનાં ઐતિહાસિક યુદ્ધો એ રમતોમાં ફરી લડાતાં. બારેક વર્ષના હતા ત્યારથી જ કવિતા લખવાનું શરૂ કરેલું. વક્તૃત્વકળા તો જાણે જન્મથી જ એમને વરેલી હતી. જાહેરમાં ભાષણો કરવાની શરૂઆત એમણે નિશાળમાં હતા ત્યારે જ કરેલી.

બારેક વર્ષની વય જ એમની રાજકીય મહત્ત્વાકાંક્ષા સશસ્ત્ર ક્રાંતિને માર્ગે વળવા માંડી અને એનું પરિણામ એમની રમતોમાં દેખાવા માંડયું. અંગ્રેજોએ કે મુસલમાનોએ કેવા રાજકીય અત્યાચાર આ દેશમાં કર્યા છે તે સમજવાની શક્તિ પ્રગલ્ભ થઈ તે પહેલાં જ એમના મનમાં શત્રુઓ વિષે તિરસ્કાર જાગ્યો અને એનું દૃશ્ય પરિણામ આ રીતે દેખાતું; નિશાળમાંથી છૂટતા કે હાથમાં સોટીઓ લઈ મિત્રોની સેના બહાર નીકળતી. સોટીઓ તલવારની જેમ ફેરવતી ટોળી શત્રુની શોધ કરતી. પાસે જ વનમાં પીળાં ફૂલવાળું એક કાંટાળું ઝાડ હતું જે 'વિલાયતી' નામથી ઓળખાતું, અને એ નામથી જ એ સાવરકર અને એમના મિત્રોનું દુશ્મન થયું ગણાતું! અને સબાસબ ચાલતી સોટીઓથી એનાં ફૂલ-પાંદડાં કપાતાં ત્યારે રાષ્ટ્રીય વેરની વસૂલાત કર્યાનો આનંદ સૌ અનુભવતા! રમતોનાં અન્ય સાધનોમાં ધનુષબાણ અને બંદૂક-તલવાર રહેતાં. તેર-ચૌદ વર્ષની ઉમરે સાવરકરની દેવીભક્તિ એકદમ વધી ગઈ. દેવીના ભક્તોનાં ચરિત્રો કાવ્યમાં લખવાનું એમણે નક્કી કર્યું. ભક્તોની એ માળા છેક રાણા પ્રતાપ ને શિવાજી પર્યંત આવવાની હતી. ખુદ દેવી એમને પ્રેરણા આપે છે એવો તેમનો વિશ્વાસ હતો. જોકે વખત જતાં દેવ-ધર્મ પ્રત્યેની એમની શ્રદ્ધા નષ્ટ થઈને તેઓ માત્ર બુદ્ધિગમ્ય એવી શાસ્ત્રીય વિચારપદ્ધતિમાં માનતા થયા.

ગામડામાં અંગ્રેજી નિશાળ હતી નહિ. પણ અંગ્રેજી શીખવાની ઉત્કટ ઇચ્છા ત્રણે ભાઈઓને હતી. નાસિક શહેર નજીકમાં જ હતું. ભાઇઓ ત્યાં ભણવા આવ્યા. વીશીમાં જમવાનું અને અભ્યાસ કરવાનો, અને સ્વાતંત્ર્ય મેળવવા માટે તૈયારીઓ પણ કરવાની! એક તેજસ્વી વક્તા અને કવિ – ઉમર વર્ષ બાર! – તરીકે નાસિકમાં તેઓ થોડા જ સમયમાં જાણીતા થયા અને સમવયસ્ક મિત્રોમાં નેતા તરીકે સ્વીકારાયા.

અને એ અરસામાં દેશ પર એક ભયંકર આફત આવી. ઘણે ઠેકાણે મોટા પાયા પર મરકી ફાટી નીકળી. એકાદ ઘરમાં મરેલો ઉંદર પડેલો દેખાય; થોડા સમય પછી ઘરનું કોઇ માણસ મરકીમાં પકડાય; એકાદ દિવસમાં એનું અવસાન થાય; અને એના શબનું દહન કરી લોકો પાછા આવે ત્યાં તેમાંનો કોઈ માંદો થાય—અને પાછી એની એ રામાયણ! સાવરકરના પિતા, બનેવી, મોટા ભાઇ, બધા મરકીમાં સપડાયા. ભાઈ બચી ગયા. આખરે એવો વખત આવ્યો કે શબને સ્મશાને લઈ જવા પૂરતા ચાર માણસ પણ ન મળે! બધા જ નાસી ગયા. મરકી દૂર કરવાનાં પગલાં લેવાની ફરજ સરકારની હતી. મુખ્ય ઉપાય એક જ હતો–મરકીના દર્દીને દૂર જ્યાં બીજાઓને ચેપ ન લાગે એવે ઠેકાણે લઇ જવાનો. લોકોના મનમાં બીક એટલી પેઠી હતી કે તેઓ મરકીથી પીડાતા માણસની જાણ કોઇને કરતા નહિ. કરે તો રામ જાણે દર્દીને ક્યાં લઈ જવામાં આવશે અને એના શા યે હાલ થશે! દર્દીને ઘરમાં જ ક્યાંક છુપાવવામાં આવતો.

મરકી કાબૂમાં આવે એવો કોઇ સંભવ દેખાતો ન હતો. છતાં કોઈ પણ રીતે મરકીને અટકાવવી તો હતી. સરકારની સૂચનાઓ કે વિનંતીઓ લોકોને ગળે ઊતરતી ન હતી. પછી આવી ધમકીઓ. પણ લોકો પર કોઇ અસર થઈ નહિ. સરકાર થાકી ગઈ, ને પૂના શહેરને રોગમાંથી મુક્ત કરવાનું કામ એણે લશ્કરી અમલદારોને સોંપ્યું. એ કામ લોકહિત ખાતર કોઈ જાતની દયામાયા વગર તરત જ પૂરું કરવાનું હતું. ગોરા અધિકારીઓ દરેક ઘરમાં જતા, મરકીથી પીડાતું કોઇ ત્યાં છે કે નહિ તે જોવા લોકો કોઈ જાતનો સહકાર આપતા નહિ. ઘરના અંદરના કોઈ ખૂણામાં –જ્યાં અધિકારીએ જવું ન જોઇએ ત્યાં–દર્દીને સંતાડી દેતા. સીધો જવાબ ન મળતાં અકળાએલો ગોરો અધિકારી ઘરમાં ઘૂસતો–ઉઘાડે પગે નહિ, પણ પહેરેલા બૂટ સાથે—અને બધે ફરી વળી શોધતો ક્યાંય દર્દી છે ખરો? બ્રાહ્મણના ઘરમાં જ્યાં સ્પર્શાસ્પર્શ વિષેના સનાતન ખયાલથી જીવન ચાલતું હોય ત્યાં ગોરો રસોડામાં ઘૂસે, દેવમૂર્તિઓ મૂકી હોય ત્યાં જાય, ગમે તે વસ્તુને અડે અથવા વસ્તુઓ ફેંદે અને એ બધું આપણે અસહાય બની જોઈ લેવાનું? લોકોમાં રોષ વધતો ગયો.

સરકાર સમક્ષ બીજો વિકલ્પ હતો નહિ એમ સમજવાની શક્તિ કોઈમાં રહી ન હતી. માત્ર અંગ્રેજોના આ અત્યાચાર સહન કરવા ન જોઇએ એવો લોકમત કેળવાતો ગયો. 'કેસરી'ના તંત્રી લોકમાન્ય ટિળકે પોતાના પત્રમાં ગુસ્સાભર્યો અગ્રલેખ લખ્યો: 'શું સરકારનું ખસી ગયું છે?' લેખમાં લોકલાગણીની ઉગ્રતા વ્યક્ત થઈ હતી. સરકારને પાઠ શીખવાડવાનો વખત આવ્યો હતો. પણ એનો માર્ગ કોઇને સૂઝ્યો ન હતો. કોઈએ શોધવાની કોશિશ પણ કરી ન હતી એટલે માણસ ગુસ્સાથી આંધળો થઈ જેવું કરી બેસે છે તેવું જ અહીં થવાનું હતું. રાણી વિક્ટોરિયાની કારકિર્દીનો હીરક મહોત્સવ ત્યારે–૧૮૯૮માં ઉજવાતો હતો. રાણીના ભક્તો ઘણે ઠેકાણે તેના સમારંભો રાખતા હતા. અંગ્રેજ અધિકારીઓ મિજબાનીઓ ઉડાવતા હતા. એવી એક મિજબાની માણી, બે ગોરા અધિકારીઓ એક રાતના રહેઠાણ તરફ જઇ રહ્યા હતા ત્યાં બે ભાઇઓએ એમને મારી નાખ્યા! એ ભાઈઓની અટક હતી. ચાફેકર, જ્ઞાતિ કોંકણસ્થ બ્રાહ્મણ. રામે રાવણનો વધ કર્યો, કૃષ્ણે કંસનો વધ કર્યો એ જ રીતે આપણે આપણા દુશ્મનોનો વધ કરવો જોઇએ, આપણી એ પવિત્ર ફરજ છે, એવું આ લોકો માનતા. 'ખૂન' શબ્દ એમના કોશમાં ન હતો.

ખૂનીઓનો પત્તો મેળવી આપનારને ઈનામ આપવાની સરકારે જાહેરાત કરી. ચાફેકર ભાઈઓ પકડાયા. એમને દગો દેવાનો શક જે માણસો વિષે આવ્યો એમને પણ મારી નાખવામાં આવ્યા; અને મૂંઝવણમાં પડેલી સરકારના અત્યાચારો વધ્યા. કોંકણસ્થ બ્રાહ્મણ હોવું એ રાજદ્રોહ વિષે શંકા આવવાનું પહેલું લક્ષણ ગણાયું. બ્રાહ્મણો પહેરે છે એ રીતે ધોતિયું પહેરવું એ બીજું, અને અખાડામાં જઈ શરીર કસાવવું એ ત્રીજું. સરકારને જ્યાંત્યાં રાજદ્રોહીઓ દેખાવા માંડયા અને એમને ડામી દેવાની કાર્યવાહીઓ શરૂ થઈ. ટિળકની ધરપકડ થઈ. બીજાં વર્તમાનપત્રોના તંત્રીઓને જેલભેગા કરવામાં આવ્યા અને બ્રાહ્મણદ્વેષનો પવન વિલાયત સુધી પહોંચી ગયો. ચાફેકર ભાઇઓને સશસ્ત્ર ક્રાંતિ જોઈતી હતી. એની પૂર્વતૈયારી તરીકે તેમણે મુંબઈમાં વિક્ટોરિયારાણીના બાવલાને ડામર ચોપડયો હતો અને બાવલાના ગળામાં ખાસડાંની માળા પહેરાવી હતી! આખરે એમને ફાંસીની સજા થઈ. આ આઘાતમાંથી દેશ ઊભો થાય ત્યાં દસ હજાર રૂપિયાના ઈનામ ખાતર જે દ્રવિડ ભાઈઓએ ચાફેકર ભાઈઓને દગો દીધેલો એમનાં ખૂન ચાફેકરોના નાના ભાઈએ અને એના મિત્ર રાનડેએ પૂનામાં કર્યાં. આખો દેશ ધ્રૂજી ઊઠ્યો.



મિત્રમેળાના નાયક સાવરકર

અને ત્રણ ચાફેકર ભાઈઓ તથા રાનડે ફાંસીને માંચડે ચડયા, તે દિવસથી જ, જે મરકીનિવારક નિયમોનો વિરોધ કરવા આ જુવાનોએ ભીષણ કર્મ કરેલું તે નિયમો પણ દૂર કરવામાં આવ્યા! પૂનામાંથી લશ્કર ઉઠાવી લેવામાં આવ્યું. પહેલાંથી જ આમ કરવામાં આવ્યું હોત તો? પણ ઇતિહાસમાં આવા સવાલ પૂછી શકાય ખરા?

ચાફેકર-રાનડેના મુકદ્દમાનાં, ફાંસીનાં વર્ણનો વાંચતાં સાવરકરની આંખોમાંથી અશ્રુઓની ધારા ચાલતી. સાધારણ લોકો એમને ખૂની, દેશનો ઘાત કરનારા, જ્ઞાતિને કલંક લગાડનારા એવા શબ્દોથી—પછી ભલે દેખાવ ખાતર—નવાજતા. સાવરકર એ વખતની પોતાની મનઃસ્થિતિ વિષે લખે છે: 'પણ હું ખિન્ન અને સંતપ્ત થતો. હું એમનું ખુલ્લી રીતે સમર્થન કરતો અને એમને 'વીર વર' (martyr) તરીકે ઓળખાવતો. કારણ કે આપણે ત્યાં બીજો સાર્થ શબ્દ ન હતો. એટલે મૅઝિનીમાંથી national martyr માટે મેં 'દેશ વીર' શબ્દ પ્રચારમાં મૂક્યો. કોઈ વાર હું 'શહીદ' શબ્દનો ઉપયોગ કરતો. અંદામાનમાં મને 'હુતાત્મા' શબ્દ સૂઝ્યો. (મરાઠીમાં આજે એ રૂઢ થઈ ગયો છે). હું કહેતો: એ ભાઈઓ ફરેલાં માથાંના, તો તમે તદ્દન મુર્દાલ-મુર્દાલથી કોઇ ડરે નહિ. માથાં ફરેલાં હોય એવા લોકથી જ દુશ્મન ડરે. આયર્લૅંડ કે રશિયામાં કોઈ શહીદ થાય તો તમે એનાં વખાણ કરો અને અહીં? એવાઓને ખૂની કે ગાંડા એમ કહો! કેમ? પીનલ કોડની બીકને લીધે? જો આપણા ડાહ્યા, વિદ્વાન નેતાઓ જ આવાં વીર કૃત્યોને નહિ વખાણે તો આપણી શત્રુંજય વૃત્તિ ઠંડી નહિ પડી જાય? આ છેલ્લા વિચારે મને અસ્વસ્થ કરી મૂક્યો. ચાફેકરબંધુઓની પ્રાણજ્યોતિ જતાં જતાં જે શત્રુંજય વૃત્તિ પેટાવતી ગઈ એમાં-એના યજ્ઞકુંડમાં સમિધ નાખી એને કાયમને માટે પ્રજ્વલિત રાખવાની જવાબદારી મારા પૂરતી મારે માથે શા માટે નહિ? ચાફેકરનું કાર્ય કોઈએ આગળ ચલાવવું જોઈએ. મારે શા માટે ન ચલાવવું? મારે શા માટે જાતને હોમી ન દેવી?'

'ચાફેકર અને રાનડે ફાંસીને માંચડે ચડયા એ નાટકનો છેલ્લો પ્રવેશ મેં છાપામાં વાંચ્યો. ત્યારથી ઉપરના વિચારો મારા મનમાં આવતા. શું કરવું તે સમજાતું ન હતું. આખરે મારા બાળપણમાં જે મારો છેલ્લો આધાર હતી, આફતના સમયમાં જે મારું સાંત્વન કરતી, જેને હું મારાં સુખદુઃખો કહેતો, ને સહાસ્ય એ સાંભળે ત્યારે મારું હૃદય હળવું થતું તે મારી મા પાસે, એ અષ્ટભુજા દેવીના સાન્નિધ્યમાં હું ગયો. ભક્તિભાવથી એની પૂજા કરી; અને સ્વદેશની દુઃસ્થિતિથી દુઃખ અનુભવતા મેં ગદ્ગદિત અંતઃકરણથી એનું ધ્યાન આરંભ્યું. અંતે એનાં પવિત્ર ચરણો પર મારો હાથ મૂકી અને તેને સાક્ષી રાખી—અને મને તે વખતે લાગ્યું કે તેની અનુમતિ લઈ—મેં પ્રતિજ્ઞા કરી કે મારા દેશના સ્વાતંત્ર્ય માટે હું સશસ્ત્ર યુદ્ધમાં શત્રુને મારતો મરીશ, અથવા શિવાજીની જેમ વિજયી થઈ માતૃભૂમિને મસ્તકે સ્વરાજ્યનો રાજ્યાભિષેક કરાવીશ.'

'મારી ઉંમરના પંદરમા વર્ષે મેં જે પ્રતિજ્ઞા લીધી, એ નાની તણખા જેવી પ્રતિજ્ઞાની ભવિષ્યમાં કેવી મહાન જ્વાળા પ્રગટવાની છે એનો મને ક્યાં ખ્યાલ હતો? કેટલા રક્તપાત, ઘાતપ્રત્યાઘાત, વધ, ફાંસી, વનવાસ, યશ અને અપયશ, પ્રકાશ અને અંધકાર, દૌરાત્મ્ય, હૌતાત્મ્ય, આગ અને ધુમાડાના શોલા—એક ભયંકર તોફાન વીજળીના એ ઝબકારામાં સમાએલું હતું! વર્ષ હતું ૧૮૯૮. એના વ્યાપક ભવિષ્યની એ વખતે કોને કલ્પના હોય? તો પણ મારા જીવનક્રમમાં પરિવર્તન લાવતી, ભલે મારા પૂરતી, એક મહનીય વસ્તુ મેં કરી છે એવા દૃઢ સંસ્કાર તે દિવસે મારા મન પર જે થયા તે કોઈ દિવસ ભુલાયા નથી.'

ભારતમાં સશસ્ત્ર ક્રાંતિ કરાવવાની પ્રતિજ્ઞા આમ લીધી ખરી, પણ તેમ કરાવવા લોકોને સહકાર મેળવવાની જરૂર હતી. એકાદ વ્યક્તિને હાથે કંઇ થઈ શકવાનું ન હતું. પ્રકટ રીતે કામ કરી શકાય એવી પરિસ્થિતિ પણ ન હતી. ક્રાંતિનું નામ સાંભળી અંગ્રેજ સરકાર ફફડી ઊઠશે અને દમન શરૂ કરશે એ સ્પષ્ટ હતું. જે કરવાનું હતું એમાં ગુપ્તતાની આવશ્યકતા હતી, જેમનો પૂરો વિશ્વાસ કરી શકાય એવા બે મિત્રોને સાવરકરે વાત કરી અને ૧૮૯૮ના નવેંબર મહિનાના છેલ્લા અઠવાડિયામાં ત્રણ જણાએ દેશખાતર શરીર હોમવાની તૈયારીના શપથ લીધા, અને પોતાની ક્રાંતિકારી સંસ્થા શરૂ કરી. સંસ્થાનું નામ રાખ્યું. 'રાષ્ટ્રભક્ત સમૂહ' અને કોઈને ખબર ન પડે અથવા શક ન જાય એ હેતુથી નામના આદ્ય અને અંત્ય અક્ષીરોનો ઉપયોગ કરવાનું નક્કી કર્યું. એટલે 'રામહરિ'ના સાંકેતિક નામથી સંસ્થાનો ઉલ્લેખ થતો. દાખલા તરીકે, આજે 'રામહરિ' મળશે, 'રામહરિ'એ આવું નક્કી કર્યું છે, વગેરે. સંસ્થા વિષે ગુપ્તતા એટલી બધી રાખવામાં આવી હતી કે ખુદ સાવરકરના મોટા ભાઈને પણ સંસ્થા વિષે કોઈ માહિતી આપવામાં આવી ન હતી. કામ ખાનગી રીતે ચાલવાનું હતું; અને સાથે સાથે, જેમાંથી મોટી સંખ્યામાં કાર્યકરો કે સ્વયંસેવકો મેળવી શકાય અને જેથી સરકાર તરફથી કોઇ પણ વિરોધ વગર કાર્ય કરી શકાય એવી જાહેર સંસ્થા ઊભી કરવાની હતી. પહેલી જાન્યુઆરી ૧૯૦૦ને દિવસે એ સંસ્થા સ્થપાઈ. 'मित्रमेळा' એવું નામ એને આપવામાં આવ્યું. ઇતિહાસ, સાહિત્ય અને રાજકારણનો અભ્યાસ, વક્તૃત્વકલાનો અભ્યાસ, નિયમિત કસરત ધાર્મિક અને રાષ્ટ્રીય ઉત્સવોની ઉજવણી દ્વારા રાષ્ટ્રજાગૃતિ, એવો આ સંસ્થાનો કાર્યક્રમ રહેતો. સંસ્થાનાં ધોરણે ગુપ્ત મંડળ નક્કી કરતું; અને સરકારને કોઈ જાતની શંકા ન આવે એ રીતે 'મિત્રમેળા'વાળા કાર્યકરો કાર્યક્રમો ગોઠવતા. આગળ જતાં આ સંસ્થા 'अभिनव भारत' તરીકે ઓળખાઈ અને એણે આરંભેલા રાષ્ટ્રવ્યાપી આંદોલનમાં મહર્ષિ અરવિંદ ઘોષ જેવા કાર્યકરોએ પોતાનો ફાળો આપ્યો.

ઈ. ૧૯૦૨માં સાવરકર શાળાન્ત-એટલે મૅટ્રિકની પરીક્ષામાં બેસવાના હતા. કૉલેજમાં જોડાવું કે નહિ, અને જોડાવું હોય તો ક્યાં, એનો વિચાર કર્યો ન હતો. પિતાનું મરકીમાં મૃત્યુ થયું ત્યાર બાદ ઘરની આર્થિક સ્થિતિ કથળી ગઈ હતી. ઘરમાં ચોરીઓ થઈ હતી; લ્હેણાં ઉઘરાવી શકાયાં ન હતાં; અને આગળ અભ્યાસ કરી શકાશે જ એવો વિશ્વાસ ન હતો. ઓગણીસ વર્ષે એટલે એ જમાનામાં લગ્નને માટે યોગ્ય એવી ઉંમર થઈ હતી. એક દિવસ સમાચાર આવ્યા કે લગ્ન નક્કી થયાં છે. એમના એક વાલી મુરબ્બી પાસે ઘરના એક સગાએ બોલ નાખ્યો હતો. કન્યા સારી હતી. કુળ પણ ઉચ્ચ હતું. કન્યાના પિતા સ્વભાવે પ્રેમાળ અને ઉદાર હતા—પૈસાદાર પણ ખરા. છોકરાને આગળ અભ્યાસ કરવો છે, પણ નિર્ધન હોવાને લીધે એ કદાચ પોતાનો વિચાર અમલમાં મૂકી શકશે નહિ એ જાણી એમણે સૂચવ્યું કે ચિંતા કરશો નહિ; બધી વ્યવસ્થા હું કરીશ. કૉલેજ-શિક્ષણ માટે સસરા તરફથી આર્થિક મદદ મળશે એ આશ્વાસનથી સાવરકર આનંદિત થયા અને તેમણે ભાવિ સસરાના સૂચનનો સ્વીકાર કર્યો. મનમાં સંદેહો તો જાગતા હતા. ક્રાંતિકારકને લગ્ન કરવાનો અધિકાર ખરો? સ્વાતંત્ર્યલક્ષ્મીને પોતાનું જીવન અર્પણ કરવાની પ્રતિજ્ઞા જેણે કરી હોય એ વિવાહના બંધનમાં શી રીતે પડી શકે? ઘણા મનોમન્થન પછી મનમાં લાગ્યું કે વિવાહબદ્ધ થવામાં કંઈ ખોટું નથી. ઈ. ૧૯૦૧ના માહ મહિનામાં સાવરકર પરણ્યા. (ચાલુ)

અંગ્રેજી સાહિત્યનું આચમન

કરાવતી ડૉ. **મધુસૂદન પારેખની** લેખમાળા

૨. વીરકાવ્યોની દિશામાં ગતિ

અંગ્રેજી ભાષાના સૌથી પ્રાચીન ઍંગ્લો-સૅક્સન સાહિત્યમાં એકમાત્ર વીરકાવ્ય તે 'બિઓવુલ્ફ'. એવાં બીજાં મહાકાવ્ય રચવાના પ્રયત્નો થએલા હશે ખરા, પણ એ વિષેની ઉપલબ્ધ સામગ્રી અતિ અલ્પ છે. એક The Fight at Finn's Borough (ફિન્સબરોની લડાઇ)ની ખંડિત હસ્તપ્રત, લગભગ પચાસ પંક્તિની, પ્રાપ્ત થઈ છે તે મહાકાવ્યનો એક અંશ હોવાનું કેટલાક વિવેચકો માને છે. 'બિઓવુલ્ફ'ના કેટલાક સંપાદકોએ આ ખંડિત પ્રતને એ જ પુસ્તકમાં પરિશિષ્ટ રૂપે સમાવી લીધી છે, કેમ કે એમાં રજૂ થએલી ઘટનાનો તાર 'બિઓવુલ્ફ'માં વર્ણવાએલી એક યુદ્ધઘટના સાથે સંધાએલો છે. બિઓવુલ્ફ ગ્રેન્ડલને મારીને તેનો કાપી નાખેલો હાથ લઇને હ્રાઇગરના નગરમાં પ્રવેશ કરે છે ત્યારે એ રાજા તરફથી બિઓવુલ્ફના માનમાં ભવ્ય સમારંભ યોજવામાં આવે છે. એ સમયે પરાક્રમોની કથાઓનો મુશાયરો ચાલે છે, એમાં કોઈ રાજકવિ ફિન સાથેના એક યુદ્ધની રોમાંચક અને રસપ્રદ કથા વર્ણવે છે, તે જ આ હસ્તપ્રતમાં મુખ્ય વિષય છે: ફિનના કિલ્લામાં સૈનિકો નિદ્રામાં છે. દુશ્મનો તેમના પર હુમલો કરે છે. રાજકુમાર (એનું નામ કદાચ હેન્ગેસ્ટ–Hengest) કિલ્લાની રક્ષા માટે સૈનિકોને પોરસ ચડે તેવું ભાષણ આપે છે. સૈનિકો ઉત્સાહિત બની શત્રુઓનો પ્રતિકાર કરવા ધસી જાય છે. પાંચ દિવસના સંગ્રામમાં ઘણા શત્રુઓનો સંહાર થાય છે. તેમનો એક સેનાપતિ પણ માર્યો જાય છે. શત્રુઓનો સંપૂર્ણ પરાજય થયા પછી રાજકુમાર પાસે એક ઘાયલ સૈનિક કશાક સમાચાર લઇને આવે છે. ત્યાં જ...હસ્તપ્રત તૂટે છે! આ હસ્તપ્રતમાં પ્રાપ્ત કથાંશથી યે વિશેષ વિગતે તે કથા 'બિઓવુલ્ફ'માં રાજકવિના મુખે થતા વર્ણનમાં મળે છે. ગમે તેમ પણ અધૂરા રહી ગએલા મહાકાવ્યનો એક ખંડ આ હસ્તપ્રતમાં પ્રાપ્ત થાય છે.

વીરકાવ્યની દિશામાં ગતિ સૂચવનારી એક બીજી હસ્તપ્રત 'વાલ્ધેર' (Waldhere) નામની છે. તેના બે ખંડ મળ્યા છે. આ કાવ્યમાં વાલ્ધેરના રાજા જુથેરની (Juthere) સરદારી નીચે બર્ગન્ડીઅન સૈનિકો સામેના યુદ્ધની રોમાંચક કથા છે. આ કથાનાં મૂળ દસમા સૈકામાં રચાએલા એક લૅટિન કાવ્ય વાલ્ધેરિયસ (Waldharius)માં વિવેચકોએ શોધ્યાં છે. પણ કાવ્યનાયક વાલ્ધેર, બિઓવુલ્ફની કક્ષાનો નથી.

ઍંગ્લો-સૅક્સન પ્રજાને પોતાના પ્રાચીન વીર પૂર્વજોનું પરાક્રમગાન રસપ્રદ અને પ્રેરક નીવડતું. એ પ્રજાનો યુદ્ધ-ઉન્માદ, એની જવાંમર્દી, સમરભૂમિ પરનાં પરાક્રમોનો આવેગ, સાથીઓની નાયક પરત્વે અદ્‌ભુત નિષ્ઠા, યુદ્ધમાં ખેલદિલી, આ બધાંનું સુભગ દર્શન યુદ્ધ વિષેનાં 'કાવ્યોમાં થાય છે. એમની પ્રાથમિક વૃત્તિઓ, અને એમના નૈસર્ગિક મિજાજનું આકર્ષક ચિત્ર પણ તેમાં સાંપડે છે. 'બિઓવુલ્ફ' સિવાયનાં યુદ્ધ વિષેનાં બીજાં કેટલાંક પ્રમાણમાં નાનાં કાવ્યો પૈકી ઈ. ૯૩૭ના 'ઍંગ્લોસૅક્સન ક્રૉનિકલ'માં બે પ્રેરક અને કશીક નવીનતા દાખવનારાં કાવ્યો આપેલાં છે: એક છે 'બ્રુનાનબરોની લડાઇ' (The Battle of Brunanburh) અને બીજું 'માલ્ડનની લડાઇ' (The Battle of Maldon). પહેલા કાવ્યમાં વિજયી સેનાનું પ્રશસ્તિગાન છે, બીજામાં પરાજિત પણ પરાક્રમી યોદ્ધાઓનાં શૌર્યની બિરદાવલી છે. ઍંગ્લોસૅક્સન યુગના અંત ભાગમાં રચાએલાં કદાચ આ બે છેલ્લાં યુદ્ધકાવ્યો છે. તેમાં વિશેષતા એ છે કે કોઈ વીર નાયકના વ્યક્તિત્વ પર અંગત પ્રશંસાનો કળશ ઢોળવામાં આવ્યો નથી. 'બિઓવુલ્ફ'માં નાયક વિષે જે અહોભાવ, વ્યક્તિપૂજાનો ભાવ હતો તેને સ્થાને અહીં રાષ્ટ્રભક્તિ, સ્વદેશભાવ પર ઝોક દેખાય છે. આમ, હવે વ્યક્તિપૂજાને સ્થાને રાષ્ટ્રભાવના પ્રવેશ પામે છે.

તોંતેર પંક્તિના 'બ્રુનાનબરોની લડાઇ' કાવ્યમાં વેસક્સ અને મેરિકા (Merica)ના રાજા આથ્લેસ્ટન (Athlestan) અને તેના ભાઈ એડવર્ડની સરદારી હેઠળ સ્કૉટના રાજા કૉન્સ્ટન્ટાઈન સામેના યુદ્ધમાં, કવિએ પરાજિત રાજવી અને તેની સેના પર તીવ્ર કટાક્ષો કરતાં અંગ્રેજ સેનાની પ્રશસ્તિ ગાઈ છે. કોઈ પણ પ્રકારની ક્લિષ્ટતા કે સંદિગ્ધતા વિનાનું આ કાવ્ય તેના લય અને શબ્દોની ગતિને કારણે ઍંગ્લોસૅક્સનોમાં વિજેતા સૈન્ય માટે પ્રેરક ગીત બન્યું હશે એવી વિવેચકોની કલ્પના છે. વીણા-(harp) વાદ્ય સાથે આ પ્રકારનાં ગીત ગવાતાં હશે એવી સંભાવના તેમણે કલ્પી છે. કાવ્યની એક નોંધપાત્ર હકીકત એ છે કે યુદ્ધની વિગતો વર્ણવવામાં કવિનો રસ નથી. એના રસનું લક્ષ્ય વિજેતા સૈનિકો અને પરાજિત રાજા છે. સેનાથી ત્યજાએલા, પુત્રને રણભૂમિ પર મેલીને પલાયન થઈ જતા કાયર કૉન્સ્ટન્ટાઇનને કવિએ કટાક્ષનું નિશાન બનાવ્યો છે. પરાજિત સેનાએ સમરાંગણમાં છાંડેલી સૈનિકોની લાશ પર સમળી, ગીધ, બાજ, ગરુડ જેવાં પંખીઓ અને વરુ તથા બીજાં વનચરો કેવાં તૂટી પડયાં તેનું સ્વભાવોક્તિભર્યું ચિત્ર કવિ આલેખે છે:

Behind them they let the corpses share
The dark–feathered fowl, the raven black,
The crooked-beaked, and the ashy-feathered
White-tailed eagle enjoy the prey,
The greedy war-hawk and the grey-clad beast,
The wolf in the wood. (અંગ્રેજી ભાષાંતર ગાર્નેટ)

આ પંક્તિઓ આપણા ગુજરાતી નાટક 'કાન્તા'માં શ્રી મણિલાલે રણભૂમિ પર રઝળતી લાશોના આલેખેલા ચિત્રનું સ્મરણ કરાવે છે—

ચક્રે ઊડે સમળી, કકળે કાગડા શ્યામ પૂઠે
ઝાલી પંજે, મુખથી કરડે ખોપરી ખોતરીને.

'બ્રુનાનબરોની લડાઇ' પછી લગભગ છ દાયકે રચાએલી એવી બીજી કૃતિ 'માલ્ડનની લડાઇ'માં તો અંગ્રેજી સૈન્ય પરાજિત છે, છતાં કવિની ચમક એમાં સવિશેષ દેખાય છે. સાહિત્ય વિવેચક આલ્બર્ટ સી. બૉ (Albert C. Baugh)ના શબ્દોમાં 'Defeat, not victory, found the old poets at their best': પ્રાચીન કવિઓની કલમ પરાજયની કથામાં જ ચમકી ઊઠતી. એ કાવ્યમાં ૯૯૧માં માલ્ડન નજીક થએલી લડાઇનો ચિતાર છે. કાવ્યની પ્રત અધૂરી—આરંભ અને અંતની પંક્તિઓ વિનાની છે. તેમાં કુલ ૩૨૪½ પંક્તિઓ છે. યુદ્ધની ઘટના પછી તરત જ રચાએલા આ કાવ્યનો નાયક અંગ્રેજ સેનાપતિ બાયર્ટનૉથ (Byrhtnoth) છે. ડેઈન લોકોના આક્રમણ સમયના તેના શૌર્યની અને વીર મૃત્યુની કથા કવિએ ભાવોનાં પરિવર્તન સાધીને તેમાં વર્ણવી છે.

યુદ્ધના આરંભે અંગ્રેજ સેના ઝળકી ઊઠેલી, પરંતુ સેનાનાયક બાયર્ટનૉથે કંઇક ખેલદિલીની ભાવનાથી અને વિશેષ તો યુદ્ધ-આવેગથી ખેલવાના ઉત્સાહમાં શત્રુ સેનાને નદી ઓળંગવાની તક આપી. તક માટે ટાંપી રહેલી ડેઈન લોકોની સેનાએ આનો બરાબર લાભ ઉઠાવ્યો. અંગ્રેજ સૈન્યનું ભાગ્ય પલટાયું. સેનાપતિ બાયર્ટનૉથ અપ્રતિમ પરાક્રમ દાખવતો સમરાંગણમાં ઢળ્યો. મૃત્યુ વેળાએ પણ કવિએ તેના મુખ પર પરાક્રમ કર્યાનો સંતોષભાવ વર્ણવ્યો છે. તેની અંતિમ વાણી પણ વીર નાયકને છાજે તેવી કવિએ વર્ણવી છે. એના મૃત્યુને પરાજયનો સંકેત

ગણીને એક દ્રોહી સરદાર ગૉડરિચ (Godrich) એ મૃત સેનાનાયકના જ અશ્વ પર સવાર થઈ નાસવા માંડયો. કેટલાક કાયર સૈનિકો પણ પોતાની હાર નિશ્ચિત માની તેની સાથે જ નાસવા માંડયા. પરંતુ બાકી રહેલા સૈનિકોએ મરણિયા થઇને ભયાનક સંગ્રામ ખેલી પોતાના મૃત નાયકના દેહની પાસે જ સોડ તાણી. કાવ્યનો લગભગ ત્રીજો ખંડ કવિએ એમનાં પરાક્રમને બિરદાવવામાં રોક્યો છે. તેમાં મૃત સેનાપતિના દેહની સમીપ રહીને રક્તના છેલ્લા બિંદુ સુધી શત્રુનો મુકાબલો કરનાર એક વીર જવાનનું કવિએ પ્રેરક ચિત્ર આલેખીને નાયક અને તેના સાથીઓ વચ્ચેના ગાઢ વફાદારીભર્યા સંબંધની ઝલક પ્રગટ કરી છે. કાવ્યનો નાયક બાયટૅનૉથ છે, છતાં કવિએ તેનો વિશેષ મહિમા કે તેનું અતિ ગૌરવ કર્યું નથી. કવિને ખાસ અભિપ્રેત તો છે રાષ્ટ્રીયતા અને સાથીઓની નિષ્ઠા, અને તેમાંથી પ્રગટ થતી જવાંમર્દી. સૈનિકોને પરાક્રમોની પ્રેરણા મળે, તેમની જવાંમર્દી ઝળકી ઊઠે તેવાં નવ ભાષણો, જુદાજુદા સરદારોના મુખે, કવિએ આ કાવ્યમાં સમાવ્યાં છે.

આ કાવ્યની રચના સમયે ઍંગ્લોસૅક્સન લોકોએ ઘણી મોટી સંખ્યામાં ખ્રિસ્તી ધર્મ સ્વીકારી લીધો હતો. કાવ્યનાયક બાયટૅનૉથના અંતિમ ઉદ્ગારો આસ્તિક ખ્રિસ્તીના છે. પ્રભુની કૃપા ને આત્માની શાંતિની હૃદયસ્પર્શી ઝંખના તેમાં વ્યક્ત થાય છે. ઇતિહાસકારોએ તેને ઉમદા ખ્રિસ્તી તરીકે વર્ણવ્યો છે એ જોતાં આ ઉદ્ગારો ઔચિત્યપૂર્ણ બની રહે છે:

I thank thee, O God, Governor of peoples
For all the blessings that on earth were mine.
Now mild Master, I most have need
That thou grant to my ghost the grace of heaven,
That my soul have leave to seek thee out,
Depart in peace, pass into thy keeping,.
Prince of Angels! I pray it of thee
That the fiends of hell afflict her not.

(અંગ્રેજી અનુવાદ K. Malone)

બ્રુનાનબરોની અને આ બંને લડાઈ આમ તો પ્રશસ્તિનાં જ કાવ્યો છે, પરંતુ બંનેની પદ્ધતિમાં ભેદ છે. પહેલું કાવ્ય પ્રાચીન વીરોની પ્રશસ્તિમાં જ સ્પષ્ટપણે રાચે છે, જ્યારે આ બીજું, પ્રમાણમાં દીર્ઘ અને રાષ્ટ્રીય વીરકાવ્યની ઢબછબ વ્યક્ત કરે છે.

૭ રાજકવિ સ્કૉપ (Scop)

ઍંગ્લો-સૅક્સન પ્રજામાં સ્કૉપ તરીકે ઓળખાતા રાજકવિઓનો ઘણો મહિમા હતો. વીણાવાદનની સહાયથી પ્રજા સમક્ષ વીર પૂર્વજોની પરાક્રમગાથા ગાવી અને લોકોનું મનોરંજન કરવું એ તેમની મુખ્ય પ્રવૃત્તિ હતી. રાજદરબારમાં તેમનો દરજ્જો ઊંચો રહેતો અને મહેફિલો તેમના વિના અધૂરી મનાતી. આપણે ત્યાં દેવીપુત્ર તરીકે ઓળખાતા ચારણો રાજદરબારોમાં ઉપસ્થિત રહેતા, રાજાનાં કે તેના પૂર્વજોનાં પરાક્રમોની અને તેમની દાનવીરતાની બિરદાવલીઓ રચતા, જુદાજુદા પ્રદેશોમાં પ્રવાસ કરીને પોતાના રાજવીના યશને અમર કરતા એ સુવિદિત હકીકત છે. ઍંગ્લો-સૅક્સન સમયમાં પણ સ્કૉપ રાજકવિઓ આ પ્રકારની કામગીરી બજાવતા. યુદ્ધમાં કે મહેફિલમાં તે અનિવાર્ય મનાતા. એવા ગાયકનાં રચેલાં બે કાવ્યો નોંધપાત્ર છે. એ પૈકી વિડસીથ (Widsith), ડેવિડ ડેચીસ તથા અન્ય વિવેચકોને મતે, ઍંગ્લો-સૅક્સન કાળનું સૌથી પ્રાચીન કાવ્ય છે. વિડસીથનો અર્થ થાય છે: 'દૂરનો પ્રવાસી' (Far Traveller). કવિએ પોતે આ નામ ધારણ કર્યું છે. જર્મનીનાં અનેક રાજ્યોમાં પ્રવાસ કરીને, સંખ્યાબંધ રાજવીઓ તથા રાજકુમારોની મુલાકાતો લઇને, તેમનું પોતાની કળાથી મનોરંજન કરીને તેણે કેવા માનમરતબા અને ભેટસોગાદ મેળવ્યાં તેનો આ કાવ્યમાં હેવાલ છે. આ રાજકવિએ જેમની મુલાકાતો લીધી તેમાંના કેટલાકનો પરિચય તો 'બેઓવુલ્ફ', 'ફિન', 'વાલ્ધેર' વગેરે કૃતિઓમાં આપણને થાય છે.

'વિડસીથ'નું સ્વરૂપ આત્મકથાત્મક છે, પરંતુ કવિએ તેમાં વર્ણવેલા રાજાઓ અને રાજકુમારોના સમયગાળા વચ્ચે બસો કરતાં પણ વધુ વર્ષોનું અંતર દેખાય છે. એક જ રાજકવિએ કાળના આટલા દીર્ઘ પટ પર પથરાએલા રાજવીઓની મુલાકાત લીધી હોય એ સંભવિત નથી. મતલબ કે 'વિડસીથ' એ કોઈ સાચકલી આત્મકથા નથી. વિવેચકોએ દર્શાવ્યું છે તેમ એ કવિનું નામ કલ્પિત છે,—આત્મકથા તો નિમિત્ત છે. કૃતિનો સાચો રસ તો તેમાં પ્રાપ્ત થતી રાજકવિએ દૂત તરીકે બજાવેલી મહત્ત્વની પ્રવૃત્તિના વર્ણનમાં છે. દેશદેશાવરમાં આવા ગાયકો—રાજકવિઓ રાજદરબારોમાં જઈ પોતાના દેશનું ઉજ્જ્વળ ચિત્ર પરદેશીઓનાં ચિત્તમાં અંકિત કરતા. તદુપરાંત પરદેશી રાજવીઓ પણ, આવો કોઈ મહેમાન રાજકવિ તેમનાં ઉમદા કાર્યોને બિરદાવે નહિ ત્યાં સુધી તેમનો યશ શાશ્વત થયો મનાત નહિ. રાજકવિઓ તેમનો યશ યાવચ્ચંદ્ર દિવાકરૌ સ્થાપી આપતા. આ બિરદાવલી (Word of Thanks)ના બદલામાં તેમને પણ સારો એવો સંપત્તિયોગ થતો. 'વિડસીથ'માં રાજકવિએ વ્યક્ત કરેલું ચિત્ર એમના કર્તવ્ય પર સારો પ્રકાશ ફેંકે છે:

As gleemen go, guided by fortune
As they pass from place to place among men
Their wants they tell, speak the word of thanks.

(અંગ્રેજી અનુવાદ K. Malone)

ગાયક અથવા રાજકવિની મહત્ત્વની પ્રવૃત્તિના આવા નિર્દેશ ઉપરાંત એ કૃતિમાં વિવિધ રાજવીઓ તથા રાજકુમારોની રજૂ થએલી રસપ્રદ નામાવલી, જર્મનીમાં વસતી વિવિધ જાતિઓની યાદી, એ બધી સામગ્રી ઇતિહાસ તેમજ સમાજશાસ્ત્રની દૃષ્ટિએ મહત્ત્વની બની રહે છે.

'વિડસીથ'માં જો રાજકવિના જીવનકાર્યનો ઉત્સાહસભર હેવાલ છે તો બીજા એક એવા ગાયકની રચના 'ડીઓર' (Deor)માં એથી ઊલટી પરિસ્થિતિ—આવા જીવન વિષેનો હતોત્સાહ વ્યક્ત થાય છે. ગાયક વિડસીથ ભાગ્યશાળી છે, ડીઓર ભાગ્યહીન લાગે છે. એક આશ્રયદાતા રાજવીએ તેને રાજકવિ તરીકે વર્ષો સુધી જાળવ્યો, સન્માન્યો અને પ્રિયજન (Deor) ગણ્યો; પરંતુ એ પછી રાજાએ તેનું સ્થાન કોઈ વધુ કાબેલ કવિને આપ્યું. આ દુર્ભાગ્ય વિષેનો ખેદ કવિ એમાં વર્ણવે છે. સાથેસાથે ચિત્તના આશ્વાસન માટે અગાઉ બીજા જર્મન વીરો પર ગુજરેલા દુર્ભાગ્યનું પણ તે સ્મરણ કરે છે અને દરેક ખંડને અંતે ચિંતવે છે—શું અચળ રહ્યું છે? તેમ આ પણ ચંચળ છે અને ચાલ્યું જશે.

That now is gone, this too will go.

આમ જીવનમાં મળેલું દુર્ભાગ્ય અને એમાંથી ભૌતિક સુખની ચંચળતાનું ચિંતન એ આ કાવ્યનું વક્તવ્ય છે.

બેતાલીસ પંક્તિના આ કાવ્યને કવિએ સાત નાના ખંડોમાં વહેંચ્યું છે પંક્તિખડવાળી (Strophe) અને દરેક ખંડને અંતે ધ્રુવપદ દાખવતી આ પહેલી જ ઍંગ્લો-સૅક્સન કૃતિ છે. તદુપરાંત અંગ્રેજી કરુણ પ્રશસ્તિ કાવ્ય (Elegy)નો અંશ પ્રથમવાર 'ડીઓર'માં વરતાય છે. એ પછીનાં બે ઊર્મિ કાવ્યો–The Wanderer (રખડુ) અને The Seafarer (દરિયાખેડુ)માં એ અંશ સઘનપણે પ્રગટે છે. (ચાલુ)

જીવનપટનાં સ્મૃતિચિત્રો

રવિશંકર રાવળ · આત્મકથાનક-૧૧૯



૫૯૪ ઊંઘ ઉડાડી

કુમાર'ના પહેલા જ વર્ષ (૧૯૨૪)ના ઑગસ્ટ માસમાં 'નવજીવન' પ્રેસમાંથી સ્વામી આનંદે મને એક પત્ર લખી અમારી ઊંઘ ઉડાડી દીધી. તેમના પત્રનો સાર એ હતો કે 'હું 'કુમાર'ની પ્રગતિથી ઘણો રાજી થયો છું ને 'નવજીવન' તે માટે મગરૂબી લઈ શકે છે; પણ તેમાં કંપોઝખાતાને બહુ ત્રાસ પડે છે. બચુભાઈ સૌને જાણીતા હોવાથી મશીન પર છપાવા જતાં પહેલાં ઘણા ફેરફારો કરાવે છે, આડીઅવળી ગોઠવણો કરે છે, ટાઇપો બદલાવે છે, તેમાં સમય અને મહેનત વધારે જાય છે તેથી 'નવજીવને' આપેલા ભાવમાં તે પોસાઈ શકતું નથી, તેમજ સ્ટાફનું રોકાણ વધે છે. એટલે મારી એ જોવાની ફરજ છે કે 'નવજીવન'ને તેનો ઘસારો લાગવો ન જોઇએ; તેમજ 'કુમાર' માટે ભાવ-વધારો કરવા મન વધતું નથી. એટલે તમે વેળાસર બીજે ગોઠવણ કરો અગર તમારું પ્રેસ શરૂ કરો. હું તમને બનતી બધી મદદ આપીશ.'

હું ને બચુભાઈ ઊંડી ચિંતામાં પડ્યા. 'કુમાર' જોયા પછી બીજું કોઈ પ્રેસ અમારું કામ હાથ પર લેવા તૈયાર નહોતું. બચુભાઈ બધાને પૂછી આવ્યા પણ કોઇએ અમારી રીત પ્રમાણે ભાતભાતનું રચનાકામ કરી આપવા હામ ધરી નહિ. નવું પ્રેસ ઊભું કરવા પૂરતી મૂડી મારી પાસે નહોતી.

હું સ્વામીને રૂબરૂ મળ્યો અને મારી મુસીબતો સમજાવી. તેમણે વર્ષ તો પૂરું કરી આપવા કબૂલાત આપી, પણ પછીના વર્ષ માટે બંધાયા નહિ. વધુમાં કહ્યું કે તેમના છાપકામમાં આર્ટ-પ્લૅટનની જરૂર નહોતી છતાં 'કુમાર'નાં પાનાં જર્મન પ્લૅટન મશીન ઉપર છપાતાં જેથી બ્લૉક સારા ઊઠે. બબ્બે પાનાં છપાય તેનાં ફૉર્મની પડતર વધી જતી. વળી કંપોઝકામ તો તેમને મુદ્દલે પોસાતું નહિ. એમણે મને સુઝાડયું કે પ્લૅટન મશીનનો તેમને ખપ ન હતો કેમ કે તેમને બ્લૉક છાપવાના હોતા નથી, એટલે જો હું પ્રેસ કરવા તૈયાર થાઉં તો એ જર્મન હેવી પ્લૅટન મશીન મને મૂળ કિંમત કરતાં યે એક હજાર રૂપિયા ઓછે, એક વર્ષ વાપર્યું તેના કમી કરીને, આપી દેશે, એટલું જ નહિ પણ હું જગ્યા નક્કી કરુ ત્યાં તેમનો મિકૅનિક ગોઠવી આપી ચલાવી દેખાડશે.

'તાવડી તેર વાનાં માગે' તેમ એકલા સુંદર પ્લૅટન મશીનથી છાપખાનું ન જ બને. જાતજાતનાં બીબાંથી સજ્જ સારું કમ્પોઝ ખાતું જોઇએ, પ્રૂફ-મશીન જોઇએ, એકાદ બે હૉર્સ-પાવરની મોટર ઉપરાંત મશીનના પાયા જમીનમાં ઉતારવાની તથા તેને ગતિ આપવા પુલી-પટા-શાફ્ટની જોગવાઈ કરવી જોઈએ, તેમજ કમ્પોઝીટરો, પ્રિન્ટર—ને સૌથી અગત્યનું એ કે સારું મકાન જોઇએ. સ્વામીએ મને એટલી ખાતરી આપી કે મકાન મળે ત્યાં સુધી 'નવજીવન'માં અમારું કામ તે ચાલતું રાખશે.

૫૯૫ 'કુમાર'નો સત્કાર*

હવે અમારે માટે કોઈ છૂટકો જ નહોતો. 'કુમાર'નો ચોમેર સત્કાર થઈ રહ્યો હતો.* એ ભલે બહોળો ફેલાવો પામ્યું નહોતું, પણ અમે જે અરમાનો અને આશાઓ પ્રકટ કર્યાં હતાં, અને જે યા હોમ હામ ભીડી હતી તેમાં પીછેહઠ કરવા અમારું મન માનતું નહોતું. તે ઉપરાંત ગુજરાતના ખૂણેખૂણેથી વિવેકી અને અનુભવી તેમજ સુજ્ઞ અને સાધુજનોએ અમને અંતરથી બિરદાવ્યા હતા તેનો પ્રભાવ અમારાં ચિત્ત પર છાઈ ગયો હતો. 'ડગલું ભર્યું કે ના હઠવું, ના હઠવું' એ જ મંત્ર અમારાં મનમાં ગાજતો હતો. સ્વાર્થ અને સગવડો જોવાનો અવકાશ નહોતો.

૫૯૬ મકાનની શોધમાં

ઉપર જણાવેલી બધી સામગ્રી ને મકાન વગેરેની તૈયારી માટે આઠથી દસ હજાર રૂપિયાની જરૂર જણાઈ. મેં ઘણા મિત્રોને બે-ત્રણ વર્ષ

---

*'કુમાર'નો સત્કાર

§ 'કુમારે' ગુજરાતનાં માસિકોમાં જુદી જ ભાત પાડી છે.—ક. મુનશી

§ 'કુમાર'ની પાછળ રહેલા ભાવનાસૌન્દર્યથી મને એટલું આકર્ષણ થયું કે તેના અંકો હું ધ્યાનથી પણ વાંચી ગયો. એ આખા માસિકમાં ઘણા ઊંચા તથા સારા પ્રકારની રસસંપત્તિ મને દેખાય છે.—ડૉ. કાન્તિલાલ પંડ્યા

§ 'કુમાર'માં ઘણી નવી દિશાઓ તમે યોગ્ય રીતે ઉઘાડી છે, અને ઘણું સારું આવતું તેમાં હું જોઉં છું.—અરદેશર ફરામજી ખબરદાર

§ હું ઘણા વખતથી જે કંઈ ઈચ્છતો હતો તે એમાં ભાળું છું.—કરસનદાસ જ. ચીતલીઆ

§ કળાના સુંદર નમૂનાનું એકજ માસિક 'કુમાર'.—મહાદેવ હ. દેસાઈ

§ પાને પાને ઉચ્ચ ભાવ અને ઉદાર આદર્શની ઝમક રહેલી છે... પોતે કુમાર દશામાં નહિ મેળવેલું એવું ઘણું ઘણું જાણવાનું હાલના જુવાનોને પણ 'કુમાર'માંથી મળે એમ છે.—હિંમતલાલ ગ. અંજારીઆ

§ 'કુમાર' જાણે મારું નજીકમાં નજીકનું સગું હોય એમ લાગે છે; અને તે મોડું આવે ત્યારે અસહ્ય થઈ પડે છે.—ગ્રા. નં. ૪૮૯

§ 'કુમાર' વાંચીને મારાં બાળકો બહુ ખુશ થાય છે. અમે સૌ તે વાંચીએ છીએ, ને સર્વને ઘણું નવું જાણવાનું મળે છે.—ગ્રાહક નં. ૨૩૨

§ રસ ને કલા દ્વારા મારી પ્રીતિનું પાત્ર બનેલું એક જ માસિક 'કુમાર'. તમારી કવિતાઓએ તો મને કવિતાનો રસિયો બનાવ્યો છે.—એક વાચક

§ વિષયોની ચૂંટણી કુનેહથી કરી છે અને ચિત્રો વગેરેથી તેને દીપાવી છે.—રુસ્તમજી મસાણી

§ આ માસિક હજુ બાળપણમાં છે, છતાં તેના અંકો એક કરતાં એક ચડિયાતા જ નીકળતા જાય છે. ભવિષ્યની આશા આપતાં બાળકોના મુરબ્બીઓ આ માસિકને જરૂર ઉત્તેજન આપે.—શેઠ હરજીવન વાલજી

§ દસ મહિનાની વયમાં તો 'કુમારે' ભાતભાતની કલા સરજી અને ભાતભાતની ભાવનાઓ બહલાવી...ચિત્ર તેમજ ચમકનો કલાભર્યો ઉપયોગ કરીને કુદરત–કલાના હાથ મિલાવતું હોય તો તે 'કુમાર'...એના નાનામાં નાના ચિત્રમાં પણ આપણી સંસ્કૃતિનું રહસ્ય ભર્યું છે. 'કુમાર'ના પ્રત્યેક પાનાની ગોઠવણ જીવંત બનાવવાનો પરિશ્રમ જોવાય છે. રંગની ભભકના આ આંખો આંજતા યુગમાં આંખોને ઠારે, વૃત્તિઓને વારે સાચી રસજ્ઞતા પોષે એવા 'કુમાર'નો પ્રચાર હજુ કેટલો અલ્પ!—'સૌરાષ્ટ્ર'

માટે વ્યાજ સાથે લોન પર નાણાં ધીરવા પત્રો લખી નાખ્યા પણ કોઈનો ઉત્તેજક કે આશા આપતો પત્ર મળ્યો નહિ. માત્ર મારા એક મિત્ર (હાલ સ્વર્ગસ્થ) હીરાલાલ શાહે રૂ. ૧૦૦૦નો ચેક વિનાશરતે મોકલી આપ્યો. બીજી રૂ. ૧૦૦૦ની રકમ મારા કાર્યમાં રસ લેતા શેરદલાલ સ્વ. મણિલાલ અભાએ તેમના મિત્ર પુરુષોત્તમદાસ કિનારીવાળા પાસેથી વ્યાજની શરતે અપાવી. આમાં ઠીકઠીક સમય ગયો.

છાપખાના માટે મકાન દૂર હોય તો મને જરા પણ ચેન પડે એમ નહોતું. પોતાની તમામ મૂડી અને શક્તિ વાપરી ઊભી કરેલી સંસ્થા પર રાતદિવસ એકાગ્ર થવા પોસ્ટ માસ્તર કે સ્ટેશન માસ્તરની જેમ સતત નજર રહે એવી જગ્યા પસંદ કરવાની હતી. વળી હવે તો બ્લૉક ખાતું, 'કુમાર' માસિકની કચેરી અને છાપખાનું એક જ સ્થળે રાખી શકાય એવી જ જોગવાઈ કરવાની હતી. એટલી મોટી જગ્યા આસપાસમાં કોઈ સ્થળે ખાલી નહોતી. એવામાં પડોશમાંથી જ કોઇએ સુઝાડયું કે પોળને નાકે આવેલી ભાઈશંકર નાનાભાઈના નામે ચાલતી સંસ્કૃત પાઠશાળાનું ડહેલું ઘણું મોટું છે અને પાઠશાળા તો ઉપરના માળે જ સમાઈ જાય છે. નીચે બે ખુલ્લા ચૉક અને થોડી ઓરડીઓ છે તે તેમને કંઇ કામ આવતાં નથી. આગળ ડહેલા જેવું છે તેમાં તો અગાઉ ગાડીઘોડા રખાતાં અને ઉપર જવાનો દાદર તો બહારના ઓટલેથી જ ચડાય એમ અલગ છે, એટલે નીચલો ભાગ સુવાંગ સ્વતંત્રપણે વાપરી શકાય એવો છે.

તપાસ કરી તો જાણવા મળ્યું કે તેનો વહીવટ ભાઈશંકરભાઈના ભાણેજ ચૂનીલાલ ભટ્ટ ને મણિલાલ છબારામ ભટ્ટ સંભાળે છે. મણિભાઈ સાથે તો મારા મિત્ર હીરાલાલ પારેખ દ્વારા ગુજરાત વર્નાક્યુલર સોસાએટીમાં મારે ઠીક પિછાન થઈ હતી અને તેઓ 'કુમાર'ની વારંવાર પ્રશંસા પણ કરતા. એકલા નિવૃત્ત જીવન ગાળતા સેવાબુદ્ધિવાળા એ વૃદ્ધજનને હું રોજ ભાઈશંકરભાઈની હવેલીમાં જતા-આવતા જોતો, એટલે તેઓ ત્યાં રહેતા હશે એમ માની મેં બચુભાઇને મકાનની પૂછપરછ કરવા મોકલ્યા.

તેમણે તો માથું હલાવી ના જ કહી: 'નીચેના ભાગમાં માત્ર ચૉક જ છે અને છેવટના ભાગમાં બે ઓરડા ઉપર-નીચે છે. નીચે તો તગારાં-કપચી-ચૂનો વગેરે ઘરનો ભંગાર ભરી રાખ્યો છે. તમારા કામનું આ મકાન નથી.' પરંતુ હું અને બચુભાઈ તે પહેલાં બધું જોઈ આવ્યા હતા અને ખુલ્લા ચૉકની ઓસરીઓમાં બધું ગોઠવી છેલ્લા ઓરડા અને પાણી-પૂજાની ઓરડીનો પણ ઉપયોગ ધારી મૂકયો હતો, એટલે ફરી વાર હું જઇને મળ્યો. મારી વાત સાંભળી તેઓ પીગળ્યા અને ખરા ભાવથી કહ્યું કે તમારે જોઈતું હોય તો હું બીજા ટ્રસ્ટીને પૂછી જોઈશ અને સંમત થશે તો બનશે તેટલો સાફસૂફી-સુધારો કરાવી આપીશ.

બે દિવસ પછી તે ફરી મળ્યા અને અમને ભાડાચિઠ્ઠી લઈ આવવા કહ્યું. તેમણે મોંએ કહેલું ભાડું રૂ. ૫૦ કબૂલ રાખી બધી શરતો લખી આપી. તરત તેમણે તેમના કડિયાને બોલાવી બધું સાફસૂફ કરી ધોળાવી આપ્યું, એટલું જ નહિ પણ આગળના ડહેલા અને ચોકની વચ્ચેની ભીંતમાં તંત્રી અને ઑફિસને જોડનારી એક બારી પડાવી આપી. આમ ૧૯૨૫ના એપ્રિલ માસમાં મકાન હાથ આવ્યું.

૫૯૭ કુમાર કાર્યાલય

મકાન હસ્તગત થયું એટલે પ્રથમ તો પ્રોસેસ ખાતું જે માટે ચકલાના મહાદેવમાં જગ્યા ભાડે રાખી હતી તે મકાનના વહીવટદારોને નોટીસનું એક માસનું ભાડું આપીને સામાન ફેરવી નાખ્યો અને નવા મકાનના પાછળના ચૉક ઉપરની અગાશી પાસેના છાપરા નીચે કૅમેરા ગોઠવ્યો તથા બાજુની નાની ઓરડીને ડાર્કરૂમ બનાવી બધી ગોઠવણ કરી નાખી. તેની બાજુના ઓરડામાં મારી બેઠક ગોઠવી. વિદ્યાર્થીઓ પણ ત્યાં જ આવી ચિત્રો શીખવા લાગ્યા. એ ઓરડાનો ઇતિહાસ તો આગળ જતાં અદ્ભુત બન્યો. એ સ્થળે તૈયાર થએલા વિદ્યાર્થીઓમાંથી ઘણા આજે દેશના નામાંકિત ચિત્રકારો બન્યા છે અને દેશનાં સેવાકાર્યોમાં તથા કલાપ્રયોગોમાં અગ્રણી રહ્યા છે. ફોટોગ્રાફીને મેં એક કલા-સંસ્કાર ઘડનારું સંસાર-સૌન્દર્ય-શોધન માટેનું અગત્યનું સાધન માન્યું હતું. વિજ્ઞાનની આ અબોલ પુત્રીએ થોડા જ વખતમાં કલાક્ષેત્રમાં સબળ દાવો સ્થાપ્યો હતો, પણ બજારના સ્ટુડિયો-ફોટોગ્રાફરો તેથી વિમુખ હતા. એટલે કલા-શોખી ફોટોગ્રાફરોનું વૃંદ ઊભું કરવા સર ગિરિજાપ્રસાદ ચીનુભાઈની સહાનુભૂતિથી 'કુમાર કૅમેરા ક્લબ'ની સ્થાપના કરી ને તેઓએ તથા મેં અને શ્રી બલવંત ભટ્ટે તેના આજીવન સભ્ય બની તેમાં ઊગતા વિદ્યાર્થીઓની ભરતી કરી. તેમાંના ઘણાએ 'ટાઈમ્સ ઈલસ્ટ્રેટેડ વીકલી' તેમજ 'હિંદુ વીકલી'ની ફોટોગ્રાફી હરીફાઈઓમાં ઈનામો મેળવ્યાં અને આખરે 'નિહારિકા' નામથી મોટું મંડળ રચીને તેમાં આજીવન સભ્યોને આવકારી લીધા. આજે તો નિહારિકા ફોટો-મંડળના ઘણા સભ્યો આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામ્યા છે અને વર્ષોવર્ષ દેશનાં સૌન્દર્ય અને કલાની લાક્ષણિકતાઓભર્યાં ચિત્રોનાં પ્રદર્શનો કરે છે.

નીચેનો આગળનો ચૉક તથા તેની બાજુની ઓસરીઓ છાપખાના માટે રાખી બચુભાઈએ પોતાની બેઠક, એ ચૉક અને ડહેલાની વચ્ચેની ઓસરીમાં બારી પાસે એવી રીતે ગોઠવી કે ડહેલામાં બેસતા કારકુનો અને પોતાના સહાયકો તથા છાપખાનાના કર્મચારીઓથી અનુસંધાન રહે. એ બેઠકની આસપાસ જ બચુભાઈએ દર બુધવારે રાત્રે મળતી કવિતા-સભાનો પ્રારંભ કરીને 'કુમાર' માટે નવી લખાતી ગુજરાતી કવિતાની શ્રેષ્ઠ લહાણ મેળવી અને આજે 'કવિલોક' જેવા ઉત્તમ દ્વિમાસિકમાં યુવાન કવિઓને અભિવ્યક્તિ આપી રહ્યા છે.

આ વખતે અમારી પ્રતિ સહાનુભૂતિ રાખતા અમને જુદાજુદા ક્ષેત્રના મિત્રોએ જે ખટક અને ચીવટથી સાધનસામગ્રી અને બાંધકામ કરી આપ્યાં તે ભૂલી શકાય તેમ નથી. વજુભાઈ ત્રિવેદી, જેમણે મિલોમાં વપરાતાં ફ્લાયર્સનો કીમિયો કરી પોતાનો ઉદ્યોગ જમાવ્યો હતો તે રોજ આવતા અને અમારી જરૂરિયાતો જાણી વર્કશૉપો અને શુક્રવારીમાં ફરી મશીન ચલાવવા માટેની શાફ્ટો, પુલીઓ, પટાઓ આદિ લાવી આપતા. મારા પરમ મિત્ર ઇલેક્ટ્રિકલ એન્જિનીઅર મણિભાઈ વ્યાસે ગુજરાત ઇલેક્ટ્રિકવાળા તેમના મિત્ર બચુભાઈ દ્વારા ઇલેક્ટ્રિક મોટર સાથેનું એવું સંગીન વાયરિંગ-ફિટિંગ કરાવી આપ્યું કે જેમાંનું ઘણુંખરું આજ સુધી સાબૂત છે.

આ પ્રાથમિક તૈયારીઓ પૂરી કરી સ્વામીને ખબર આપ્યા એટલે 'નવજીવન'ના પારસી મિકૅનિક ડોસાભાઈએ પ્લૅટન-મશીન ઉપડાવી લાવી તેનું ફાઉન્ડેશન કરાવી આપ્યું અને મણિભાઈ વ્યાસના મિત્ર રણછોડભાઈ ધાનક તથા મારા પડોશી નગીનદાસ તોલાટે ફાઉન્ડેશનમાં એને પાકું કરાવી આપી, મશીનની સ્પીડ પ્રમાણે પુલીઓ નક્કી કરી આપી.

આ દરમિયાન બચુભાઈની કામગીરી ચાલુ હતી. શાહપુરમાં આવેલી રાજનગર ટાઈપ ફાઉન્ડ્રીના પુરુષોત્તમદાસ પટેલ જે 'નવજીવન'ની મુદ્રણસુધારણામાં સ્વામી આનંદને રાતદિવસની માનાર્હ સેવા આપતા રહ્યા હતા તેમની સાથે બચુભાઈની મૈત્રી કેળવાઈ હતી. એમણે શુદ્ધ ભાવનાથી અને હોંશથી ધાતુનાં મજબૂત બીબાં પાડી આપ્યાં. ભોગીલાલ નામના આધેડ, ઠંડા સ્વભાવના કંપોઝીટરને બચુભાઈ લઈ આવ્યા અને તેમના હાથ નીચે 'નવજીવન'માં તાલીમ લેતા પોતાની ફોઈના દીકરા નટવર રાવતને ગોઠવ્યા. મોંઘું પ્લૅટન-છાપયંત્ર સંભાળે એવા છાપનાર કારીગર તરીકે વીરજીભાઈ ને ત્યાં તૈયાર થએલા મનોરદાસ પગી મળી આવ્યા. એ આઝાદ પણ વિચક્ષણ શક્તિવાળા જુવાને 'કુમાર'નું બ્લૉક-છાપકામ અને રંગકામ દીપાવી કુમાર કાર્યાલયની પ્રતિષ્ઠા વધારી. તેની સહાયમાં શરૂમાં મારા ઘરના કામમાં રહેલા કિશોર ભૈયા તોતારામને રોકી લીધો. કુમાર કાર્યાલયની રોજની સાફસૂફી અને પાણી છાણીની માવજત

માટે મારા ઘરનું કામકાજ કરતાં ડાહીબહેનને સોંપણી થઈ; તે છેક ૧૯૬૫માં ગત થયાં ત્યાં સુધી કુમાર કાર્યાલયને ઘર જેવું સંભાળી રહ્યાં.



વજુભાઈ ત્રિવેદી

અને એમ 'કુમાર'ના બીજા વર્ષનો છઠ્ઠો અંક કુમાર પ્રિન્ટરીમાંથી બહાર પડચો ને તેનું સરનામું બદલાયું. અત્યાર સુધી દર માસે 'કુમાર'ના છેલ્લા પાને છપાતું હતું: 'આ માસિક અમદાવાદ, સારંગપુર, નવજીવન મુદ્રણાલયમાં તંત્રી રવિશંકર મહાશંકર રાવળે છાપી કુમાર કાર્યાલય ૪૪૮૦ રાયપુર અમદાવાદમાંથી પ્રકટ કર્યું.' તેને બદલે હવેથી 'મુદ્રક અને પ્રકાશક બચુભાઈ પોપટભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ'માં પલટાયું, જે આજ સુધી (માત્ર નં. ૨૭૦૭ને બદલે ૧૪૫૪ સિવાય) ચાલુ છે. માત્ર માલિકી ૧૯૪૩-થી 'કુમાર કાર્યાલય લિમિટેડ'ની થઈ છે અને તંત્રી બચુભાઈ થયા છે.

'કુમાર'ના એ બીજા વર્ષના છઠ્ઠા અંકની 'મિજલસમાં' મેં લખ્યું: 'ઘણા માસથી ચીંતવેલું અમારું સ્વપ્ન આ અંક રૂપે સાચું પડચું છે એ લખતાં મને આનંદ થાય છે ને તમને પણ એટલો જ થશે એમ માનું છું. એક વસ્તુની કલ્પના ને તેની સિદ્ધિની વચ્ચે કષ્ટો, મૂંઝવણો ને કસોટીઓની મહા નદી ધોધમાર વહી જતી હોય છે એ કોણ નથી જાણતું? એટલે જ ઝંપલાવનારા ઓછા હોય છે. એ ઝંપલાવનારમાંથી જેની શ્રદ્ધા ખૂટે, જેનો ઉત્સાહ ડગે અને જે હારી ખાય તેનાં તો બારે વા'ણ ડૂબે.'

'કુમાર'ના ૧૦૦મા અંકમાં એ સમયના મૂર્ધન્ય વિદ્વાન ને વિદ્યાર્થીઓના મહાન આચાર્ય આનંદશંકરભાઈએ આશીર્વાદ આપ્યા હતા: '...પૂર્વોક્ત જીવન-અવસ્થામાંની એક જે કૌમાર અવસ્થા—વ્યક્તિની તેમજ જનસમૂહના જીવનની—એને લગતા સર્વ વિષયોનું નિરૂપણ કરવાનો અને એને લગતા ભાવ પ્રેરવાનો આશય 'કુમાર' પત્રે રાખ્યો છે એમ હું સમજું છું. આપણા દેશમાં અત્યારે એક જ આશયથી અમુક પત્ર નિભાવવું પત્રકારોને કઠણ થઈ પડે છે અને તેથી દરેક પત્રકાર પોતાના મુખ્ય ઉદ્દેશથી કાંઈ ને કાંઈ ખસી ગએલો દેખાય છે. તે પ્રમાણે 'કુમાર' પત્રના તંત્રીને પણ પરિસ્થિતિને ઘણી વાર નમતું પડચું હશે, તો પણ પૂર્વોક્ત કામ એ તેનો પ્રદેશ છે અને તે શ્રીયુત ભાઈ રવિશંકર રાવળે ગુજરાતમાં પ્રથમ શોધી કાઢચો ને તેના મહત્ત્વ તરફ ગુજરાતની પ્રજાનું પ્રથમ લક્ષ્ય ખેંચ્યું એ માટે એમનો આપણા ઉપર થોડો ઉપકાર નથી.'

વળી મારા પરમ મિત્ર સ્વ. હીરાલાલ પારેખે લખ્યું હતું: 'ભાવનગરના દક્ષિણામૂર્તિ ત્રૈમાસિક દ્વારા શ્રી નૃસિંહપ્રસાદ (નાનાભાઈ) ભટ્ટે કેળવણીમાં સુધારા અર્થે પ્રાંતમાં જેમ આગેવાની લીધી છે, તેમજ શ્રી વિજયરાય વૈદ્યે ગુજરાતી સાહિત્યના વિકાસ અને અભિવૃદ્ધિ માટે જે



બાડિઆની પોળ ૪૪૮૦ રાયપુર

આગ્રહ અને મનોબળથી અનેક અડચણો સહન કરીને 'ક્વાર્ટર્લી રિવ્યુ કે 'એડિનબર્ગ રિવ્યૂ' જેવું ત્રૈમાસિક જોવાનું હું ઘણી વાર જે ઇચ્છતે તે મનોરથ તેમના ત્રૈમાસિક 'કૌમુદી' દ્વારા જે સિદ્ધ કર્યો છે, તે ઉપર્યુક્ત બે પત્રોની માફક 'કુમાર'ના તંત્રી શ્રી રવિશંકર રાવળ પણ ભાવનાશીલ કલામગ્ન પુરુષ છે. એમણે ઇચ્છચું હોત તો પોતાના ચિત્રકારના ધંધાને વળગી રહી સારી સંપત્તિ પ્રાપ્ત કરત. પણ એમનું માનસ કલાનાં સ્વપ્નાં સેવતું હતું...આપણી જનતામાં કલા પ્રતિ જે પ્રમાદ છે તે કેમ દૂર થાય અને પૂર્વવત્ કલાપૂજક અને કલારસિક કેમ બને એવો માર્ગ શોધતા હતા. આ મનોદશામાં એમને 'વીસમી સદી'ના સ્થાપક સ્વ. હાજી-મહમ્મદનો સમાગમ થયો...તેમની સંગતિથી રવિશંકર રાવળને પત્રકારત્વનો રસ લાગ્યો. એ પહેલાં માત્ર સ્ટૂડિયો-આર્ટ પર જ તેમનું લક્ષ હતું. પણ જ્યારથી એમણે અમદાવાદમાં આવી થાણું નાખ્યું ત્યારથી હું તેમના નિકટ સમાગમમાં છું...મને હમેશાં એમના કલાપ્રેમનું દર્શન થયું છે. એમને મેં કદી ધંધા વિષે વલખાં મારતા જોયા નથી...ખરી રીતે ગુજરાતમાં કલા માટેનો શૉખ સુષુપ્ત હતો, તેને જાગૃત કરવાનો યશ જો કોઈ એક વ્યક્તિ કે સંસ્થા લેવાનો દાવો કરે તો તેના હકદાર શ્રી રવિશંકર રાવળ કે કુમાર કાર્યાલય છે એમ સૌને સ્વીકારવું પડશે...કુમારોને તે કલા પ્રતિ આકર્ષે છે, તેમના સંસ્કારોને પોષે છે, તેમને નવીન કલ્પનાઓ બક્ષે છે, તેમનું સંકલ્પબળ દઢ કરી તેમને વિવિધ પ્રેરણાઓ અર્પે છે, તેમના જીવનને રસિક સમૃદ્ધ અને સંસ્કારી કરે છે. આ બધું તે કોઈ પ્રકારના પાંડિત્ય કે વૃથા ડહાપણનો ડૉળ કર્યા વિના સ્વાભાવિકપણે કરે છે તેથી તેને લોકપ્રિયતા રૂપી સિદ્ધિ મળી ચૂકી છે...'કુમાર'નું મૂલ્ય મારે મન મોટું છે. ગુજરાત મગરૂરી તથા માન લઈ શકે એવું તેનું કાર્ય અને સિદ્ધિ છે એવો મારો નમ્ર અભિપ્રાય છે.' □

૧૫૦ વર્ષ જૂના દૈનિકપત્ર મુંબઇ સમાચારના આજના વહીવટકર્તાઓ



અનુક્રમે: 'મુંબઈ સમાચાર'ના જાહેરખબરના વિભાગ સાથે અન્ય વહીવટી કામગીરી સંભાળતા શ્રી [illegible]સ્તમજી કામા, પત્રના આજના સમગ્ર સંચાલન પર જેમનો પ્રભાવ રહ્યો છે તે મોટા શેઠશ્રી મંચેરજી કામા અને યંત્રો વગેરેની ઝીણવટભરી કામગીરી સંભાળતા શ્રી નસરવાનજી કામા, તે પછી મુંબઈ સમાચારની સાપ્તાહિક પૂર્તિના તંત્રી શાંતિકુમાર જ. ભટ્ટ, આજના તંત્રી શ્રી મીનુભાઈ દેસાઈ તથા પત્રના અગ્રલેખોના તથા આ લેખના લેખક

યજ્ઞેશ શુક્લ

'મુંબઇ સમાચાર' આ વર્ષે દોઢસો વર્ષનું થયું એ અગાઉ એનાં સો અને સવા સો વર્ષ પૂરાં થયાના પ્રસંગો ઉજવાયાની કશી નોંધ મળતી નથી તેમ સમાચારે પોતાનાં કશાં ડિમડિમ વગાડયાં જાણ્યાં નથી. પોતાને વિષે એણે પહેલો અગ્રલેખ લખ્યો હોય તો તે ઈ. ૧૯૬૧ની ૧લી જુલાઈના અંકમાં 'એકસો ને ચાળીસમે વર્ષે' એ શીર્ષક નીચે લખેલો, જેમાં એણે પોતાની કારકિર્દીની ટૂંકી પણ સઘન રૂપરેખા (આ મુજબ) આંકી હતી:

"'મુંબઈ સમાચાર' દ્વારા ગુજરાતી પત્રકારત્વનો શુભ આરંભ થયો, એટલે એકસો ને ઓગણચાળીસ વર્ષનો તેનો ઇતિહાસ એ ગુજરાતી પત્રકારત્વનો જ જ્વલંત ઇતિહાસ છે,–ખરી રીતે દેશની ચડતીપડતીનો પણ એ ઇતિહાસ છે. છેલ્લાં દોઢસો વર્ષમાં હિંદુસ્તાનના ઇતિહાસે જે અનેક પલટા જોયા તેનું એ સાક્ષી છે. કંપની સરકારના કપરા કાળમાં 'સમાચાર' જન્મ્યું. ભારતના સ્વાતંત્ર્યયુદ્ધના નામે નોંધાએલી ઈ. ૧૮૫૭ની લોકક્રાંતિનું એ સાક્ષી હતું. મહારાણી વિક્ટોરિયાના શાસનનો સમય પણ એણે જોયો. મુંબાઈ શહેરની ચડતીપડતીનો ઇતિહાસ ઘડવામાં પણ 'સમાચાર'ના ફાળો નોંધાએલો છે. હિંદુસ્તાનની પ્રજાની સ્વશાસન માટેની ઝંખનાને મૂર્ત રૂપ આપવા માટે રચાએલી 'હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસ'ની સ્થાપનાને એણે વધાવી લીધી. એને પગલે દેશમાં અને પ્રજામાં આવેલી જાગૃતિને એણે પુરસ્કારીને પ્રોત્સાહિત કરી. જમાનાના પલટાતા રંગોને પણ એણે પિછાન્યા છે. પરતંત્રતાની ગુલામીમાંથી મુક્ત થવા મથતી હિંદુસ્તાનની કરોડોની જનતાના અરમાનને ઝીલીને તેને વાચા આપવામાં 'સમાચારે' મહત્ત્વનો ફાળો આપ્યો છે. જનતાના વિરાટને જગાડવા મથતા દેશનેતાઓની ઉન્નત અને ઉત્કટ ભાવનાઓને આવિષ્કાર આપીને દેશને ગુલામીની જંજીરો ફગાવી દેવાને જાગ્રત કરવાની તેઓની બુલંદ હાકલમાં સમાચારે પણ અવાજ પૂર્યો છે. આમ, ભારતના ઘડાતા ઇતિહાસના ભાગીદાર બનીને 'સમાચાર' દેશની અને પ્રજાની સેવા કરવામાં મોખરે રહ્યું છે."

એ જ રીતે ગયે વર્ષે ઈ. ૧૯૭૧ની પહેલી જુલાઈએ 'સમાચારે' ૧૫૦મા વર્ષમાં પ્રવેશ કર્યો ત્યારે લખેલા અગ્રલેખમાં પોતાની કારકિર્દીની સમાલોચના કરીને જનતાને સેવાનો કોલ આપતાં તેણે લખેલું કે "'મુંબઈ સમાચારે' આ તમામ સમય દરમ્યાન પોતાને સાચા લાગેલા માર્ગે કોઈની પણ શેહ કે શરમમાં તણાયા વિના નીડરતાથી પ્રજાને માર્ગ દર્શાવવાનો સતત પ્રયાસ કર્યો છે. પ્રજાને દોરનારા અગ્રણીઓની જ્યારે પણ ભૂલ થઈ છે ત્યારે તેના તરફ સ્પષ્ટ રીતે આંગળી ચીંધવાનો પોતાનો પત્રકારધર્મ બજાવતાં 'સમાચાર' કદી અચકાયું નથી. આથી જ સમાચાર પ્રત્યે એના પ્રામાણિક, નિષ્ઠાવાન ને સચોટ માર્ગદર્શન માટે જનતાની મીટ મંડાઈ રહે છે. આથી 'સમાચાર' વિશેષ જાગ્રત રહીને પ્રજાનું સ્વતંત્ર. નિષ્પક્ષ ને નીડર રાહબર બની રહ્યું છે."*

અત્યાર સુધી 'મુંબઈ સમાચાર'ના ઇતિહાસ પર દૃષ્ટિ નાખતાં તેના સંપાદનની બાજુ પર જ મુખ્યત્વે લખાયું છે. પરંતુ કોઈ પણ અખબારના સફળ સંચાલન માટે માત્ર તેના સંપાદકમંડળની કાબેલિયત પૂરતી નથી. અખબારના ફેલાવા સાથે જ નહિ પણ તેના આર્થિક અને વહીવટી સંચાલન સાથે સંકળાએલાં તમામ ખાતાંની કાબેલિયત પણ એને માટે અનિવાર્ય છે. સંપાદક મંડળના વડા તરીકે જેમ મુખ્ય સંપાદક સમગ્ર સંપાદનના મુખ્ય માર્ગદર્શક અને દોર–સંચાલક હોય છે તેમ જ આર્થિક ને વહીવટી સંચાલનમાં પત્રના મુખ્ય સંચાલક માલિક ખરેખરા રાહબર છે. અખબારના ચાલનમાં સૌથી પહેલી જરૂર નાણાંની રહે છે. નાણાંની સધ્ધરતા વિના કોઈ પણ અખબારનું સંચાલન, તેનાં બીજાં ખાતાંઓમાં ગમે તેવા કાબેલ સહકારીઓ હોય તો પણ, સફળતાપૂર્વક કરી શકાતું નથી. પ્રજાનો મોટો પ્રેમ ધરાવી ચૂકેલાં [illegible]ય અખબારો પણ નાણાંના અભાવે બંધ થયાના દાખલા જોઇએ એટલા મળે છે.

---

* આ આલોચનામાં નિર્દેશ્યા મુજબ નીતિને અનુસરતા રહેલા 'મુંબઇ સમાચાર'ને પ્રજાએ બિરદાવ્યું છે અને તેના વિચારપ્રેરક અગ્રલેખો લોકોમાં આદરપાત્ર બન્યા છે. તેનું એક ઉજ્જવલ દૃષ્ટાંત લઈએ તો ઈ. ૧૯૬૭ની સામાન્ય ચૂંટણી વખતે જનતાને કેળવવાના હેતુથી લખાએલા 'સમાચાર'ના અગ્રલેખો માટે ઉત્તર મુંબાઈની રોટરી કલબે, ખ્યાતનામ પત્રકાર બી. જી. હૉર્નીમૅનની સ્મૃતિમાં સ્થપાએલો વર્ષના 'શ્રેષ્ઠ પત્રકાર' તરીકેનો પુરસ્કાર ઇ. ૧૯૬૭-'૬૮ના વર્ષ માટે આ લેખના લેખક શ્રી યજ્ઞેશ શુક્લને અર્પણ કર્યો હતો. એ સંબંધે પુરસ્કાર વિજેતાનો પરિચય આપતા આલેખમાં લખ્યું હતું કે His editorials in Bombay Samachar have been noted by us for their Straightforward, severe but constructive criticism and fearless, independent approach.—તંત્રી



'મુંબઈ સમાચાર'ના આજના તંત્રી શ્રી મીનુ દેસાઈ

'મુંબઈ સમાચાર'ના દોઢસો વર્ષના ઇતિહાસમાં એની માલિકી ગણતરીના હાથમાં જ રહી છે. શરૂઆતમાં ફરદુનજી મરઝબાનજી એના માલિક અને તંત્રી બંને હતા. તેમના હાથમાં જે દસ વર્ષ 'સમાચાર' રહ્યું તેમાં તેને આર્થિક સ્થિરતા મળી ચૂકી હતી. એમની પછી તહેમુલજી રુસ્તમજી મિરઝા પણ માલિક અને તંત્રી બંને હતા, અને ત્યાર બાદ કેખુશરૂ મીનોચહેર હોમજીના હાથમાં માલિકી આવી એ દરમ્યાન અનેક લીલીસૂકીમાંથી સમાચાર પસાર થતું રહ્યું; ક્યારેક બંધ પડવાની સ્થિતિમાં પણ આવ્યું અને પાછું ટટાર પણ થયું.

ઈ. ૧૯૨૧માં રાષ્ટ્રીય આંદોલન સાથે, આપણે અગાઉ જોઈ ગયા તેમ, એના માલિક શ્રી નવરોજી હોરમસજી બિલગામવાળા થયા. એમણે એ પત્રની પાછળ સારો ખર્ચ કર્યો અને રાષ્ટ્રીય પ્રવૃત્તિને સાથ આપવાને લીધે એનો ફેલાવો વધતાં નવી યંત્રસામગ્રી વસાવવા પાછળ નાણાંનું મોટું રોકાણ પણ કર્યું. પરંતુ શ્રી બિલગામવાળા એકલું અખબાર સંભાળીને બેસી રહ્યા ન હતા. બીજી સારી-નરસી અનેકવિધ પ્રવૃત્તિઓમાં તે રોકાએલા રહેતા. એવામાં બીજી ગોળમેજી પરિષદની નિષ્ફળતા પછી બ્રિટિશ શાસનતંત્રે ચલાવેલા દમનદોરથી પ્રજામાં હતાશા ફેલાતાં આંદોલનની ગતિ મંદ પડવા સાથે પત્રોનો ફેલાવો પણ ઘટવા લાગ્યો. તેમાં 'સમાચાર' ડામાડોળ સ્થિતિમાં મુકાઈ ગયું. ભારે લોકપ્રિયતા મેળવ્યા છતાં આર્થિક રીતે તે દેવાદાર બની ગયું. કામદારોના પગાર ચડી ગયા, બીજાં પણ ઘણાં દેવાં વધી ગયાં ને પરિસ્થિતિ ચિંતાજનક બની ગઈ. એવી ઘડીએ સમાચારનું સુકાન, તેના અનેક લેણદારો પૈકી એક મોટી લેણદાર કામા નૉર્ટનની કંપની, જે સમાચારને કાગળ, શાહી વગેરે પૂરાં પાડતી હતી તેના શ્રી મંચેરજી નસરવાનજી કામાએ સંભાળી લીધું (તા. ૧-૨-૧૯૩૩) અને પછી ધંધાદારી કુનેહ ને વહીવટી તથા બીજી કાર્યદક્ષતાથી તેના ડૂબવા લાગેલા નાવને ઉગારી પણ લીધું.

પોતે કેવા સંજોગોમાં 'સમાચાર'નું સુકાન હાથ લીધું હતું તેનું બયાન (ગયા વરસે દોઢસોમા વર્ષ-પ્રવેશ પ્રસંગે મુંબાઈના પ્રોગ્રેસિવ ગ્રુપ તરફથી યોજાએલા સન્માન-સમારંભ પ્રસંગે) કરતાં શ્રી કામાએ કહ્યું હતું કે "'મુંબઈ સમાચાર'માં મારો પ્રવેશ આકસ્મિક હતો. આ ક્ષેત્રમાં પડવાની મારી જરા યે ઇચ્છા ન હતી. એ વખતે આ પ્રેસ ખૂબ નીચી પાયરીએ જઈ બેઠું હતુ. ચોમેર મંદીનું મોજું ફરી વળ્યું હતું. તાતા આયર્ન સ્ટીલ જેવી કંપનીના શેરોના ભાવો પણ ગગડી ગયા હતા.પણ મને લાગ્યું કે આટલાં વર્ષનું જૂનું અખબાર આમ બંધ પડે તે ઠીક નહિ. એટલે પત્રના સંચાલકોએ પત્ર મને સોંપી દીધું અને તેની યોગ્ય માવજત કરવા જણાવ્યું. પહેલા દિવસે ઑફિસમાં ગયા બાદ સ્ટાફ સાથે મારી ઓળખાણ થયા પછીના ત્રણ જ કલાકમાં મેં જાણ્યું કે સ્ટાફને ત્રણ માસથી પગાર મળેલો ન હોવાથી તેમણે કલમ નીચે મૂકી દીધી છે. મેં તેમને (તેમજ બીજા લેણદારોને) બોલાવીને કહ્યું કે હું પણ તમારી માફક લેણદાર છું. છતાં તમારી પાઈએ પાઈ ચૂકતે નહિ થાય ત્યાં સુધી હું મારા લેણા પેટે કશી રકમ લઈશ નહિ. મેં એ વચનનું પાલન કર્યું."

અને શ્રી કામાએ એવી કુશળતાથી વહીવટ કર્યો કે તેમણે 'સમાચાર'નું બધું દેવું તો ચૂકવી જ દીધું, જૂના સ્ટાફની પણ સારી કદર કરી અને આજે 'સમાચાર'ને દરેક વાતે સમૃદ્ધિના શિખર પર મૂકી દીધું. શરૂઆતમાં થોડો સમય જૂના જાણકાર અને નિષ્ઠાવાન શ્રી સોરાબજી કાપડિયા વહીવટી સંચાલન પણ કરતા હતા, પણ ધીમેધીમે માહિતગાર થતાં શ્રી કામાએ પછીથી સમગ્ર દોર પોતાના હાથમાં લઈ લીધો, પોતાના બે પુત્રોને પણ સાથમાં લીધા. એક શ્રી નસરવાનજી યંત્રો વગેરેની દેખરેખની ઝીણવટભરી કામગીરી સંભાળે છે, અને બીજા શ્રી રુસ્તમજી જાહેર ખબરો અને બીજો વહીવટ સંભાળે છે. મોટા શેઠ શ્રી મંચેરજી કામાનો સમગ્ર સંચાલન પર પ્રભાવ રહ્યો છે, છતાં સંપાદકીય નીતિમાં કે સંપાદનકાર્યમાં જરા પણ માથું ન મારતાં સંપાદકને છૂટો દોર આપીને પોતે માત્ર વહીવટી દોર જ દક્ષતાપૂર્વક સંભાળી રહ્યા છે. આથી સમાચાર એક અખબાર ન રહેતાં નાના બીજમાંથી ફાલેલા વિશાળ વટવૃક્ષ જેવી એક સંસ્થા બની રહ્યું છે. (અનુ. પૃ. ૧૦૬)

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૧૫

ઍપેન્ડિસાઇટિસ

ઍપેન્ડિસાઇટિસ એ ઍપેન્ડિક્સ (આંત્રપુચ્છ)ના સોજાનો રોગ છે. નાનું આંતરડું પૂરું થયા પછી જ્યાંથી મોટું આંતરડું શરૂ થાય છે એ સંધિસ્થાનથી બે આંગળ જેટલે દૂર, મોટા આંતરડા પર ઍપેન્ડિક્સ લટકતું હોય છે. શરીરમાં તેનો શો ઉપયોગ છે તે સ્પષ્ટ નથી, પરંતુ શસ્ત્રક્રિયાથી તેને દૂર કર્યા પછીથી ક્યારેક પાચનતંત્રમાં ગરબડ ઊભી થતી જણાઈ છે. આહારમાં અનિયમિત રહેનારને, અજીર્ણવાળાને, અગ્નિમાંદ્યવાળાને કે ખાવામાં અકરાંતિયા હોય તેને આ રોગ થવાની વિશેષ સંભાવના હોય છે.

લક્ષણ: આ રોગ મોટે ભાગે કશી ચેતવણી આપ્યા વગર ઓચિંતો હુમલો કરે છે. એકાદ બે કે તેથી વધુ ઊલટી થાય છે, બંધકોશ થઈ જાય છે અને દૂંટીથી જમણી બાજુ નીચેની તરફ પેડુમાં અસહ્ય વેદના થાય છે. પરિણામે રોગી દૂંટિયું વાળી પડી રહે છે. રોગનાં લક્ષણ સ્પષ્ટ ન હોય તો બેરિયમ ટેસ્ટ કરાવી એક્સ રેથી તપાસ કરાવવી પડે છે. આ રોગમાં આંત્રપુચ્છનો સોજો આગળ વધી પાક થયો હશે – તો રોગીને તાવ આવશે. અને વેદનાના સ્થળે ચામડી ઉપર લાલરંગનું ચકામું જોવા મળશે. આ અવસ્થા અસાધ્ય હોઈ તરત જ શસ્ત્રક્રિયાનો આશરો લેવો પડે છે.

આટલું ન કરો: રોગ વખતે વિબંધ હોય છતાં જુલાબ કે બસ્તિ(એનિમા) લેવાં નહિ. વેદના ઓછી કરવા પેટ ચોળવું નહિ.

ઍપેન્ડિક્સની વેદના ભારે છે, પણ વેદનાહર ઔષધો આપવાનું ટાળવું. વેદના શરૂ થયા પછી કોઈ પણ જાતનો ખોરાક બંધ કરી લંઘન કરવું ને માત્ર ગરમગરમ પાણી પીવું, ગરમ કરીને ઠંડું પાડેલું નહિ. હૉટ વૉટર બૅગથી વેદનાસ્થળે શેક કરવો. ઔષધની જરૂર નથી. છતાં અનુલોમન અને અગ્નિદીપ્તિ માટે દર અર્ધા કલાકે ચિત્રકાદિવટીની બે ગોળી ગરમ પાણી સાથે આપવી. ૨ થી ૪ કલાકમાં દુખાવો ઓછો થઈ જશે.

દુખાવો બેસી ગયા પછી પણ બેત્રણ દિવસ ઉપવાસ કરીને દરમિયાન ગરમ પાણી જ પીવું. ત્યાર બાદ સીધા ખોરાક પર ન ચડતાં પ્રથમ મગનું પાણી જ લેવું, ને પછી ધીરેધીરે ખીચડી, દાળ-ભાત વગેરે ઉત્તરોત્તર ભારે ખોરાક શરૂ કરી દસબાર દિવસે સંપૂર્ણ ખોરાક ઉપર આવવું. આ પછી પણ હલકો ખોરાક ખાવો.

ઔષધમાં પ્રવાલ પંચામૃત રતીચારત્રણવારપાણીસાથેલેવું. ચિત્રકાદિવટી બેબે ગોળી દિવસમાં ત્રણવાર ચાલુ રાખવી. જો રોગ આગળ ન વધી ગયો હોય તો ખોરાકમાં ખાસ કાળજી રાખવાથી શસ્ત્રક્રિયાથી બચી જવાય છે. **વૈદ્ય નવીનભાઈ ઓઝા**

સન્નિષ્ઠ પ્રથમ પ્રયાસ

ટૂંકી વાર્તામાં કશું જ બિનજરૂરી ન ચાલે, તો સામે છેડે નવલકથામાં બધું જ ચાલે એવી વૃત્તિ આજે પ્રગટ થતી ઘણીખરી દીર્ઘકાય નવલકથાઓ જાણે સૂચવી રહે છે. શ્રી ધીરેન્દ્ર મહેતાની નવલકથા 'વલય'* એના કદ લાઘવને લઈને આવી મનોવૃત્તિથી મુક્ત રહી છે. ધારત તો પ્રણય જેવા સનાતન વિષયને અનેક નિરર્થક અને તાલમેલિયા પ્રસંગો તથા નિરૂપણોથી સપાટી પરની વલયલીલામાં પાંખો કરી નાખ્યો હોત; પરંતુ પ્રણયની મસ્તી-મુગ્ધતાની સાથે સાથે એની ગંભીરતા પણ એટલી જ છે, કદાચ વિશેષ છે, એ એમણે કલાકારના સંયમમાં રહીને બતાવવાનો પ્રયાસ કર્યો છે.

અમદાવાદની કૉલેજ-હૉસ્ટેલમાં અભ્યાસ કરવા આવેલો ત્રિલોક કાજલ પ્રતિ આકર્ષાય છે, છતાં ય જાણે જીવનમાં એકલવાયો રહેવા સર્જાયો હોય તેવા ખયાલમાં રચ્યોપચ્યો રહે છે. બુદ્ધિ અને લાગણીનાં બે વલયો એકમેકને સ્પર્શતાં તો ક્યારેક છેદતાં-ભેદતાં, જીવનાનુભવના મહાર્ણવમાં રચાયે જાય છે. એ આકર્ષણમાંથી સભાનપણે છટકવાનો પ્રયાસ અને અભાન રીતે એમાં જ બદ્ધ થવાની પ્રતિક્રિયા એ છે. ત્રિલોકના જીવનની ફલશ્રુતિ. વચમાં ત્રિલોકનું શૈશવપ્રિય પાત્ર સત્યા એના સ્મરણ દ્વારા તો ક્યારેક ક્યારેક પ્રત્યક્ષ રીતે દેખા દઈ જાય છે. ત્રિલોક ને કાજલના અનેક ગમાઅણગમા, આકર્ષણ-અનાકર્ષણનાં વલયો વાર્તાને ગૂંથતાં જાય છે અને એક વધુ વલય સર્જાય છે— ત્રિલોક વધુ અભ્યાસાર્થે અમેરિકા જાય છે. એ દેશમાં એની મુક્ત વિચારધારા ખીલે છે. છતાં કાજલને ભૂલવા મથતો આ નાયક એની યાદનાં વધુ ને વધુ વલયો જ રચતો જાય છે. અને શરૂઆતમાં કાજલથી દૂર રહી ત્યાંના વાતાવરણમાં સાનુકૂળતા ભાળી ગએલો ત્રિલોક અંતે ત્યાંથી ભાગે છે—પોતાના જ એકલવાયાપણાના ખયાલથી ભડકીને ભારતમાં રહેલી કાજલને ભેટવા. પણ તે પહેલાં તો ત્રિલોકની ગેરહાજરીથી મન અને તનથી ભાંગી પડેલી કાજલ ડૉ. નિકેતના સંબંધમાં આવે છે, આકર્ષાય છે અને જીવન અર્પી દે છે. આખ્યા બાદ કાજલની ડાયરી ત્રિલોકના હાથમાં આવે છે. એ પરિસ્થિતિ કળી જવા જેટલો બુદ્ધિમાન છે જ અને એના પોતાના જ શબ્દો એને યાદ આવે છે: 'તમે જેને ભવિષ્ય કહો છો તેના પર માણસનો કશો વશ નથી. અને જેના પર માણસનો વશ ન હોય તેની ચર્ચામાં હું સમય બગાડવા નથી માગતો...' (પૃ. ૨૩૯) હવે એને સમય બગાડવો પાલવે તેમ જ ક્યાં હતો! વળી પાછું સદંતર નિરાશાનું એક નવું વલય રચી વાર્તા પૂરી થાય છે.

નરૂપણની દૃષ્ટિએ વાચકની જિજ્ઞાસાને સ-તેજ રાખી શકે તે રીતે વાર્તા વહે છે. પરંતુ પાત્રાલેખનની બાબતમાં ધારી સફળતા મળી નથી. બધાં જ પાત્રો એક યા બીજા પ્રસંગે જીવનની ફિલસૂફી ડહોળવા બેસી જાય કે અનુભવનો અર્થ કરવા બેસી જાય ત્યારે સૌની લઢણ એકસરખી જ લાગે! ક્યારેક તો લેખકનાં જ ભાષા-વિચાર-સંવેદનને એ પાત્ર પણ બોલવા લાગી જાય છે ત્યારે પાત્રના પરિવેશમાં વાર્તાકાર જ છતો થઈ જાય છે. પણ આ હજી વાર્તાકારની પ્રથમ નવલકથા છે એટલે એમણે અહીં પ્રગટાવેલી શક્તિઓ જોતાં ભાવિ કૃતિઓમાં સહજ ભાષા ને સાહજિક પાત્રનિરૂપણ એમને સાધ્ય થઈ શકશે એમાં સંદેહ નથી.

કેટલાંક વર્ણનો સ્વતંત્ર રીતે કાવ્યાત્મક છે તો ઠેર ઠેર શૈલીમાં કવિત્વની છાંટ પણ જોઈ શકાય છે. અલંકારોનો પણ એમણે શૈલીમાં સંયમિત ઉપયોગ કર્યો છે. પૃ. ૧૫૯ પર છે તેવા ગતિશીલ ધારદાર સંવાદો પણ વાર્તાપ્રવાહને રોચક બનાવે છે. એકંદરે લક્ષ તરફ સીધી ગતિ કરતી આ નવલકથા ધીરેન્દ્ર મહેતાની કલાસાધનાનો સન્નિષ્ઠ પ્રથમ પ્રયાસ છે. –ધી. પ.

* લોકપ્રિય પ્રકાશન, ૧૧૦/૧૧૨, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨; પાકું પૂઠું: પૃ. ૨૪૦, રૂ. ૭-૨૫

શબ્દકથા: લવજી-લૌવા

બાળક પ્રત્યેના સ્વાભાવિક સ્નેહ ને આકર્ષણમાં તેની લઘુ આકૃતિ, 'છોટી-સી મૂરત', રમણીય ને નિર્દોષ લાગતી હોઈ મોટો ભાગ ભજવે છે. આથી તેને બોલાવવા કે તેનો નિર્દેશ કરવા સહેજે જે લઘુતાવાચક શબ્દો વપરાય છે, તેમાં પ્યાર અને લાડનો ભાવ પણ અત્યંત ભળેલો હોય છે.

આનાં બેત્રણ પરિણામ આવે છે. એક તો બાળક મોટું થતાં પણ તેને માટે વપરાતી લઘુતાવાચક સંજ્ઞા રૂઢ બનીને તેના ખરા નામની અવેજીમાં વપરાતી થઈ જાય—તે જ તેનું વિશેષ નામ બની બેસે (જેમ કે 'નાનુ'—'નાનુભાઈ', 'બચુ'—'બચુભાઈ'); અથવા તો, પહેલા બાળકથી બીજા બાળકનો ભેદ કરવાને કારણે પણ બીજાને માટે વપરાતી લઘુતાવાચક સંજ્ઞા તેના વિશેષ નામ તરીકે રૂઢ થઈ જાય (જેમ કે 'નાનકો', 'છોટો').

બીજું, લાડ અને પ્યારના વાચક શબ્દો, બધા ભાવવાહી શબ્દોની જેમ, વારંવાર વપરાતાં, મોળા, ઝાંખા કે ફીકા બનીને વપરાશમાંથી લુપ્ત થતા જાય ને તેની જગ્યાએ નવનવા શબ્દો ચલણમાં આવતા જાય (જેમ કે 'બચુ,' 'ટીનુ', 'કીકી', 'બાબો', 'મુન્નો' વગેરે); ને જ્યાં શબ્દ પોતે ન બદલાય ત્યાં પણ તેને લઘુતા અને લાડના વાચક વિવિધ પ્રત્યયો લાગીને તેના સ્વરૂપનું વૈવિધ્ય સધાતું રહે ('નાનો', 'નાનિયો', 'નાનુ', 'નાનકો', 'નાંધલો' 'નાલ્લો', 'નાનડિયો', 'બાબો', 'બાબુ', 'બાબુડો', 'બાબલો', 'બબલ,' 'બાબુલ', 'ટીણી', 'ટીનુડી', 'ટીનકી', 'ટીનકુડી', 'ટીણિયો' વગેરે).

આ ઉપરાંત બાળક પોતે એ સંબોધનોનું પોતાની કાલી મોબડી બોલીમાં જે રૂપાંતર કરે, તેમાંનાં કોઈ કોઈ સ્વરૂપ, વધુ મીઠાં લાગવાને કારણે, મૂળ સ્વરૂપની અવેજીમાં વપરાતું થઈ જાય.

આપણા થોડાક લઘુતાવાચક શબ્દો પરથી બનેલાં વિશેષ નામોને આપણે આ દૃષ્ટિએ તપાસીએ. લઘુતાવાચક શબ્દોમાં પહેલો જ નજરે ચડે તેવો શબ્દ છે 'લઘુ'. સંસ્કૃતમાં 'લઘુ' બંને અર્થ ધરાવે છે: 'વજનમાં હળવું' અને 'કદ, માપ, વય આદિમાં નાનું'. 'લઘુક' ઉપરથી પ્રાકૃત 'લહુઅ', વ્યત્યયથી 'હલુઅ', અને તેમાંથી થયું ગુજરાતી 'હળવું'.

'હળવું'માં માત્ર વજનનો અર્થ જળવાયો છે, પણ વય વગેરેની અલ્પતાનો વાચક 'લઘુ' વિશેષ નામ તરીકે પણ વપરાતો. જેમ કે 'લઘુરાજ'. પંદરમી શતાબ્દીના જૈન કવિ લાવણ્યસમયનું પૂર્વાશ્રમનું નામ 'લહુરાજ' હતું. આ 'લહુ' ઉપરથી 'લહુજી' અને પછી થયું 'લવજી', જે આગલી પેઢીઓમાં વિશેષ નામ તરીકે પ્રચલિત હતું.

અકબર-બિરબલની વાતોમાં બાદશાહના મસ્કરા કે વિદૂષક તરીકે 'લઉઓ' કે 'લૌવો' જાણીતો છે. જોડણીકોશની અટકળ એ શબ્દને લવારાની સાથે જોડવાની અને મૂળમાં 'લવ', 'લય' ધાતુ હોવાની છે; પણ દરબારમાં મસ્કરા અને વિદૂષક તરીકે વામન કે ઠીંગુજીને રાખવાની પ્રથા હતી તે જોતાં 'લઘુક', 'લહુઅ' ઉપરથી તે બન્યો હોવાનો વધુ સંભવ છે.

બીજા કેટલાક શબ્દોની ચર્ચા હવે પછી.

હરિવલ્લભ ભાયાણી

નવાં પ્રકાશનો

કથામંગલ-ભાગવત: આજના પ્રવૃત્તિપૂર્ણ યુગમાં રામાયણ, મહાભારત, ભાગવત, ઉપનિષદો વગેરે ગ્રંથમણિ વાંચવાનો સમય ઈચ્છુકોને રહેતો નથી એવી ફરિયાદને સ્વીકા-

રીએ તો ઉપર્યુક્ત પુસ્તિકાનું વાચન એવા એક ગ્રંથમણિ ભાગવતનો અર્થપૂર્ણ જીવનોપયોગી સાર વાચકોને જરૂર પૂરો પાડશે. શ્રીમદ્ ભાગવતના માહાત્મ્યથી માંડીને દશમ સ્કંધ સુધીના વિસ્તારને આ પુસ્તિકામાં રજૂ થએલી પાંત્રીસ કથાઓ આવરી લે છે. સરળ ભાષાશૈલીમાં લખાએલી આ કથાઓ સારા નાગરિકોના ઘડતરમાં પણ અમૂલ્ય ફાળો આપી રહે તેવી છે. લે૦ રમણલાલ સોની; પ્ર. સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ભદ્ર, અમદાવાદ-૧; કાચું પૂઠું; પૃ. ૧૧૮; રૂ. ૧-૨૫.

સદાચાર અને આરોગ્ય: રોજના જીવનવ્યવહારમાં જે સાદા નિયમો—સદાચાર—પાળવાથી તનનું આરોગ્ય જળવાઈ રહે છે તેની સરળ સમજૂતી આપતી પુસ્તિકાના પ્રથમ ભાગમાં ઊંઘ, હાજત, દેહશુદ્ધિ, ભૂખ, ભોજન, પીણાં વગેરેની ચર્ચા કરતાં આયુર્વેદમાંથી ચૂંટી કાઢેલાં ૧૦૮ સૂત્રો સમજાવવામાં આવ્યાં છે; જ્યારે બીજા ભાગમાં આરોગ્ય માટેનાં ઉપયોગી ૧૦૦ સુભાષિતો સરળાર્થ સાથે સંગ્રહી આપ્યાં છે. મૂળ મરાઠીમાં શ્રી બિંદુમાધવશાસ્ત્રી પંડિતે લખેલા પુસ્તકનું આ સરળ ગુજરાતી રૂપાંતર પ્રત્યેકને ઉપયોગી હોઈ વસાવવા જેવું છે. પ્રકાશક ઉપર મુજબ; કાચું પૂઠું; પૃ. ૧૨૪; રૂ. ૧-૨૫.

દયારામ રસધારા—૧: મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના અંતિમ તેજસ્વી તારક સમ કવિ દયારામની હસ્તપ્રતોને આધારે એમના સકલ કાવ્યદર્શનનું પ્રકાશન થાય એવા શુભાશયથી પ્રા. કેશવરામ કા. શાસ્ત્રી અને પ્રા. જીવનલાલ છ. જોશીના સહિયારા સંપાદન નીચેની પ્રથમ પુસ્તિકા, જેમાં અપૂર્ણ વૃત્રાસુરનું આખ્યાન, અજામિલાખ્યાન, રાસપંચાધ્યાયીનો ગરબો, પ્રેમરસ ગીતા, દાણરસચાતુરી અને રસિયાજીના મહિના એમ છ કૃતિઓ તે તે કૃતિની અધિકૃત વાચના સાથે સંગૃહીત કરી છે. ગ્રંથને અંતે મૂકવામાં આવેલાં પાઠાંતર પણ અભ્યાસીઓને ખૂબ જ ઉપયોગી થશે. પ્ર. ગુજરાત સાહિત્ય સભા ત્રણ દરવાજા, અમદાવાદ-૧; કાચું પૂઠું, પૃ. ૧૪૪, રૂ. ૪.

નામઘોષા—સાર: દરેક પ્રાંતને પોતાની ભાષામાં પોતાનું આગવું અધ્યાત્મસાહિત્ય હોય છે. અસમિયા (આસામી) ભાષામાં પણ એવા જે ગ્રંથો સર્વપૂજ્ય છે તેમાં પંદરમી સદીના અંત ભાગમાં થઈ ગએલા સંત માધવદેવનો 'નામઘોષા' અસમ પ્રદેશના ઘરેઘરમાં મોંઘું સ્થાન ધરાવે છે. એ દેશની પદયાત્રા દરમિયાન આ ગ્રંથના પરિચયમાં આવેલા સંત વિનોબાજીએ એનો સાર ગ્રહણ કરી મૂળ ગ્રંથની ૧૦૦૦ ઘોષાઓમાંથી ૫૫૯ ઘોષાઓ વિવરણ સાથે અહીં આપણને સંગૃહીત કરી આપી છે. એક

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



શિવકુમાર જોષી

જન્મ : ૧૬-૧૧-૧૯૧૬. ઉછેર અને અભ્યાસ અમદાવાદમાં. મુંબઈ યુનિ.ના સંસ્કૃત ઓનર્સ સાથેના ગ્રેડયુએટ. ૩૪ વર્ષથી કલકત્તામાં કાપડના વ્યવસાય સાથે ચિત્રકળા, ફોટોગ્રાફી અને અદાકારીમાં પણ ઊંડો રસ લેતા હોઈ, પોતાનાં ચિત્રો અને ફોટોગ્રાફ્સ પ્રદર્શિત કરવા ઉપરાંત અનેકવાર તખ્તા પર અભિનય પણ આપ્યો છે. પણ એ બધાથી યે વધુ વ્યાપ તો એમની લેખિનીનો છે. ૨૫૦ જેટલી વાર્તાઓ, ૪૦ એકાંકી અને રેડિયો નાટિકાઓ, ૧૮ લાંબાં નાટકો, પ્રવાસકથા, અનુવાદ વગેરેમાં વિસ્તૃત એ લેખન માટે એમને ઈ. ૧૯૭૦ના ગુજરાત સાહિત્યસભાનો રણજિતરામ સુવર્ણચંદ્રક. અને બંગભાષા પ્રસાર સમિતિ તરફથી રાષ્ટ્રપતિ સુવર્ણચંદ્રક સાથે મુંબઈ અને ગુજરાત રાજ્ય તથા અન્ય લેખન-હરીફાઈઓમાં મળી ૩૦થી યે વધુ પારિતોષિકો મળ્યાં છે.

૧ નવલકથા, નવલિકા કે નાટકો એ બધાંમાં સામાન્ય રીતે 'પ્રેમ' તો આવે જ છે. આ 'પ્રેમ'નું પરમ રહસ્ય સમજાવશો?

ઉ. 'પ્રેમ'ને હું શોધું છું. એની વ્યાખ્યા કે એનું સ્વરૂપ મારાથી દૂર ભાગી રહ્યાં છે.

૨ નવલિકા અંગેનું તમારું અનુભૂત મંતવ્ય જણાવશો?

ઉ. જે વાત બીજાઓને કહેવાનું દિલ થાય ને સહજ રીતે પ્રગટ થવાની આનાકાની ન કરે—પછી ભલેને ગમે તેવો ઘાટ કે ગમે તેવો શબ્દદેહ ધારણ કરે—એ મારે મન નવલિકા.

૩ તમારાં પાત્રોનું સર્જન વધુ અવલોકનથી થાય છે કે કલ્પનાથી?

ઉ. પાંચ-દસ ટકા અવલોકન, બાકીની કલ્પના.

૪ ગદ્ય કે પદ્ય હૃદયંગમ બનાવવા સર્જકે શું કરવું જોઈએ?

ઉ. ખાસ કશું કરવાનું સૂઝે ત્યારે એ બંનેનું આવી બને!

૫ શ્રેષ્ઠ અભિનય કોને કહેશો?

ઉ. અભિનય એ અનુભવીય અંશ છે. કોઈ ઉત્તમ તત્ત્વના સાક્ષાત્કાર જેવો એ અંગત અનુભવ છે.

૬ કયા સાહિત્યકાર સાથે ગાઢ મૈત્રી અનુભવી છે?

ઉ. સાહિત્યિકો સાથે હું સદા લઘુતાગ્રંથિ અનુભવું છું, એટલે મારે કોઈ સાહિત્યકાર એ સાહિત્યકાર છે એ કારણે મિત્ર નથી.

૭ આટઆટલાં સિદ્ધિ ને પ્રસિદ્ધિ પછી પણ તમે ખરેખર સુખી છો? સુખની તમારી અંગત માન્યતા જણાવશો?

ઉ. સર્જન, પ્રકાશન, સિદ્ધિ કે પ્રસિદ્ધિને 'સુખ' પદાર્થ સાથે વળી શો સંબંધ? એ ચારે પરિસ્થિતિ સાથે નાહવા નીચોવવાનો સંબંધ પણ ન હોય તેવાં કઈક સુખીજન મેં જોયાં છે. 'સુખ'ને શોધ્યે જવામાં થાક ન અનુભવાય, ઊલટાનો રસ પડે તો તે અવસ્થાને હું સુખી અવસ્થા ગણું.

૮ દેશપરદેશની સફરમાં કોના તરફ સવિશેષ આકર્ષણ થયું?

ઉ. ગ્રીક કવિ જ્હોન કુટસોહેરાસ (John P. Coutsoheras) તરફ સવિશેષ આકર્ષણ થયું હતું. મને એ સંતપુરુષ સમ લાગ્યા: ભાવુક અને શાંતિપ્રિય. એ ગ્રીસના ગાંધી ગણાય છે અને ઉત્તમ કવિ છે. મહા વિદ્વાન પણ ખરા. ભારત માટે, ભારતીય સંસ્કૃતિ માટે એમને ખૂબ માન છે.

૯ આરામનો આનંદ શામાં માણો છો? કોઈ ખાસ શૉખ?


ઉ. ખાસ શૉખ પગ લાંબા કરીને મનગમતા સહચારમાં અડ્ડો લગાવવામાં; કોઈ પણ વિષય ઉપર કશાં યે બંધન કે જવાબદારી સિવાય ગપ્પાં માર્યે જવામાં.

૧૦ પ્રિય પુસ્તક? પ્રિય લેખક? પ્રિય કવિ? પ્રિય પાત્ર?

ઉ. ગીતાંજલી અને રવીન્દ્રનાથ—રવીન્દ્રનાથ લેખક ને કવિ તરીકે, એમની સર્વતોમુખી પ્રતિભાને કારણે. મનગમતું પાત્ર 'આભ રુવે એની નવલખ ધારે'ની નાયિકા કાજલ.

૧૧ જીવનનો ખાસ યાદગાર સુખદ પ્રસંગ? દુઃખદ પ્રસંગ?

ઉ. પાર વિનાના સુખદ પ્રસંગોમાંથી પસાર થયો છું. વય અને તે વેળાની માનસિક અવસ્થા સુખ યા તો દુઃખ નક્કી કરતી. દરેક તબક્કે બંને પરિસ્થિતિ અનુભવી છે એટલે એકાદ પ્રસંગને ખાસ તારવી બતાવવો અશક્ય.



ઊર્મિની ઓળખ

નામી ગુજરાતી ગઝલકારોનાં જીવન તેમ જ કવનનો પરિચય

[૩૦]

કરાવનાર · જલન માતરી



'મુકબિલ' કુરેશી

ભાવનગરની ધરતીનો પણ ગુજરાતી ગઝલ સાહિત્ય ઉપર ઉપકાર ઓછો નથી. પૂર્વ કે પશ્ચિમ, ઉત્તર કે દક્ષિણ ગમે તે બાજુ નજર ઉઠાવીને જોઈએ તો ગઝલ-ગગનની ચારે બાજુ ચમકદાર તારાઓ જોવા મળશે. ભાઈશ્રી મુકબિલ કુરેશી ભાવનગરની ધરતીના એવા તેજસ્વી શાયર છે. ઈ. ૧૯૪૫માં ગઝલક્ષેત્રે પ્રવેશ કરીને આજ દિવસ સુધી સતત ભાવવાહી ચિંતનશીલ અને દાદપાત્ર ગઝલોનું સર્જન કરી રહ્યા છે.

ભાવનગરથી ૧૯૫૬ થી ૧૯૫૯ દરમ્યાન પ્રગટ થતા રહેલા ગઝલના અનિયતકાલિક 'સુરાલય'ના સંપાદકોમાંના એક તરીકે ફરજ બજાવી ચૂકેલા ભાઈશ્રી 'મુકબિલ' કુરેશીનું મૂળ નામ છે અબ્દુલકરીમ ચાંદભાઈ કુરેશી. એમના બે ગઝલ સંગ્રહો પ્રકટ થયા છે: 'પમરાટ' અને 'ગુલઝાર'.

જન્મ તા. ૨૪-૬-૧૯૨૫ના રોજ રાણપુર (સૌરાષ્ટ્ર)માં થએલો. મૅટ્રિક થયા પછી વેસ્ટર્ન રેલવેના ભાવનગર ડિવિઝનના ડિવિઝનલ સુપરિન્ટૅન્ડેન્ટની ઑફિસમાં સીનિયર કલાર્ક તરીકે સેવા આપી રહ્યા છે. રાજકોટ રેડિયો પરથી અવારનવાર તેમની ગઝલો પ્રસારિત થાય છે.

એક આંખમાં ગંગા અને એક આંખમાં ઝમઝમ માગી બે સંસ્કૃતિ કેરો નિજમાં સંગમ ઇચ્છતા, આશા અને નિરાશાને દિલમાં સંઘરી બે તલવાર માટે એક જ મ્યાન રાખનારા, સોનું છે કે કથીર એ બાબતનું પારખું લેવા કાજે પોતાની જાતને આગમાં તપાવવા માગતા આ શાયરના શે'રોનો આસ્વાદ લઈએ :

તમારી શોધ કંઈ કરજો કદી કોઈ મહાલયમાં,
નથી સંન્યાસી કે તમને મળું કો'દી હિમાલયમાં;
જરૂરત આપને લાગે અગર મારા મિલન કેરી,
ગમે ત્યારે મળી જાજો મને કોઈ સુરાલયમાં.

આ આસમાન વૃદ્ધ અકાળે બની ગયું,
કડવા અનુભવો જ મળ્યા હોવા જોઈએ;
તારક સમાન છિદ્ર પુરાવો છે તન ઉપર,
દુનિયાના ક્રૂર ઘાવ સહ્યા હોવા જોઈએ.

દિલના કરતાં જામની ઝાઝી કદર થઈ જાય છે,
ને સુરાની વિશ્વ પર ઘેરી અસર થઈ જાય છે;
દિલ જો તૂટે છે તો કોઈને ખબર પડતી નથી,
જામ ફૂટે છે તો દુનિયાને ખબર થઈ જાય છે.

હું એક શું અનેક યુગોને જીવી લઈશ,
જીવનમાં એકવાર મુલાકાત આપજે.

પળો જે હાથમાં આવી છે તે સરી જાશે,
પછી તો યાદનાં રણ વિશ્વે વિસ્તરી જાશે.

ભાગ્ય કેવું કે વસંતો પાનખર થઈ જાય છે,
પાણી પણ મુજને મળ્યું છે ઝાંઝવાંના રૂપમાં!

તમારું ખુદનું વર્તન પણ નથી સમજાતું મારાથી,
તિરસ્કારો છો મુજને, ઘરમાં રાખો છો છબી મારી
નવી ધૂનો, નવી તરજો, અમે પેદા કરી લેશું,
ભલેને હાથમાં બેડી ને પગમાં શૃંખલા આપી.

નફરતની પણ જરૂર છે જીવનમાં કોક દી'
કરતા રહેશો આપ મને પ્યાર ક્યાં સુધી?

તમારી 'હા'માં હમેશાં એ હા જ પાડે છે,
નહીં તો કોઈ દી 'મુકબિલ' કબૂલ થાય નહિ.

દૃષ્ટિ ખોઈ વિરહમાં, તુજ આગમનના છે ખબર
ક્યાંથી લાઉં દર્શ માટે હું હવે લોચન નવાં?

સુરાહી કેટલી ખાલી કરી પણ ના તરસ છીપી,
નજરવાળા કહો કોની હશે લાગી નજર અમને?

તુજ ઘર સિવાયની કોઈ યાત્રા ગમી નથી,
ઝમઝમ ગમ્યું નથી અને ગંગા ગમી નથી.

વિસંવાદી જીવન મુકબિલ! જીવું છું વિશ્વમાં આજે
નથી ઠેકાણું સૂરનું તો ય લયથી કામ લીધું છે.

દિલના બધા તરંગને આપું છું ન્યાય હું,
મુકબિલ! હું આજ મુજને જહાંગીર જોઉં છું.

કાયદાની કેદ તેં એમાંય રાખી છે ભલા,
એ ખુદા ના થાય છે તુજ બંદગી મરજી મુજબ.

સુખી છું એટલે મુકબિલ હમેશાં વિશ્વની નજરે,
હૃદયની આગના જાહેરમાં ભડકા નથી હોતા.

કેવી રીતે કાફલો મંઝિલ ઉપર પહોંચી શકે,
મૂલ્ય મંઝિલથી વધુ જ્યાં કાફલાનું થઈ ગયું.

અરે ઓ રૂપ! બુદ્ધિવાળા પાસે તુજ કદર કેવી?
ખુદાનો પાડ માની લે કે દીવાના સલામત છે.

લાલચ હઝાર સ્વર્ગની જો આપવી હો, આપ!
કિંતુ ગુનાહ કર્યા વિના આદમ નહિ રહે.

તમે ચાહો છો મારા મુખ થકી મારી પ્રશંસાને,
ચઢા'વા ફૂલ બે મારા મઝારે હું નહિ આવું,
મને ભવરણમાં ભટકી ભટકીને દૃષ્ટિ મળી સાચી,
જીવન! જોજે ફરી મૃગજળને આરે હું નહીં આવું.

શું કસોટી આ રીતે કરતી હશે એ વ્યોમની
રોજ સંધ્યા રક્ત પોતાનું નિતારી જોઈને?

ચરણે ધર્યાં સમંદરે અણમોલ મોતીઓ,
ડૂબી ગયો હું જ્યારે કિનારાની આશમાં.

મારા જીવનને દર્દ, વ્યથા, ગમ વરી ગયાં,
એક તું જ છે ખુશી! તને વરતાં ન આવડ્યું!

સદા આશા-નિરાશા સંઘરું છું એ રીતે દિલમાં,
કે બે તલવાર માટે જાણે હું એક મ્યાન રાખું છું.

અસ્તિત્વ 'પ્રેમ' શબ્દનું કાયમ નહિ રહે,
તો જગમાં કોઈ ચીજ મુલાયમ નહિ રહે.

મુકદ્દરને સદા આગળ ધરે છે માનવી ત્યારે,
મળે છે જિંદગીમાં જ્યારે કો' વસ્તુ વગરમાગી.

પ્રાંતનો અધ્યાત્મ અને સંસ્કારવારસો આ રીતે બીજા પ્રાંતમાં પ્રવેશી રાષ્ટ્રીય એક્તા અને માનવમૈત્રી સ્થાપવામાં સહાયભૂત નીવડે છે એ આવાં પ્રકાશનોની ફલશ્રુતિ છે.

પ્રાર્થના, ઉપદેશ અને મહિમા એમ ત્રણ ખંડમાં આ ઘોષાઓ વહેંચાએલી છે. માનવજીવનને ભક્તિરસથી ભરવાની સાથે જીવનોપયોગી ઉપદેશ પણ આ ઘોષાઓ પૂરો પાડે છે. ઘોષાઓનો ગુજરાતી અનુવાદ શ્રી પ્રવીણાબેન દેસાઈ તથા શ્રી ચુનીભાઈ વૈદ્યે કર્યો છે, જ્યારે ગ્રંથને અંતે મૂળ વિનોબાજીના વિવરણનો અનુવાદ શ્રી કાન્તાબેન શાહે કર્યો છે. પાકું પૂઠું; રૂ. ૪-૫૦; કાચું પૂઠું; રૂ. ૪; પૃ. ૪૦૦; પ્ર. યજ્ઞ પ્રકાશન, હુઝરાતપાગા, વડોદરા-૧.

જય ધરાસણા! ભાગ ૧-૨; ભારતના સ્વાતંત્ર્ય ઇતિહાસમાં ધરાસણાનો સત્યાગ્રહ મહત્ત્વનું પ્રકરણ ગણાય છે. ગુજરાતના યુવાનોએ ત્યાં અહિંસક નમકસત્યાગ્રહ કેવો ચલાવ્યો એ હકીકતનો નજરે દેખ્યો અહેવાલ આપતી પુસ્તિકા; લે૦ જ્યોત્સ્ના શુક્લ; પ્ર. ગુજરાત રાજ્ય સમાજ શિક્ષણ સમિતિ, મ્યુઝિયમ પાસે, ચોક, સૂરત; ભાગ-૧ કાચું પૂઠું; પૃ. ૩૬; ૬૦ પૈસા. ભાગ-૨ પૃ. ૪૪, ૭૫ પૈસા.

સંપુટ: મનોરંજનની સાથે સાથે મનોવિકાસ કરે તેવા સાહિત્યની પણ દરેક પ્રજાને દરેક સમયે આવશ્યકતા રહે જ છે. શ્રી વિષ્ણુકુમાર પંડ્યાએ સંત-મહાત્માઓનાં જીવનપરથી

'કુમાર'નાં વાર્ષિક અને ચાલુ પારિતોષિકોનો નિર્ણય

પારિતોષિક	શા માટે	કોને	નિર્ણાયકો
 ઈ. ૧૯૭૧નો 'કુમાર'-ચન્દ્રક	વર્ષભરની સર્જનાત્મક કૃતિઓમાં શ્રેષ્ઠ પ્રદાન માટેનો; એમનાં કાવ્યો તેમજ વિવેચનલેખો માટે	 પ્રો. ધીરુભાઈ પરીખને	સર્વશ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી અનંતરાય રાવળ યશવંત શુક્લ
'કુમાર' તરફથી રૂ. ૩૦નું પારિતોષિક	ઇ. ૧૯૭૧ના વર્ષની શ્રેષ્ઠ વાર્તા 'લક્ષ્મણરેખા' માટે	શ્રી કલહંસ જોષીને	શ્રી અનંતરાય રાવળ અને 'કુમાર'ના તંત્રી
'એક લેખક' તરફથી રૂ. ૩૦નું પારિતોષિક	ઇ. ૧૯૭૧ના શ્રેષ્ઠ કાવ્ય માટે	શ્રી ભાનુપ્રસાદ પંડયાને	પ્રો. રમણલાલ શાહ અને શ્રી રાજેન્દ્ર શાહ
હરિઃ ૐ આશ્રમ નડિયાદ તરફથી રૂ. ૫૦નું પારિતોષિક	ગયા માસ (ફેબ્રુઆરી)માં આવેલા મુનિશ્રી પુણ્યવિજયજી જીવનચરિત્ર માટે	પ્રો. ધીરુભાઈ પરીખને	'કુમાર'ના તંત્રી
હરિઃ ૐ આશ્રમ નડિયાદ તરફથી રૂ. ૫૦નું પારિતોષિક	ગયા અંકમાં આવેલા શ્રેષ્ઠ ચિત્ર 'વાસંતી' માટે	કલાકાર રસિકલાલ પરીખને	'કુમાર'ના તંત્રી

પ્રેરણા લઈ સ્વતંત્ર કથા સ્વરૂપે જે કેટલાક પ્રેરક પ્રસંગો 'મુંબાઈ સમાચાર' દૈનિકમાં ઈ. ૧૯૬૭ થી'૬૯ દરમિયાન 'વીણેલાં મોતી' એ શીર્ષક તળે રજૂ કર્યા હતા તે અહીં સંગૃહીત કરવામાં આવ્યા છે. જીવનઘડતરમાં નીતિ, સદાચાર, ધર્મ, કર્મ, ભક્તિ, જ્ઞાન વગેરેના દૃષ્ટાંતસપન્ન આ પ્રસંગો આજનાં તેમજ આવતી કાલનાં નાગરિકોને ઉચ્ચ ભૂમિકાએ લઈ જવામાં મહત્ત્વનો ફાળો આપી રહેશે. એની સરળ અને નિખાલસ શૈલી તેમજ આકર્ષક રજૂઆત પ્રસંગોને આસ્વાદ્ય બનાવે છે. પ્રત્યેકને પ્રેરણા આપનારું આ પુસ્તક સૌએ વાંચવું જોઈએ. આદર્શ પ્રકાશન. રાયખડ રોડ, અમદાવાદ-૧

રૂમનો ટી. બી. પેશન્ટ: પ્રયોગાત્મક સાત એકાંકીઓનો શ્રી રમેશ શાહનો પ્રથમ સંગ્રહ; પ્રાપ્તિસ્થાન: ઉપરમુજબ, પૃ. ૧૧૨; રૂ.૪

વનસ્પતિ દેહધર્મ વિદ્યા: માયર અને ઍન્ડર્સનના પ્રસિદ્ધ અમેરિકન પાઠ્ય પુસ્તક 'પ્લાન્ટ ફીઝિયૉલૉજી'નો આ ગુજરાતી અનુવાદ વડોદરા યુનિવર્સિટીના પ્રા. ડૉ. ચંદ્રવદન હી. પાઠક પાસે, મૂળ પુસ્તકની બીજી આવૃત્તિને મહદંશે વફાદાર રહીને, આપણે ત્યાં કૉલેજ કક્ષાએ વિદ્યાર્થીઓ-પ્રાધ્યાપકોને એ વિષયમાં માર્ગદર્શન થઈ પડે તે આશયથી ગુજરાત યુનિવર્સિટીએ (અમદાવાદ-૯) કરાવ્યો છે. સવા બાસો પાનાંના આ દળદાર ગ્રંથમાં ૩૬ પ્રકરણોની સંકલના, અભ્યાસક્રમમાં અમુક પ્રકરણો લઈ શકાય એ રીતે થએલી છે. આ વિષયનું આપણી ભાષામાં આ પ્રથમ જ પુસ્તક હોવાથી એ વિષયના અભ્યાસીઓ તથા વિદ્યાર્થીઓનાં અભ્યાસની ક્ષિતિજ વિસ્તારમાં મહત્ત્વનું કામ કરી રહેશે. રૂ. ૨૮.

ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસ: ભારતની સ્વતંત્રતાના ઇતિહાસમાં ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસનો ફાળો અદ્વિતીય અને અનસ્ત રહેવાનો છે. આજે ભારત સ્વતંત્ર થયા પછી છેલ્લે ભારતની આ જૂની રાજકીય સંસ્થાના ભાગલા પડી ગયા અને જે દાસ્તાન સર્જાઈ તે કાળે અસલ કૉંગ્રેસનો જન્મ તથા વિકાસ કેવી રીતે થયો, એણે શું કાર્ય કર્યું, કોણે કોણે એમાં ફાળો આપ્યો તેની આખીય કથા (જે અહીં પુસ્તિકાના બે ખંડોમાં રજૂ કરવામાં આવી છે તે) રસપ્રદ અને પ્રેરક બની રહેશે. પહેલો ખંડ–લે. નરહરિ દ્વા. પરીખ; બીજો ખંડ-નરહરિ કે. ભટ્ટ; પ્રકા. વિશ્વમાનવ સંસ્કાર શિક્ષણ ટ્રસ્ટ; વડોદરા-૧ કાચું પૂઠું; પૃ. ૧૩૬; રૂ. ૪.

લબ્ધિપ્રકાશ: જૈનરત્ન પૂ. લબ્ધિ સૂરીશ્વરજીની પર્યેષક દૃષ્ટિએ જીવનને ઉપયોગી જણાએલાં તત્ત્વોને અર્થગંભીર રીતે અહીં રજૂ કર્યાં છે. મુમુક્ષુઓને સમગ્ર જૈન શાસનનો સાર સમજાવી દે તો આ ગ્રંથ જીવનમર્મની આ તત્ત્વદૃષ્ટિનું પ્રેરક વાચન આપી રહેશે. મૂળ સંસ્કૃત શ્લોકોનું વિસ્તૃત વિવરણ આપ્યું છે મુનિરાજ શ્રી રાજ્યશવિજયજી મહારાજે. પ્રકા. પૂ. આ. મ. શ્રી વિજયલબ્ધિ સૂરીશ્વર સ્મારક સંસ્કૃતિ કેન્દ્ર, પ્રાર્થના સમાજ: મુંબઈ-૪; કાચું પૂઠું; પૃ. ૨૩૨; મૂલ્ય જણાવ્યું નથી.

સોહિણી: આપણા જાણીતા નાટ્ય લેખક પરમસુખ પંડયાની ત્રણ લઘુ નવલો— 'માટીના દેવ' 'પારકી થાપણ' અને 'સોહિણી' —નો સંગ્રહ પરંપરાગત વસ્તુ અને શૈલી છતાં. સુવાચ્ય બનતી આ કૃતિઓ હૃદ્ય છે. પ્રકા. એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ. ૧૬૪, પ્રિન્સેસ સ્ટ્રીટ; મુંબાઈ-૨; પાકું પૂઠું; પૃ. ૩૦૪; રૂ. ૫.

ગુલબદન: જાણીતા કથાલેખક સૈફ પાલનપુરીની આ ૧૬મી નવલકથા એમના વાચકવર્ગને ગમશે. ફાલ્ગુની પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧; પાકું પૂઠું; પૃ. ૩૩૫; રૂ. ૯.

નીરોગી નારી: સ્ત્રી-આરોગ્યના અનેક પ્રશ્નોને વૈદ્ય નવીનભાઈ ઓઝાએ આ પુસ્તિકામાં સમજપૂર્વક ચર્ચ્યા છે. સ્ત્રીઓ સ્વયં એ વાંચી પોતાના શારીરિક-માનસિક આરોગ્યના મૂંઝવતા પ્રશ્નો અંગે કંઈક માર્ગદર્શન મેળવી શકશે. પ્ર. શ્રીમતી હરનીતા ઓઝા, કોલકી, જિ. રાજકોટ,, કાચું પૂઠું; પૃ. ૮૪; રૂ. ૨.

કલાયાત્રી

વૃંદાવન સોલંકી






▽ સૌરાષ્ટ્રના વગડાનું એક દશ્ય. નીચે ડાબી બાજુ પાનવાળાની દુકાન તથા જમણી બાજુ ભેંસો.

મુંબાઈની જહાંગીર આર્ટ ગૅલૅરીમાં આ માસની તા. ૧૫ થી ૨૧ દરમિયાન ગુજરાત સૌરાષ્ટ્રનાં દશ્યો, પાનવાળાની દુકાનો અને ભેંસોનાં માત્ર કાળા રંગમાં અને તે યે રેખા-ટપકાંથી જ કરેલાં ચિત્રો પ્રદર્શિત થયાં છે. ચિત્રકાર છે જૂનાગઢના વૃંદાવન સોલંકી. ઈ. ૧૯૪૨માં એમનો જન્મ. એક વર્ષ મુંબાઇ અને વડોદરામાં એમણે ચિત્રકળાનો અભ્યાસ કર્યો એ દરમિયાન જ દિલ્હીની લલિતકલા ઍકેડેમી, ગુજરાત રાજ્ય, ગ્વાલિયર, દિલ્હીની ફાઈન આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ સોસાએટી તથા બૉમ્બે આર્ટ સોસાએટીનાં ચિત્રપ્રદર્શનોમાં તે ભાગ લઈ ચૂકયા હતા. ૧૯૬૯માં એમણે મુંબાઈની જહાંગીર આર્ટ ગૅલૅરીમાં પોતાનો પ્રથમ 'વન મૅન શો' કર્યો. આ પછી પણ તેઓ અનેક પ્રદર્શનોમાં પોતાની કૃતિઓ રજૂ કરતા રહ્યા છે, જેમાં ૧૯૬૬ અને '૬૯માં ગુજરાત રાજ્યનાં પ્રદર્શનોમાં પહેલાં ઈનામો ને ૧૯૬૭-માં ગ્વાલિયરના તથા એ જ વર્ષે બૉમ્બે આર્ટ સોસાએટીનાં પ્રદર્શનોમાં પણ પારિતોષિકો મેળવેલાં. ૧૯૭૦માં આર્ટ સોસાએટી ઑવ ઇંડિયાનો સુવર્ણચંદ્રક મેળવ્યો અને સર્વોત્તમ પાત્રાલેખન માટે ઈનામ પણ.

ન્યૂ યૉર્કની એર-ઇંડિયાની બુકિંગ ઑફિસ માટે પણ એમણે એક મોટું મ્યુરલ બનાવ્યું છે. એ જ રીતે ગુજરાત રાજ્યે ભરૂચમાં યોજેલા ઉદ્યોગ અને ખેતીવાડીના પ્રદર્શન માટે તથા દિલ્હીમાં ગાંધી જન્મશતાબ્દી નિમિત્તના પ્રદર્શનમાં અને જૂનાગઢની ગુજરાતી સાહિત્ય પરિષદ માટે પણ મોટાં મ્યુરલ કરેલાં.

કલાને જ વ્યવસાય તરીકે અપનાવી હોઈ એમનાં ચિત્રસર્જનોનો ફાલ સતત જારી રહ્યો છે. મુખ્યત્વે માત્ર કાળી રેખાઓ અને ટપકાં-ઓમાં જ તેઓ ચિત્રો કરતા હોઈએ એમની એક ધાટી બની રહી છે. આ રીતે એમનાં ચિત્ર-સંયોજનો પણ આગવાં બની રહે છે. અહીં આપેલી એમના છેલ્લા પ્રદર્શનમાંની ત્રણ કૃતિ-ઓની આ નાની છાપમાં કદાચ એ બહુ સ્પષ્ટ ન થાય, પણ એના અસલ કદમાં એમની આ ચિત્રશક્તિ સારી રીતે ઊપસી આવે છે. ભેંસો પ્રત્યે એમને કંઈક વધુ પક્ષપાત છે. દશ્ય ચિત્ર-માં એમણે લીધેલો દષ્ટિકોણ તથા ચિત્રમાંની વિગતો ને ગામડાના પાનવાળાની દુકાનનું આ-લેખન એમની દષ્ટિ અને શક્તિનાં દ્યોતક છે.





ટેડ શૉન

સ્થળ:
લિંકન સેંટર, ન્યૂ યૉર્ક
તારીખ:
૧૮મી ઑક્ટોબર ૧૯૭૧
સમય:
સાંજના છ વાગ્યે

લેખક
સુનીલ કોઠારી

પ્રસંગ:
: અમેરિકામાં નૃત્યજગતના પિતા સમા ટેડ શૉનનો ૮૦મો જન્મદિવસ.



ટેડ શૉન (પોતાના હસ્તાક્ષરો સાથે એમણે લેખકને મોકલેલો ફોટોગ્રાફ). આ 'શિવનૃત્ય' માટે પાછળનું તેજવલય ભારતમાં બનાવડાવીને તેઓ ન્યૂ યૉર્ક લઈ ગએલા. નૃત્યારંભમાં તેઓ આ રીતે શિવ તરીકે રજૂ થતા.

ન્યૂ યૉર્કમાં ઉપસ્થિત નૃત્યજગતના તમામે તમામ અગ્રણી, નૃત્ય-સંકલનકાર (કોરીઓગ્રાફર્સ), સોલો-ઈસ્ટ્સ (એકમ નર્તન કરનાર), નવા ચીલા પાડનાર, મૉડર્ન ડાન્સના પુરસ્કર્તા, ત્રણ ત્રણ પેઢીઓનો ઇતિહાસ કહી શકે તેવા ટેડ શૉનના સમવયી મિત્રો ને નૃત્યકારો, હેન્યા હોમ, એલિસિયા માર્કોવા, હૉલીવૂડમાં ડંકો વગાડનારી અભિનેત્રી ગ્લૉરિયા સ્વાનસન, લિંકન સેંટર ઓપેરાના મુખ્ય કંડક્ટર, સિટી સેંટર જ્યૉફ્રે બૅલેના રૉબર્ટ જ્યૉફ્રે, ભારતીય નૃત્યો તંતોતંત અપનાવનાર મેટ્રેયો, દિલીપકુમાર રાય ચૌધરીના નૃત્યકાર પુત્ર ભાસ્કર, લૅટેવિયા દેશની વીજા વેત્રા, નૃત્યવિવેચકોમાં સંમાન્ય વૉલ્ટર ટેરી, વૉલ્ટર સૉરેલ, એડવર્ડ ડૅન્બી, સૅલ્મા જીન કોહેન અને 'પાપા' શૉનના નૃત્યજગતના પુત્રો, પૌત્રો, પ્રપૌત્રો, અમેરિકન નૃત્યમાં સિદ્ધિનાં શિખરો સર કરનારા જીવનન્યોછાવર કરનાર, ખુવાર થઈ ગએલી, એમ નૃત્યકલાના કંઈ કંઈ ઉપાસકો ને રસિકાઓનો આ અપૂર્વ મેળો હતો.

તે પહેલાં સપ્ટેમ્બરમાં આપણા 'ચાંદામામા'–ચન્દ્રવદન મહેતા ભેગા કોપનહેગન કૉન્ફરન્સમાં જવાનો મને લ્હાવો મળ્યો હતો. આ ફેરાની 'ઈન્ટરનૅશનલ ફેડરેશન ફૉર થીએટર રીસર્ચ કૉંગ્રેસે', 'અઢારમી અને ઓગણીસમી સદીમાં નૃત્યની દશા' વિષે એક પરિસંવાદ યોજેલો. તેમાં ભાગ લેવા ચં. ચી. મહેતા, મૃણાલિની સારાભાઈ તથા મને નોતરું હતું. અમારે ભાગે સવારની બે બેઠકો હતી. મેં કથકલી વિષે રંગીન સ્લાઈડ્સ સાથે વાર્તાલાપ આપેલો. તે પ્રત્યે ન્યૂ યૉર્કના 'ડાન્સ પરસ્પૅક્ટિવ' સામયિકના તંત્રી સેલ્મા જીન કોહેને આવી કથકલીમાં પાત્રોના વિશિષ્ટ રંગવિધાનની ખૂબીઓ જાણી પીઠ થાબડેલી. એમના સામયિકનો હું ગ્રાહક, અને પત્રવ્યવહાર પણ ખરો. ખાસ ન્યૂ યૉર્કથી તે આવેલી. કહે: 'અમેરિકા ગયો છે ખરો? ટેડ શૉનને તો જાણતો જ હોઈશ. ઑક્ટોબરમાં ટેડ શૉનની વર્ષગાંઠ છે, તે નિમિત્તે અવાય તો આવજે. ઘણાંબધાંને એકસાથે રૂબરૂ મળાશે.'

કોપનહેગનથી અમે લંડન ગયા. ચાંદામામા તો વહેલા ન્યૂ યૉર્ક જવાના હતા. બ્રસેલ્સ, ઍન્ટવર્પ, પારી(સ), ઍમ્સ્ટર્ડૅમ એમ બધે નૃત્ય પર મારા વાર્તાલાપો યોજાયા હતા. ઍમ્સ્ટર્ડૅમમાં ત્યાંના નૅશનલ બૅલેના મુખ્ય સંકલનકાર હાનસેનને ત્યાં ડ્રિંક-પાર્ટી. તેમણે પણ કહ્યું કે આ પ્રસંગ ચૂકવો નહિ. દરમિયાન લંડનમાં સેલ્મા કોહેને નિમંત્રણ મોકલી આપ્યું. અને એમ હું ન્યૂ યૉર્ક પહોંચ્યો. આમ અણધાર્યું ન્યૂ યૉર્ક જવાનું થશે એવી કલ્પના જ નહિ. અને તે ય આવા અભૂતપૂર્વ પ્રસંગે! એટલે માંહ્યલો થનગને. ટેડ શૉન સાથે ઠેઠ ૧૯૬૩થી પત્રવ્યવહાર. તેમનું આત્મકથાનક One Thousand and One Night Stands 'યુસિસ' લાયબ્રેરીમાં વાંચેલું અને તેમનાં પત્ની રૂથ સેન્ટ ડેનિસનું The untinished Life.'* પણ વાંચેલું. ત્યારથી આ દંપતી માટે મનમાં અહોભાવ! વળી, ભારતીય નૃત્યોમાં રસ લઈ તેના પ્રતિ સમસ્ત વિશ્વનું ધ્યાન આકૃષ્ટ કરનાર અમેરિકન કળાકારોમાં આ બંને વિખ્યાત રશિયન નર્તકી પાવલોવાની જેમ અગ્રણી. તેમના ભારતના પ્રવાસોના કંઈ કેટલા ય આકર્ષક, રંગીન, રોમાંચકારી અને રમૂજી પ્રસંગો તો મને મોઢે. એ 'પાપા' ટેડ શૉનને રૂબરૂ મળવાનું થશે એવી તો આશા યે નહિ. અને તે ખરેખર શક્ય બન્યું તે ઘટના ભૂલી શકું નહિ.

સાંજે લૅટેવિયાની વીજા વેત્રાનો ફોન આવ્યો. મદ્રાસમાં ચોક્કલિંગમ્ પિલ્લૈ પાસે ભરતનાટ્યમ્ શીખેલી. દેખાવે ઈંદ્રાણી રહેમાન જેવી લાગે. અગાઉ લંડનમાં મળેલી. ન્યૂ યૉર્કમાં રહે. તે સાથે આવવાની હતી. કાંજીવરમ્ સાડીમાં ઠસ્સા સાથે આવીને કહે: 'પપા ટેડ શૉન સાથે હું તારો ફોટો લઈશ. ચાલ, આવો પ્રસંગ કાંઈ ચુકાય?' અને અમે લિંકન સેંટરના ડાન્સ કલેક્શન વિભાગમાં પહોંચ્યાં. લંડનથી મારા આવવાના મેં અગાઉથી ખબર આપેલા એટલે મારા માટે રિસેપ્શનિસ્ટે આ પ્રસંગનાં ખાસ સુવેનીર, સાહિત્ય વગેરે બધું રાખેલું. આવે પ્રસંગે આપણે ત્યાં શાલ આપવાનો રિવાજ છે તેવું ધ્યાનમાં લઈ મેં મણિપુરની એક મઝાની શાલ સાથે લીધેલી. રિસેપ્શનિસ્ટે સૂચવ્યું કે બધાં સંદેશવાચન વગેરે પછી મારે જાતે તે તેમને ઓઢાડવી. મને ભારતથી આવેલો જાણી તેણે સારી એવી આગતાસ્વાગતા કરી.

ગોઠવેલું એવી રીતે કે પ્રવેશદ્વાર પાસે જ ખુરશીમાં ટેડ શૉનને બેસાડેલા. તેમના અંગત મંત્રી જ્હૉન ક્રિશ્ચિયન અને અન્યમંત્રી શ્રીમતી ગ્રેઈસ બડેરિક સૌનું સ્વાગત કરતાં હતાં અને પરિચય કરાવતાં હતાં. ભારત વિષે મમતાભરી લાગણી એટલે, અને તાજેતરમાં જ તેમના 'જૅકબ્સ પિલો' નૃત્યમહોત્સવમાં રીતાદેવીએ નૃત્યકાર્યક્રમો આપેલા તેથી, વિગતવાર મારી ઓળખાણ ટેડ શૉનને આપી. તે ઘણા ગળગળા થઈ ગયા અને ભાવપૂર્વક મળ્યા. પછી અંદરના ખંડમાં જ્યાં ટેડ શૉનના મહત્ત્વના પ્રસંગો ને નૃત્યપ્રયોગોની તસ્વીરોનું પ્રદર્શન યોજ્યું હતું તેમાં ૧૯૨૯માં મહાબલિપુરમનાં મંદિરો પાસે શિવના નૃત્યનો પોતાનો ફોટો બતાવ્યો અને અતીતની વાતો કહી. ૮૦ વર્ષે પણ છ ફૂટથી વધુ ઊંચા, ટટ્ટાર, કોઈનો ય સહારો લીધા વિના ચાલતા અને પૂરી યાદશક્તિથી સ્પષ્ટ બોલતા ટેડ શૉનના વ્યક્તિત્વથી ઘણો પ્રભાવિત થયો અને તેમના આવા અંગત આવકારથી હું કૃતજ્ઞતા અનુભવી રહ્યો. અન્ય મહેમાનો-

* જુઓ કુમાર અંક ૫૩૪માં 'ન્યૂ યૉર્કમાં રાધા' લેખ.







◁ ટેડ શૅાનને અભિનંદન આપવા જતા લેખક: સુનીલ કોઠારી (ફોટો: વીના વેત્રા). વચ્ચે 'એસ્તાર્તે' બૅલેથી ચકચાર જગાવનાર નવી પેઢીના રૉબર્ટ જ્યૅાફ્રી ને 'ડાન્સ પર્સ્પેક્ટિવ' સામયિક તંત્રી સેલ્માજિન કેરિન. જમણી બાજુ: હોલીવૂડની વિખ્યાત અભિનેત્રી ગ્લૅારિયા સ્વાનસન સા એક ફિલ્મમાં ટેડ શૅાને ભૂમિકા ભજવી હતી. (ટેડ શૅાનના હાથમાં એ ફિલ્મના એક દશ્યનું ચિત્ર છે.) એ પ્રસંગને સંભારીને ગ્લૅારિયા સ્વાનસ સાથે રમૂજ માણતા ટેડ શૅાન. નીચે: ડેનિશૅાન (રૂથ સેન્ટ ડેનિસ અને ટેડ શૅાન) દંપતીએ ઈ. ૧૯૧૫માં ધ સિદ્ધઝ ઑાવ અપર એ નામનું એક નૃત્ય રજૂ કરેલું. જે ઘણું જ વખણાયું હતું. પોતાના લગ્નજીવનની સુવર્ણ જયંતી નિમિત્તે એમણે એ જ નૃત્ય રજૂ કરીને પોતાન પ્રેરણાદાતા ભારત દેશને એમણે અંજલિ આપી હતી. એ નૃત્યનું એક દશ્ય. રૂથ સેન્ટ ડેનિસ અમેરિકાનાં વિખ્યાત નૃત્યાંગના હતાં. ઈ. ૧૮૭૭થ બૅલેનો આરંભ કરી એમણે એમાં પૂર્વીય નૃત્યશૈલી ભેળવીને આગવાં નૃત્યસર્જનો કર્યાં. પતિ ટેડ શૅાન સાથે સ્થાપેલી 'ડેનિ શૅાન' નૃત્યમંડળી : શાળા દ્વારા એમણે નૃત્ય અંગે નવા જ ખયાલો રજૂ કરીને અમેરિકાને એ ક્ષેત્રે ઊંચું આણેલું. ઈ. ૧૯૬૮માં એમનું અવસાન થયું.

નો ધસારો હોવાથી જ્હૉન ક્રિશ્ચિયન એમને પાછા પ્રવેશદ્વારે લઈ ગયા. સમગ્ર વાતાવરણમાં એક પ્રકારની ઉત્તેજના અને ઉત્સાહ વર્તાતાં હતાં.

એડવિન માયર્સ ટેડ શૅાનનો જન્મ ઑાક્ટોબર ૧૮૯૧માં અમેરિકાના કાન્સાસ સિટીમાં થયો હતો. જીવનમાં અનેક વિટંબણાઓ અને મુસીબતોનો સામનો એમને કરવો પડેલો. યુનિવર્સિટીમાં અભ્યાસ પૂરો કર્યા પછી ડિપ્થેરિયા થયો. એની દવાના વધુપડતા ડોઝને કારણે અરધું શરીર લકવામાં ઝલાઈ ગયું. આ શારીરિક આપત્તિને દૂર કરવા તેમણે 'બૅલે' શીખવા માંડયું, અને આમ તેમના જીવનમાં—તેમજ અમેરિકાના નૃત્યજગતના ઇતિહાસમાં નવા યુગનો આરંભ થયો.

એ જમાનામાં અમેરિકામાં નૃત્યની દશા કરુણ હતી. તેમાં ય પુરુષો નૃત્ય કરે તે શરમજનક લેખાતું. પૌરુષની મૂર્તિસમા ટેડ શૅાને આ કશાની પરવા કર્યા વિના નૃત્યને અપનાવ્યું અને થોડા કળાકારોની મદદ લઈ પોતાની મંડળી જમાવીને અમેરિકાના દરેક રાજ્યમાં નૃત્યપ્રવાસ આદર્યો. ઈ. ૧૯૧૪માં તેમને રૂથ સેન્ટ ડેનિસનો પરિચય થયો.

ભારતીય પોશાકી પરિધાન કરી રૂથે 'રાધા', 'ધૂપ-દીપ', 'પ્રાર્થના' જેવાં નૃત્યો દ્વારા નૃત્યજગતમાં ધૂમ મચાવી હતી. આ બે વ્યક્તિઓના મિલનથી જે નવયુગનો આરંભ થયો તેણે અમેરિકામાં અનેક વિખ્યાત નર્તકોને પોષ્યાં અને દિશા ચીંધી. બંનેએ મળી લૉસઍન્જેલિસમાં 'ડેનિશૅાન' નામે નૃત્યશાળા સ્થાપી અને પોતાની મંડળીના કળાકારો સાથે વિશ્વપ્રવાસો યોજ્યા. સાંસ્કૃતિક, લોક, એથ્નિક (વિવિધ પ્રદેશનાં, જાતિઓનાં, ધાર્મિક, રૂઢિગત, રાષ્ટ્રીય તેમજ લોકનૃત્યોનો સમાવેશ કરતાં નૃત્યો તે એથ્નિક) નૃત્યો તેઓ શીખ્યાં. તે ઉપરાંત ટેડ શૅાને માત્ર પુરુષ નર્તકોનું વૃંદ સ્થાપી તેની સાથે સાત વર્ષ લગી લાગટ નૃત્યપ્રવાસો યોજી પુરુષ નર્તકોને ગૌરવભર્યું સ્થાન અપાવ્યું.

બૉસ્ટન નજીકના સ્ટૉકબ્રિજ ગામે એક મિત્રે આ પ્રયોગો જોઈ સૂચવ્યું કે નૃત્યવિષયક સપ્રયોગ વ્યાખ્યાનોની એક શ્રેણી તેમણે યોજવી જોઈએ. ઈ. ૧૯૩૩ના જુલાઈમાં ટેડ શૅાને આ સૂચન વધાવી લીધું અને તેમાંથી, આજે તો વિશ્વભરમાં સંમાન્ય એવા 'જૅકબ્સ પિલો' નૃત્યમહોત્સવોનો પ્રારંભ થયો.

'જૅકબ્સ પિલો' એ અમેરિકાના મૅસેચ્યુસેટ્સ પરગણાના 'લી' નામે એક નાના શહેર પાસેની બર્કશાયર હિલ્સ નજીકનું એક ફાર્મ (farm) છે. તેમાં એક મોટી ટેકરીનો આકાર ઓશીકા જેવો હોવાથી તેનું નામ 'જૅકબ્સ પિલો' પડયું છે. આ જગ્યા ટેડ શૅાનને પસંદ પડવાથી અંગત મિલ્કત વેચીને લગભગ દોઢસો એકરની એ જમીન તેમણે ખરીદી લા ત્યાં નવતર નૃત્યપ્રયોગોનો આ મહોત્સવ ઊજવવાની યોજના ઘડી. ચાર દાયકાને અંતે તેનું નૃત્યવિશ્વવિદ્યાલયમાં રૂપાંતર થયું અને આજે તે તેમાં ભાગ લેવામાં દુનિયાભરના નામી કલાકારો મોટું ગૌરવ સમજે છે શરૂમાં ૨૫ થી ૩૦ વ્યક્તિઓ એમના નૃત્યપ્રયોગો જોવા એકઠી થતી ત્યાં આજે પચ્ચીસ હજાર લોકોની મેદની ઊમટે છે. દુનિયાભરની જુદી જુદી નૃત્યમંડળીઓના ૧૨૫૦ જેટલા કળાકારો ત્યાં પ્રતિ વર્ષ એકઠા થાય છે અને ૨૫૦ જેટલા અભિનવ નૃત્યપ્રયોગો તો સર્વપ્રથમ ત્યાં રજૂ થાય છે.



રામગોપાલ, બાલાસરસ્વતી, અમલા શંકર, અમેરિકામાં સ્થાયી થએલા ભાસ્કરરાય ચૌધરી, ઇન્દ્રાણી રહેમાન અને રીતાદેવી વગેરે વિખ્યાત કલાકારોએ અહીં નૃત્યો કર્યાં છે. તેમાં યે રીતાદેવીએ તો છેલ્લાં ત્રણ વર્ષથી લાગટ શાસ્ત્રીય નૃત્યો રજૂ કરી અન્ય કલાકારોને ભારતીય નૃત્યોમાં રસલેતા કર્યા. ભારતીય નૃત્યોને અપનાવનાર અમેરિકન કલાકારો-એ પણ જૅકબ્સ પિલોમાં આપણાં શાસ્ત્રીય નૃત્યોનું પ્રતિનિધિત્વ કર્યું છે.

ટેડ શૉને નૃત્ય પ્રવૃત્તિને માત્ર બૅલે કે મૉડર્ન ડાન્સમાં બાંધી ન લેતાં ઉપર ઉલ્લેખ કર્યો તે એથ્નિક ડાન્સ જેવી સર્વાશ્લેષી પ્રવૃત્તિને ઉત્તેજન આપી નૃત્ય જગતમાં ક્રાંતિ આણવા સાથે જૅકબ્સ પિલો ફેસ્ટિ-વલ દ્વારા દુનિયાના ભિન્નભિન્ન કળાકારોને ભેગાં આણીને છેક ૧૯૧૫માં પોતે ઉચ્ચારેલા ધ્યેયમંત્રને સાર્થક કરી બતાવ્યો છે: એમણે કહેલું કે 'કોઈ માત્ર એક શૈલી કે તંત્રમાં નૃત્યને બંધિયાર રાખી શકાય નહિ. નૃત્ય તો માનવવંશના હરએક તબક્કામાં રહેલા ગતિશીલ લય અને છંદને ઝીલનાર અને વ્યક્ત કરનાર કળા છે.'

અને જૅકબ્સ પિલોમાં પણ આ ધ્યેયને અનુલક્ષીને જ નૃત્યનું શિક્ષણ અપાય છે ક્લાસિકલ બૅલે અમેરિકન કોન્ટેમ્પરરી મૉડર્ન ડાન્સ અને એથ્નિક ડાન્સ એ ત્રણે અભ્યાસક્રમો ત્યાં શીખવાય છે. ત્યાં રહેતા વિદ્યાર્થીઓએ આ ત્રણે અભ્યાસક્રમો લેવા પડે છે. આજે તો નૃત્યક્ષેત્રે કોઈ એક શૈલીમાં પારંગત થવું પર્યાપ્ત ગણાય છે, પરંતુ જેમને નૃત્ય-જગતની ક્ષિતિજો વિસ્તારવી છે તેવા જ્ઞાનપિપાસુ કળાકારો માટે એક જ સ્થળે વિભિન્ન પ્રકારો શીખવાની અહીં ઉત્તમ તક છે.

આજે જૅકબ્સ પિલોની વ્યવસ્થા અને વહીવટ વગેરે જૉન ક્રિશ્ચિયન અને મિસિસ ગ્રેઈસ બેડેરિક સંભાળી રહ્યાં છે. તેમની નિષ્ઠા અને ખંત માન મુકાવે તેવાં છે. ટેડ શૉનની ડેનિશૉન શાળામાંથી જ ખ્યાત મૉડર્ન ડાન્સર માર્થા ગ્રેહામ, હેન્યા હોમ વગેરે બહાર પડયાં હતાં અને અમેરિકામાં નૃત્યક્ષેત્રે ક્રાંતિ આણનાર બધાં જ પરિબળોને ટેડ શૉને એક વાર ઉછેર્યા હતાં.

આ પ્રસંગે તે બદલ ત્રણત્રણ પેઢીએ તેમને હાર્દિક અભિનંદન આ-પેલાં. જગતમાં અદ્વિતીય એવા ડાન્સ ક્લેકશન વિભાગે તેમનું ગૌરવ કર્યું અને ટેડ શૉને ઉપસ્થિત સૌનો હાર્દિક આભાર માન્યો. કાર્યક્રમ પત્યે અમેરિકાના અગ્રણી નૃત્યવિવેચક વૉલ્ટર ટેરી મને ગ્લૉરિયા સ્વાનસન અને ટેડ શૉનની અંગત મુલાકાત લઈ ગયા. ટેડ શૉને જૂની વાતો સંભારી. ઈ. ૧૯૨૯માં મુંબાઈના એક્સેલસીઅર થીએટરમાં રૂથ સેન્ટ ડેનિસે ને તેમણે નૃત્યો રજૂ કરેલાં તેની વાતો કહી. ભારતમાં તેમને મળેલી સફ-ળતા સંભારી. પછી તે વખતના એક પારસી સંઘે તેમનું સુદૃઢ શરીર અને તૈયારી જોઈને સોનાનો ચાંદ આપેલો તે યાદ કર્યું. હૈદરાબાદમાં નિઝામ પાસે નૃત્યો કરેલાં ત્યારે નિઝામે પોતાની ઉર્દૂ શાયરીની કિતાબો ભેટ આપેલી. મદુરામાં ત્યારની વિખ્યાત દેવદાસી કમલામ્બાલે ભરત-નાટ્યમના પ્રયોગો બતાવ્યા હતા તેને યાદ કરી કલકત્તામાં વિખ્યાત નર્તકી બચવા જાને કથક નૃત્ય બતાવેલું તે—એમ કંઈ કંઈ વાતો સંભારી.

રાત્રે સાડા આઠે બધાં વિખરાયાં ત્યારે આમહામના પુરુષના આવા આત્મીય ભાવ બદલ અને તેમની મુલાકાત થઈ શકવા બદલ મેં ધન્યતા અનુભવી. ફરી તેમને જૅકબ્સ પિલો ફેસ્ટિવલમાં આ વરસે જુલાઈમાં મળવાની આશા હતી. પરંતુ તે પૂર્વે જ તેમનું આ જાન્યુઆરીની આઠ-મીએ ફ્લૉરિડમાં નિધન થયું! તેમના અસંખ્ય ચાહકો, પ્રશસકો અને મિત્રોએ તેથી આઘાત અનુભવ્યો હશે જ. અમેરિકાએ તેમને અનેક સમ્માનોથી નવાજ્યા હતા અને ઉચિત ગૌરવ કર્યું હતું. ભારત પ્રતિ તેમણે એક વિશેષ આત્મીય ભાવ સેવ્યો હતો અને આજે યે જૅકબ્સ પિલોમાં ભારતીય નૃત્યોને એક વિશિષ્ટ સ્થાન મળતું રહ્યું છે તે હકીકત કલાજગત માટે મહત્ત્વની છે. □



ટિકિટસંગ્રહ





ગઈ ૧૬મી ફેબ્રુઆરીએ ઉત્તર-દક્ષિણ ધ્રુવ પ્રદેશમાં જોખમી શોધ સફરો ખેડનારા પોતાના સાહસિકોને બિરદાવતી ચાર ખાસ ટિકિટો બ્રિટને બહાર પાડી. સુંદર બહુરંગી છપાઈની એ ટિકિટોમાં અનુક્રમે જેમ્સ કલાર્ક રોસ, માર્ટિન ફ્રૉબિશર, હેન્રી હડસન અને રૉબર્ટ ફૉલ્કન સ્કૉટ-ની છબિ છે. જે પ્રદેશોમાં સફરો ખેડી તેઓએ નામના મેળવેલી તે પ્રદેશ નિર્દેશતા નકશા પશ્ચાદભૂમાં આપ્યા છે (પ્રેષક: રમણિકલાલ સોલંકી લંડન અને અરવિંદ દેસાઈ–અમદાવાદ) ઉપર ડાબી બાજુ ભારતના આર્વી-ના પ્રથમ સેટેલાઈટ અર્થ સ્ટેશનની પ્રથમ જયંતી નિમિત્તની ૨૬મી ફેબ્રુ-આરીએ બહાર પડેલી ખાસ ટિકિટ છે. આંતરરાષ્ટ્રીય સંપર્ક માટેના 'ઈન્ટલસૅટ–૩' તથા તેના સંકેતો ઝીલવા માટેના મથકનું ભારતમાં સ્થળ દર્શાવતું સૂચક આલેખન તેના પર છે. (પ્રેષક: ડાહ્યાભાઈ પરમાર)

પછીની ટિકિટ વિખ્યાત ક્લામર્મજ્ઞ ડૉ. આનંદકુમાર સ્વામીના માનમાં સીલોને બહાર પાડેલી છે. (પ્રેષક: એસ દુરાઈ રાજલિંગમ્–મલયસિયા)

બૅંગકૉક

ચન્દ્રવદન મહેતાની

અંતરગઠરી-૪૯

બૅંગકૉકમાં આપણા બધા ભગવાનનાં દર્શન થાય. રામ વિષ્ણુ બુદ્ધ તો હરતાંફરતાં મળે. હનુમાન ગણપતિ સીતા દ્રૌપદી યુધિષ્ઠિર રાવણ વગેરે નૃત્યના કાર્યક્રમોમાં મળે. કયાંક રામાયણનાં પાત્રો મહાભારતનાં પાત્રો સાથે હળીભળી જતાં જણાય તો અચંબો ન થવા દેવો; ખુલાસા મેળવવા ન મથવું; મનમાં મેળ મળે કે ન મળે, પણ મલકીને આગળ વધવું. જો ગુંચવાડામાં પડી ગયા તો અદ્વૈતમાંથી દ્વૈત, અને એમાંથી શુદ્ધાદ્વૈત, અને ત્યાંથી કેવલા અદ્વૈત જ, તથા એમાંથી પાછા દ્વૈતાદ્વૈતમાં આવી કયાંના કયાં નીકળીએ એની સમજણ ન પડે. કારણ જેમ રામાયણ–મહાભારતનાં પાત્રોની કથાવાર્તાઓમાં સેળભેળ જોવા મળે, એમ બ્રાહ્મણ શૈવ બૌદ્ધનાં સૂત્રો તેમજ ભગવાનનાં નામોમાં સેળભેળ સાંભળવા મળે. આહાર્યનાં મુકુટ, ગદા, પીતાંબર, શણગાર, જરા અવળી વીંટાળની સાડી, કિનાર કસબ ભરત એમ ઘણુંઘણું કલાના તથા ભક્તિના ક્ષેત્રમાં ઉપયોગમાં લેવાતું જોવા મળે. અને રત્નો ઉપરાંત સુવર્ણ કહેતાં કંચન કહેતાં સોનું તો મંદિરોમાં ઢગલેબંધ જડેલું યા મઢેલું જોવા મળે. કેસરવરણા વાઘા પણ ઠેરઠેર દેખાય. જાણે એમ લાગે કે હવે આપણે ભારતના પટાંગણમાં પ્રવેશ કરી ચૂકયા છીએ, કયાંક સંગીતમાં સંભળાય આપણા રાગના ટુકડાઓ, પણ નૃત્યમાં તો મોટે ભાગે ભરતનૃત્યની મુદ્રાઓ જ; અને વળી તેમાં મણિપુરી નૃત્યના સંસ્કાર પણ જોવા મળે. પીતાંબર યા ધોતીની કાછડીમાંથી હનુમાનનું પૂછડું નીકળતું જોવાની વળી ઓર મજા આવે.

ના, ભારતના પટાંગણમાં નહિ––કયાંક તો ભારતમાં જ પ્રવેશી ચૂકયા હોઇએ એવું પણ લાગે. પહેલી જરૂર તો પૈસાની પડે, એટલે રૂપકમ્—રૂપૈયાનું નામ કાને અથડાય, અને તરત બૅંકમાં જવાની જરૂર પડે, તો લગભગ બધી જ બૅંક યા મોટી પેઢીઓ, યા નાનીમોટી રેસ્ટોરાંમાં, કે સિનેમાને આંગણે કપુરી કે ચેવલી પાનનો ભર્યો ખુમચો લઈ ભૈયાજી બેઠેલા નજરે ચઢે. આ ભૈયાજી આપણા જ, એમના જ પહેરવેશમાં, કે પછી વિચિત્ર પ્રકારના યુનિફૉર્મમાં દરવાન તરીકે ઊભા હોય; ત્યાં તમે ભોજપુરી યા માળવી યા જોનપુરી કે બિહારી અવધીની છાંટવાળી હિન્દી કે હિન્દુસ્તાની ગબડાવો તો તમારો બેડો પાર! ઘણાં મકાનોમાં આપણા જેવી પાનની પિચકારીઓથી રંગાએલી ભીંતો પણ અહીં જોવા મળે.

મારા યજમાન હતા નાયમપલ્લી. એને ઘેર રાંધનારા પણ ભૈયાજી હતા. નાયમપલ્લી ત્યાંના વૉર્નર બ્રધર્સના સિનેમાના વહીવટદાર હતા. એમના દફતરમાં બેઠા હોઇએ ત્યાં એમના મિત્રો આવે જાય, એમાં એક મિ. નટશિલ્પ બીજા સુમેરારંગ, ત્રીજા લિંગેસર ચોથા શ્રી રામરંગેશ. ટેલિફોનની ચોપડી લઈ બેસીએ તો આવાં નામોની લાંબી યાદી હાથ આવે. એની વ્યુત્પત્તિ શોધવાના વ્યાપારમાં આપણે કયાં પડીએ વારુ?

એ દેશનું થોડાં વર્ષો પહેલાંનું નામ તો શ્યામ; જેનું અપભ્રંશ સિયામ થયું, અને પછી થાઇલૅન્ડમાં ફેરવાયું. શ્યામ એ કૃષ્ણ સંપ્રદાયનું સૂચક છે; અને આસપાસનાં શહેરોનાં નામમાં મથુરા, મદુરા, કંભોજ તો છે જ; ઉપરાંત અયોધ્યા પણ નિકટમાં જ છે.

બૅંગકૉક શહેર મોટું, ત્યાં ફરવા નીકળો તો રસ્તે રામ એક, રામ બીજા, રામ ત્રીજા એમ રામનામના રસ્તા પણ મળશે. કહે છે કે રામવંશના સુડતાલીસ-ઉડતાલીસ રામચન્દ્ર રાજાઓ અહીં રાજગાદી શોભાવી ગયા. તો આ રામ આવ્યા કયાંથી? ગયા કયાંથી? છે થોડો ઘણો ઇતિહાસ, પણ એમાં આપણને રસ નથી. નિકટમાં કમ્બોડિયા, કાન્યકુબ્જ કે કૅમ્બે કે સ્તંભતીર્થ ઉપરથી હશે. ખંભાતની વ્યક્તિઓ ત્યાં પહોંચી હશે? જાતજાતની અટકળો. અને આખ્યાયિકાઓ છે, પરંતુ તે બધી જતી કરીએ. બૅંગકૉકથી ટ્રેઇનમાં નીકળો, યા બસમાં ઊગમણી દિશાએ જાઓ તો કમ્બોડિયામાં, થોડાં વર્ષો પહેલાં એક ફ્રેન્ચ સંશોધકે જંગલમાંથી શોધી કાઢેલું અંકોર વાટ છે. એવી ઈમારત આજે આપણે ત્યાં મળવી દુર્લભ. જંગી, જબરદસ્ત, કૉલોસલ, જાઇજૅન્ટિક, આશ્ચર્યકારક, દંગ ચકિત કરી દે એવું શિલ્પ! મહાભારતનાં કથાવસ્તુઓ સળંગ મહાકાય સ્વરૂપમાં કોતરાએલાં જુઓ. ખ્મેર રાજાઓએ આ બંધાવેલું, કયારે થયા, કયાં ગયા, કોણે નાશ કર્યો, એ અઢળક દોલત કયાં ગઈ, કોણે લૂટી એ બધી કાળના ગર્ભમાં ગાયબ થઈ ગએલી વાત, કયાં શોધવી? ફ્રેન્ચ લેખકોએ એ વિષય ઉપર બે ત્રણ સુંદર પુસ્તકો લખ્યાં છે, આજે આપણે ત્યાં પ્રાપ્ય છે; એના સુંદર ફોટો પણ મળી શકે છે, એટલે એ વિષે બે પાંચ પાનાં લખી મન મનાવવાની વાત આપણે જતી કરીએ. ત્યાં જાઓ તો જોજો જ. અમસ્થા સહેલ કરવા હૉંગકૉંગ જાઓ છો, અને નાહકની ખરીદી કરવામાં ધન વેડફો છો, તો અંકોર વાટ જજો. જતાં જરા તકલીફ પડશે, પણ તે વેઠીને યે જજો; દિઙ્મૂઢ થઈ જશો. તાજમહાલ છે, ખજુરાહો છે, ભુવનેશ્વર છે હળેબિડ છે, મદુરા છે, પાલીતાણા-દેલવાડા છે, પરંતુ આનાં કદમાપ, આનાં આયોજન વિસ્તાર પણ માણવા જેવાં છે. જાજો. જોજો. બસો ફૂટ ઊંચા એક પછી એક આવતા મિનારાઓની નીચે આસપાસ ઉપર કમળાકૃતિનાં બેનમૂન કોતરકામ જોજો.

બૅંગકૉક માટે ત્યાંના પંડિતો બંગકોય નામ સૂચવે છે. બંગ શબ્દ મૂળમાં હશે? રામવિથિ, ચન્દ્રપથિક. સૂર્યવંશી રોડ એને અંગ્રેજીમાં સુરબોંશીરોડ કહે છે. અયોધ્યા તો જૂનું પાટનગર હતું, પછી હમણાં બૅંગકૉક થયું, એમ જાણવા મળે છે. સવારે ઊઠીને ગુડમૉર્નિંગને બદલે સ્વસ્તિ કહે છે. ગુરુને બૃહસ્પતિ કહે છે–કેટલી વાતો નોંધીએ?

બૅંગકૉક આપણા એક સામાન્ય શહેર જેવું શહેર; ધૂળ ખરી, ઘોંઘાટ, ગરબડ, ધમાલ બધું આપણા જેવું. પણ મંદિર યા 'વાટ'માં સોનું ભારોભાર! વાટ ત્રિમિત્રમાં બુદ્ધ ભગવાનની પંદર ફૂટ ઊંચી પાંચ ટન સોનાની મૂર્તિનો ઝગમગાટ જોઇને જ આપણે અચરજ પામી જઇએ! એવી નક્કર મૂર્તિને સંરક્ષવા કે એનો નાશ થાય એમાંથી બચાવવા ત્યાંના ધર્મગુરુઓએ એને પ્લાસ્ટરમાં ઢાંકી દીધી હતી. એ ગુરુઓ એક પછી એક અવસાન પામતાં આ ભેદ કોઇને કહેવા પામ્યા નહિ. કયા જમાનામાં આમ થયું હશે એની જાણ નથી. ૧૯૫૬માં અકસ્માત પ્લાસ્ટરમાં ફાટ પડી અને આ સુવર્ણમૂર્તિ પ્રકટ થઈ! એનો બાજઠ, એના ટેકા બધું સોનાનું, એની આસપાસની ભીંત ઉપરનો ઝગારો પણ આપણને ચકિત કરી નાખે છે. એવાં તો કંઈક મંદિરો છે, અને કયાંક તો જરા નાની પણ એવી સો સો મૂર્તિઓ શણગારાએલી જોવા મળશે. ખૂબી તો એ છે કે જે દેશમાં બુદ્ધ ભગવાન જીવ્યા, ત્યાં એના અનુયાયીઓ ઓછા, અને ચીન જાપાન થાઈલૅન્ડ બરમા એમ પરદેશમાં એનાં મંદિરો અને ભક્તો વધારે. એ પણ એક બલિહારી છે ને?

છે તો આટલું નાનું થાઈલૅન્ડ, પણ એમાં ઉત્તર-દક્ષિણ પ્રદેશનાં નૃત્યોમાં ભેદ છે. આપણી આંખે તો સરખાં જેવાં લાગે, પરંતુ એમાં દેવાદોંગ નૃત્ય એટલે શું સમજવું? દેવાંગના નૃત્ય? અને એ જોતાં પણ એ જ પ્રકારનાં લાગે છે. પણ આપણે એ અપભ્રંશ સ્વીકારીને જ આગળ ચાલીએ. ઉત્તર પ્રદેશનાં નૃત્યોમાં તો નૃત્ય કરનારને જોઇ

બેવડું ગૌરવ: આ લેખમાળાના લેખક શ્રી ચંદ્રવદન ચી. મહેતાને ભારત સરકારની સંગીત-નાટક અકાદમીએ એમના ઉત્તમ નાટ્યલેખન માટે અને સાહિત્ય અકાદમીએ એમની 'નાટ્ય ગઠરિયાં' માટે રૂ. પાંચ-પાંચ હજારના ઍવાર્ડ આપ્યા છે. ગુજરાતની અવેતન રંગભૂમિના એક બીજ રોપનાર તરીકેના એમના કાર્યથી તથા 'કુમાર'નાં પાનાં પર અને અન્યત્ર ચાલતી એમની રસાળ-રમતિયાળ લેખિનીથી તો ગુજરાત આખું પરિચિત છે. આમ એક સાથે બબ્બે સમ્માન મેળવવા બદલ એમને અમારાં અભિનંદન.

કમ્મર વચ્ચેનાં વસ્ત્રાભૂષણ તો ભરત નાટ્યમ્ ઉપરથી જ ઉપજાવ્યાં હોય એમ લાગે. રંગમાં પણ સારી એવી ભભક, અને સારું એવું ભરત. હાથ ઉપર કંગન, બાજુબંધ; કાને કુંડળ; ગળામાં પણ કંઈનું કંઈ આભૂષણ; અને માથે મુકુટ. અને જ્યાં એ નૃત્યોમાં પશ્ચિમની ઢબછબ ભળે ત્યાં વાનગી તદ્દન જુદા જ પ્રકારની લાગે એ સ્વાભાવિક છે. હવે આજના જમાનામાં તો આ નૃત્યો હોટેલના ચોક-મંડપમાં કે ખુલ્લા રંગમંડપમાં પણ કરવામાં આવે છે. અમુક ખાસ પ્રસંગે બાંધેલા રંગમંડપોમાં પણ રજૂ થાય છે. મારે રહેવાનું થોડું એટલે એના બધા પ્રકાર તો હું ન જોઈ શક્યો; પરંતુ જે જોયા એ ઉપરથી એ નૃત્યો ઉપર હિન્દની ભારોભાર અસર જોવા મળી.

પણ રામનામ વિના તો છૂટકો જ નથી. રામનામના વિથિ, પથ, રોડ, તો શહેરમાં સર્વોત્તમ હોટેલ પણ રામ નામનું જ છે. અને વળી એ દુનિયાભરમાં હોટેલો બાંધી પ્રખ્યાત થએલા પેલા અમેરિકન હિલ્ટન સાહેબની જ માલિકીનું છે. લંડનમાં હિલ્ટન, કેરોમાં હિલ્ટન, એમ અહીં 'રામ હિલ્ટન' અથવા 'હોટેલ રામ' નામ આપવામાં આવ્યું છે! જતે દિવસે એ હિલ્ટનરામ થઈ જાય તો નવાઈ નહિ! ૩૬૦ ઓરડાઓના આ રામ હોટેલમાં શું નથી? એમાં દાખલ થાઓ તો એક બાજુ પશ્ચિમની ખાણા–ખૂબીઓ માણવા મળે, તો બીજી બાજુ પૂર્વની થાઈલૅન્ડની ખાણીપીણીની મજા માણવા મળે. સ્વયં શ્રી રામને પણ એની જાણ નહિ કે અમેરિકનો એના નામનાં હોટેલો બાંધશે, ત્યાં રોજના સૅંકડો ઇંડાં, સૅંકડો મરઘાંબકરાં રંધાશે. પરંતુ શ્રીરામ ક્ષત્રિય હોઈ કદાચ નૉન-વેજિટેરિયન પણ હોઈ શકે.

પરંતુ આપણે ચિંતા કરવાની જરૂર નથી. આપણે ત્યાં મુંબાઈમાં રામભરોસે હોટેલથી માંડી રામકૃષ્ણ નરસિંહના નામના અસંખ્ય હોટેલ રેસ્ટોરાં મળશે જ. એટલે આ એક એના નામનું આલીશાન હોટેલ બંધાયું હોય તો એમાં તાજ્જુબ થવાની જરૂર નથી. રામા હોટેલ કે બીજા નદીઘાટે બંધાએલા કોઈ પણ હોટેલ ઉપરથી આપણે જવું હોય તો હોડીમાં 'તરતું બજાર' જોવા જઈ શકાય છે, અને એ તો આ શહેરની એક ખાસ જાહેરાત પણ છે. મિનાંગ નદી સાગરને તો ભેટે છે, પરંતુ એના નાનાનાના ફાંટા આસપાસની જમીનને સારા પ્રમાણમાં વીંટળાઈ વળેલા છે, એમાંના એક નહેર, એટલે કે જેમાં હોડીઓ તરી શકે, પાણી વહેતું રહે, અને ક્યાંય સાગરનાં મોઠાં મોજાં ખલેલ ન કરે એવા એ લાંબા ફાંટાને બંને કાંઠે ગરીબ લોકોનાં ઘર કે ઝૂંપડાં. અને ત્યાં આવનજાવનનો વ્યવહાર આવી, હાથે યા નાના મશિનથી ચાલતી હોડીઓનો જ છે. એમાં ફરવા જોવા નીકળનારા ટૂરિસ્ટોની સંખ્યા રોજબરોજની વધતી રહે છે. ટૂરિસ્ટ એટલે પ્રવાસી; અને જ્યાં કોઈ સારે સ્થળે જઈએ ત્યાં હમેશાં સાંભળવા મળે કે આ સ્થાનને ટૂરિસ્ટોએ બગાડી મૂક્યું છે. એ બગાડ બે વાત સૂચવે છે: એક ભીડ ઘોંઘાટ; અને બીજો ભાવ મોંઘો દાટ. પૃથ્વીમાં ચારે કોરનો આ કકળાટ છે; પરંતુ જો એ ટૂરિસ્ટો ન હોય તો એ સ્થળની જાહેરાત પણ નથી, ત્યાંના કારીગરો જીવી શકતા નથી. બંને અન્યોન્યથી નભતા હોય છે એ વાત પણ ધ્યાનમાં રાખવા જેવી છે. અને પ્રવાસીઓના દરોડાને લઇને જાતજાતની વસ્તુઓ વેચાવા આવે છે તેમ ત્યાં જવાનાં સગવડ-સાધનોમાં વધારો પણ થતો રહે, એ પણ નોંધવા જેવી વાત છે.

તો અમે વિશાળ નદીમાંથી એના નાના ફાંટામાં—એટલે કે કૅનાલમાં ફંટાયા, અને માઇલેક ગયા હોઈશું ત્યાં તો બજાર ભરાએલું હોય એવી લોકોની ઠઠ ધીમેધીમે જામવા માંડી, એટલે અમારી હોડીની ચાલમાં અમે જરા ધીમા પડ્યા. ઠઠ એટલે હોડીઓની જ ઠઠ; શહેરના શાકબજારમાં મોટરોની ઠઠ જામે, એકબીજા સામે ઘૂરકે, અટવાય, આડી ફંટાય, બહાર નીકળવા કે અંદર જવા છીંડાં શોધે, એમ જ આ હોડકાં એકબીજાની કોર સંભાળતાં થઈ ગયાં. ધીમે ધીમે પરિસ્થિતિ વધારે ઘટ્ટ થવા માંડી. કાંઠે હોટલ છે, રેસ્ટોરાં છે, સ્ટોર છે, કારીગરો-કલાકારોની દુકાનો છે.

સિલ્ક, નારંગ, સારંગ, લૂંગીનું કપડું અતિ સુંદર, અને એટલું જ સુન્દર બાટિકનું કામ. ઉપરાંત લક્કડકામ પણ બહુ સારું. ઘાસ તાડછાના તો મારા વા'લા જાતજાતના ઘાટ બનાવી જાણે. અમેરિકન ટૂરિસ્ટો તો ગાંડા. કોકાકોલા પીતા જાય, અને ઢગલેબંધ ખરીદતા જાય. અહીં ડૉલરનું નાણું ચાલે; આપણો રૂપિયો પણ ચાલે. પણ હવે તો કોણ જાણે! મને યાદ છે. પચાસની આસપાસ સો રૂપિયાની નોટ પારી(સ)ના બજારમાં અમે ચલાવી શક્યા હતા. આજે ઈરાન પણ કદાચ હાથમાં ન લે. રૂપિયો એટલો બ્રાહ્મણીઆ થતો ચાલ્યો છે!

આ 'તરતું બજાર' દરરોજ ભરચક જ હોય છે. રવિવારે વધારે ગિરદી, અને આમ કાંઠેકાંઠે ઘરો એટલે એને પૂર્વની વેનિસ નગરી પણ કહે છે. જ્યાં જ્યાં શહેરમાં નદીના ફાંટાઓ કે કૅનાલ યોજના ફરફરી રહે ત્યાંત્યાં શહેરને વેનિસની ઉપમા આપવામાં આવે છે. યુરોપમાં ઍમ્સ્ટર્ડૅમ શહેરને ઉત્તરનું વેનિસ કહે છે. રવિવારે ત્રણ ચાર કલાક યા અરધો દિવસ આ શંભુમેળો જોવા જેવો હોય છે, મન ફાવે ત્યાં ખાઈપી લો, ફક્ત હોડીવાળાને કલાક પ્રમાણે પૈસા ગણી આપવા પડે. ક્યાંક તો હોડીમાં બેઠાબેઠા સોદા થઈ શકે. દુકાનની અડોઅડ હોડી ચાલી શકે. ફળફળાદિ, નારિયેળ શેરડી અનનાસ કેરી એવાં જાતજાતનાં ફળોના ઢગલા જોવા મળે. હોડીઓના પણ વિવિધ આકાર માણવા મળે.

કોણ જાણે હવે પૃથ્વીપ્રદક્ષિણાનો આ આખરનો તબક્કો હોઈ, વધારે વાર રહેવાની અને કશું અવનવું જોવાની ઉત્કંઠા ઓસરતી જતી હતી. બધાંને એમ થતું હશે કે નહિ એની મને ખબર નથી, પણ મારું મન હવે હિન્દભણી જવા તલપતું હતું ભાઈ નાયમપલ્લીનો તો ઘણો આગ્રહ હતો, પણ આ હિન્દમાં હોય એવા શહેરમાં રહેવા કરતાં હિન્દ શા માટે ન જવું એમ થતું હતું. સોના કે એમરલ્ડના બુદ્ધ ભગવાન આપણને સાંપડવાના નથી, એનાં કેવળ દર્શન કર્યે મોક્ષ કે નિર્વાણ મળવાનાં નથી; ખ્મેર રાજાઓ જેવી ભવ્ય આલીશાન વિસ્તૃત બાંધણી આપણે હવે કંઈ બાંધી શકવાના નથી, ભૂતકાળમાં જ જીવ્યા કરવાથી ભવિષ્ય સુધરવાનું નથી, એવી એવી તરંગાલોલામાં મન ચકડોળાવા માંડ્યું, અને બૅંગકૉક છોડવાનો નિર્ણય કર્યો.

જતાં પહેલાં ફરી વાર રામનામની જપમાળા કરી. જ્યાં રામરસ્તા હતા ત્યાં ફર્યો. હોટેલ રામમાં જમ્યો. રામરાજ્યના રહ્યાસહ્યા અવશેષો નિહાળ્યા. ચક્ર શબ્દને અહીં ચક્રીમાં ફેરવ્યો છે. અને ચક્રીનો એક ઉત્સવ અહીં બહુ મોટો ગણાય છે, પણ એ જોવા સુધી રોકાઈ રહેવાનો ઉત્સાહ રહ્યો નહોતો. આ તો સિયામ થાઇલૅન્ડ, પણ નિકટના બાલી-સુમાત્રા બોર્નિયોમાં તો હજી પણ હિન્દુ સંસ્કૃતિની ભારે અસરો જોવામાં આવે છે. પરંતુ ત્યાં જવા મન લલચાયું નહિ. ચલ જીવ! જીવતો હશે તો ફરીવાર જોયું જશે! ઓછું નથી જોયું, અને હવે સિત્તેરને ઉંબરે સંતોષ ધરવો સારો. એવા એવા અવ્યવસ્થિત વિચારો કરતાં કરતાં જવાનો દિવસ ઢૂંકડે આવતાં મિત્ર નાયમપલ્લીની મેં વિદાય લીધી. (ચાલુ)

તારુણ્યની તકલીફો

વર્ણવતી ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની લેખમાળા

—[૧૭ • ચા-કૉફી અને પાન-તમાકુ]—

મોંની આંતરત્વચાનો દાહ, દાંતના રોગો, અપચો, ભૂખનાશ, સ્વાદનાશ, ફેફસાંના રોગો અને અંતે કૅન્સર જેવી મહામારીનાં ટાળી શકાય તેવાં વ્યસનો

માણસને કેટકેટલાં વ્યસન વળગેલાં છે! ચાથી માંડી પાન, તમાકુ, માદક પીણાં, અફીણ–ગાંજો-ચરસ, એલ. એસ. ડી. જેવાં રસાયણો વગેરે સંખ્યાબંધ વ્યસનોનો માણસ જાણે ગુલામ બની રહ્યો છે. આમાંનાં કેટલાંક વ્યસનો તો નાનપણથી જ ચોંટે છે. ચા-કૉફી, પાન ને તમાકુ તો વ્યસન જ ન ગણાય એટલાં બધાં સ્વાભાવિક બની ગયાં છે. પણ વ્યસનમાત્ર હાનિકર છે અને સૌ કોઈ તે જાણે છે.

દુનિયાના મોટા ભાગના લોકોને ચા આહારરૂપ બની ગઈ છે. તેનાથી ગરીબની ભૂખ સંતોષાય છે. દૂધ ને ખાંડનું થોડું આહારમૂલ્ય પણ છે. છતાં ચા પીધા પછી વર્તાતી સ્ફૂર્તિ ને તાજગી તથા માથાનો કે શરીરનો દુખાવો મટાડવાના તેના ગુણની સાથે તેના અવગુણો પણ ભુલાવા ન જોઈએ. વધુપડતી ચા ભૂખનો નાશ કરે છે. તેમાં રહેલું ટૅનિન મોંમાંની લાળના પાચકરસની ક્રિયા બગાડે છે. રોજના બેથી છ પ્યાલા ચા અપચો, વાયુનો પ્રકોપ ને બંધકોશ પ્રેરે છે. ચાનો વધુકો ઉપયોગ અનિદ્રા, માથાનો દુખાવો, ગભરાટ, હૃદયના થડકારા તથા મૂત્રનું પ્રમાણ વધારે છે.

ચાની આહ્લાદક અને ઉત્તેજક અસરો તેમાં રહેલા કૅફિનને કારણે છે. ટૅનિન કરતાં કૅફિન પાણીમાં વહેલું ઓગળે છે. જો ચાની બનાવટમાં ટૅનિનનું પ્રમાણ વધારે હોય તો માઠી અસરો પેદા થાય છે અને જો થોડું હોય તો ચાનો સ્વાદ બગડે છે. પણ ચા એ ખોરાક નથી જ. મનની ઉત્તેજના માટે માત્ર દવા તરીકે એ પીવી જોઈએ.

નાગરવેલના પાનને ખોરાકના વર્ગમાં મૂકવા જેવું છે, કારણ કે તેમાં કૅલ્શ્યમ છે, ઉપરાંત તેના ઉપર ચોપડાતા ચૂનામાં દૂધ કરતાં પાંત્રીસગણું વિટામિન 'એ' છે. વળી, તેમાં કૅલ્શ્યમ પણ છે અને પાચનક્રિયાને તે સતેજ કરતું હોવાથી ખોરાક પચવામાં મદદ પણ થાય છે. મહર્ષિ સુશ્રુતે પાનને 'દંતવિશોધન' કહ્યું છે. એલચી-લવિંગવાળું પાન ખાવાથી મોંની દુર્ગંધ અને બેસ્વાદપણું દૂર થાય છે. પણ ખાધેલું પચાવવાના બહાનાથી આરંભાઈને પાન ખાવાનું પણ વ્યસન પડી જાય છે, તે એટલે સુધી કે રાતના સૂતા અગાઉ પણ મોંઢામાં પાનનો ડૂચો મારવાનું શોખીનો ભૂલતા નથી. જમ્યા પછી પાન ખાવામાં એના લાભ મળે, પણ મોંમાં સતત પાનના ડૂચા રાખનાર અને પાન સાથે સોપારી, તમાકુ ને ભાતભાતના મસાલા ખાનારને તે અવગુણ કરે છે. પાન સાથે તમાકુનું વ્યસન ઘણું વ્યાપક છે. ગલોફામાં સતત ભરાવી રખાતા પાનથી ગાલની આંતરત્વચા સોપારી અને ચૂનાના સતત સ્પર્શમાં આવે છે. વળી, તમાકુ ખાનારા પાનમાં બેવડો ચૂનો ખાવા ટેવાય છે. વર્ષોની આ ટેવથી ગાલની નાજુક આંતરત્વચાને દાહ ઊપજીને છેવટે તે ગાલના કૅન્સરમાં પરિણમે છે.

પાન સાથે વપરાતી સોપારી લોહીના ઊંચા દબાણની પ્રેરક મનાય છે. પાનનો ચૂનો-કાથો મોંમાં સોહામણો લાલ રંગ તો લાવે છે, પણ પાનનું વ્યસન પડી ગયા પછી દાંતનો રંગ બગડવાથી માંડી તેમાં પાયોરિયા (એટલે દાંતમાં પરુ થવું તે) જેવો રોગ પણ લાગુ પડી શકે છે. ચૂનાથી દાંતની આસપાસ થર બાઝે છે, જે લાંબા ગાળે પથરીમાં પરિણમે છે. દાંતની પથરી એ પાયોરિયાનાં પગરણ છે. એમાં દાંત બગડે છે એટલું જ નહિ પણ તેનું પરુ થૂંક સાથે પેટમાં જઈ શરીરના બીજા ભાગોના રોગો પણ થઈ આવે છે.

પાનથી મોંમાં પુષ્કળ થૂક છૂટે છે તે શરીરને ઉપયોગી છે. એનાથી મોં ભીનું રહીને બોલવાનું, ચાવવાનું અને કોળિયો ગળે ઉતારવાનું સુગમ બને છે. વળી થૂકથી મોંમાં થોડા ખોરાકનું પાચન પણ થાય છે. પણ પાનના રસિયાઓ જ્યાંત્યાં થૂકની જે પિચકારીઓ મારે છે તે અશિષ્ટતા તો છે જ, ઉપરાંત વારંવાર થૂકવાથી અપચો, ભૂખનાશ અને સ્વાદનાશ આવી પડે છે. વળી, થૂકની અછતથી મોં અને દાંતના રોગો પણ થઈ આવે છે. પાનનો મર્યાદિત ઉપયોગ હિતકર છે, પણ વધુકો ઉપયોગ અનેક રીતે નુકસાનકર્તા છે. પાન ખાધાં પછી બરાબર કોગળા કરીને દાંત અને મોં સ્વચ્છ કરવાં જરૂરી છે. પાનના દાંત વચ્ચે ભરાઈ રહેતા કચરાથી ક્યારેક અવાળુનો સોજો કે અન્ય પીડા પણ થઈ આવે છે.

તમાકુ તો ખવાય છે, પીવાય છે અને સુંઘાય છે. ત્રણેય રીતથી શ્વાસ ગંધાય છે ને દાંત ગંદા થાય છે. તમાકુના વ્યસની માટે 'ખાનારનો ખૂણો, પીનારનું ઘર અને સૂંઘનારનો (ધોતિયાનો) છેડો આ ત્રણે બરાબર'ની લોકોક્તિ ઘણાએ સાંભળી હશે. એ વ્યસન જેટલું ગંદું છે એટલું જ આરોગ્યને નુકસાન કરનારું છે. ફેફસાંના કૅન્સરમાં અને અકાળે પ્રાણઘાતક હૃદયરોગમાં તમાકુનું વ્યસન કારણભૂત હોવાનું સાબિત થએલું છે. સિગારેટ પીવાથી અમુક વિશિષ્ટ રોગો થઈ મરણાધીનતા વધે છે. આવરદા ઘટે છે અને સમગ્ર મરણપ્રમાણમાં વધારો થાય છે. રોજની સિગારેટ પીવાની સંખ્યા અને વ્યસનનાં વરસના પ્રમાણમાં, બિનવ્યસની કરતાં વ્યસનીઓમાં ફેફસાંના કૅન્સરનું નવ થી દસગણું જોખમ વધે છે; ને વ્યસનીમાં હાર્ટ ડિઝીઝનું મરણપ્રમાણ ઊંચું રહે છે.

ઉપરનાં જીવલેણ પરિણામો કરતાં ધૂમ્રપાનથી વીસ ટકા માંદગીની રજા વધારે ભોગવવી પડતી હોવાનો યુનાઇટેડ સ્ટેટ્સ પબ્લિક હેલ્થ સર્વિસનો અહેવાલ છે. ધૂમ્રપાનથી(સતત ઉધરસ ને ગળફાવાળો) ફેફસાંનો 'બ્રૉન્કાઇટિસ' અને 'એમ્ફીસિયા'નો રોગ સામાન્ય છે. આમાં યે બીજો રોગ એવો તો ખરાબ છે કે રોગીથી સળગતી દિવાસળી પણ ઓલવવાની ફૂંક વાગતી નથી. હાંફ ચડે છે. આ સ્થિતિમાં ચેપ લાગવાથી હાર્ટ-ફેલ્યોરની સ્થિતિમાં અકાળે મોત થાય છે.

ડૉ. જૉન કે. લૅાગના કથન મુજબ સિગારેટની તમાકુમાં નિકોટિન, પ્રુસિક ઍસિડ, કાર્બન મૉનોક્સાઈડ, પાયરિડિન, હાઇડ્રોસિયાનિક ઍસિડ, ફેનૉલ ને આલ્ડેહાઈડ વગેરે જેવાં ઓગણીસ ઝેર રહેલાં છે, જે મોંમાં ને ફેફસાંમાં શોષાવાથી જ્ઞાનતંત્ર ક્ષણભર ઉત્તેજિત થાય છે, લોહીનું દબાણ વધે છે, નાડીના ધબકારા વધે છે. તમાકુ પીનારને ઘણાં લક્ષણો —જેવાં કે ચક્કર, ઊબકા, ઝાડા, હૃદયના વધેલા થડકારા, ઉધરસ, અતિ ઉશ્કેરાટ, અનિદ્રા, આંગળાંનો ધ્રુજારો, કદીક અસ્પષ્ટ દૃષ્ટિ ને અંધાપો થાય છે. સિગારેટની જેમ બીડી પીવાથી પણ ઉપલાં લક્ષણો થાય છે.

માણસને તમાકુનું વ્યસન જેટલું વહેલું વળગે છે તેટલા પ્રમાણમાં તેની ધૂમ્રપાનની ટેવ ઊંડી ઊતરે છે. તરુણ વયથી ધુમાડી શ્વાસમાં લેનારને વહેલી અશક્તિ આવે છે, જિંદગી ટુંકાય છે. તરુણ વ્યસનીઓમાં ફેફસાંનું કૅન્સર, ક્રૉનિક બ્રૉન્કાઇટિસ, એમ્ફીસિયા ને કોરોનરી હાર્ટ ડિઝીઝ થવાનું વલણ વધારે રહે છે. ડૉ. ઍલેક્સિસ કૅરેલના કથન મુજબ રોજનાં ચાર પૅકેટ લેખે અગિયાર વર્ષ લગી સિગારેટ પીવાથી વીસ પ્રકારના રોગોમાંથી ઉપર જણાવેલા રોગો ઉપરાંત નાક, ગળું, કાન, પિત્તાશય, પૅન્ક્રિયાસ, મૂત્રપિંડ, પ્રોસ્ટેટ ને કલેજાનું કૅન્સર, હોજરી ને ગ્રહણીનું ચાંદું, ગુરદાના રોગ વગેરેમાંથી એકાદ કે બે થયા વિના રહેતાં નથી. મટેલો કે દબાએલો ક્ષયનો વ્યાધિ સિગારેટ કે બીડી પીવાથી ફરી ઊથલો મારે છે. રોજનું એક પૅકેટ સિગારેટ પીવાથી અઠવાડિયામાં

સો મિલિગ્રામ નિકોટિન શ્વાસમાં જાય છે. તમાકુ ખાવાની ટેવમાં ચૂના મિશ્રિત તમાકુ ગલોફામાં રહેવાથી લાંબા ગાળે ગાલ જીભ ને અવાળાંનું કૅન્સર થાય છે. તમાકુ સૂંઘવાથી પણ ફેફસાંનું કૅન્સર થાય છે.

તમાકુનું વ્યસન જોખમી હોવાનું સિદ્ધ થયાથી અમેરિકામાં સિગારેટના ખોખા ઉપર ચેતવણીના શબ્દો મૂકવા પડે છે, તો બ્રિટન, નૉર્વે, સ્વીડનમાં ટેલિવિઝન ઉપર અને ઇટાલિમાં સિગારેટની જાહેરખબર ઉપર પ્રતિબંધ છે.

પ્રશ્ન થાય છે કે શરીર બગાડનાર બીડી-સિગારેટનું વ્યસન કેમ લાગુ પડતું હશે? દેખાદેખી એ તેનું મુખ્ય કારણ છે. તાજગી મેળવવા કે સંતોષની શોધમાં કેટલાક બીડી-સિગારેટની લતમાં પડે છે. જે સમાજમાં બધાં જ બીડીનાં વ્યસની હોય ત્યાં પોતે હવે મોટો થયો હોવાનું બતાવવા માટે પણ બાળક ધૂમ્રપાન શરૂ કરે છે. સમાજના નીચલા થરની તો સ્ત્રીઓમાં યે ધૂમ્રપાનની નવાઈ નથી. વળી આજે તો તરુણોના અનુકરણમાં પડેલી શિષ્ય સમાજની તરુણીઓ પણ છૂટથી ધૂમ્રપાન કરવા લાગી છે. માબાપ બન્ને ધૂમ્રપાન કરતાં હોય ત્યાં ખાસ કરીને માને જોઈ દીકરીને સિગારેટ પીવાની ટેવ પડે છે. માબાપ કે બાપ તમાકુ પીતા હોય તો બાળકો તે નહિ પીવાની તેમની સલાહ સ્વીકારતાં નથી. જાહેરમાં ચોપાસ બીડી-સિગારેટની જાહેરાતો અને મોટેરાંઓનું ધૂમ્રપાન યુવાનોને આકર્ષનાર નીવડે છે. ખર્ચ સિવાય તરુણોને તેમાં પડતાં કોઈ ખાળતું નથી.

પ્રતિષ્ઠાની નિશાની, પ્રભાવ, પુનરાવર્તન કે ધૂમ્રપાનના પ્રલોભન આગળ ધૂમ્રપાન વિરુદ્ધની દલીલો પાંગળી નીવડે છે. થોડાક સાંસ્કૃતિક, સામાજિક ને અંગત સંજોગો જુદીજુદી રીતે એકઠા મળવાથી તરુણને ધૂમ્રપાનની ટેવ પડે છે. ધૂમ્રપાનની તલપ કરતાં વ્યસનીઓ કોઈ સામાજિક સંજોગોના કારણે બીડી-સિગારેટ સળગાવે છે. લોકોના ટોળાના આચરણ અનુસાર તરુણો ધૂમ્રપાન કરે છે. અમુક સંજોગોમાં કશુંક કરવા ખાતર, સમય પસાર કરવા, ફૅશન ખાતર, મોંમાં કશુંક હોવા ખાતર અગર તો વિશ્રાંતિ ખાતર, સંતોષની શોધમાં અમુક સંજોગોમાં ટેવના કારણે ધૂમ્રપાન થાય છે. ટૂંકમાં ધૂમ્રપાનની શરૂઆત માનસિક અને સામાજિક કારણોસર ટેવ અને પ્રાસંગિક નિમિત્તોથી થાય છે.

અફીણ-કોકેનની જેમ તમાકુનું વ્યસન પડતું નથી; પણ જેમ બે કે ત્રણ ટંક ખાવા જોઇએ, આઠ કલાક ઊંઘવા જોઇએ, કપડાં પહેરવા જોઇએ એવું એ અનિવાર્ય બની રહે છે. માનવશરીર કોઈ પણ ટેવથી તરત બંધાઈ જાય છે. શરીરના આપણે માલિક હોઈ ટેવોને અંકુશમાં લેવી ને ઇચ્છા પ્રમાણે વાળવી આપણા હાથમાં છે. કેટલાકને ધૂમ્રપાન ટેવ કરતાં વ્યસન બને છે. તમાકુમાં સમાએલા નિકોટિનની શરીરમાં માગ ઊઠે છે. ધૂમ્રપાનની શરૂઆત માનસિક કારણોસર થાય છે, પણ પછી શારીરિક કારણોસર તે ચાલુ રહી છોડવામાં મુશ્કેલી પડે છે. પ્રબળ ઇચ્છા અને દૃઢ નિશ્ચયથી ધૂમ્રપાનની ટેવ પણ છૂટે છે. દૃઢનિશ્ચયી તરુણોને માટે કંઈ જ અશક્ય નથી.

અનુસંધાન] **મુંબઇ સમાચાર** [પૃષ્ઠ ૯૪થી

અને પોતાની એ ગૌરવસ્થિતિને છાજે એવી રીતે 'મુંબઈ સમાચારે' પોતાનું સ્થાન અને શાન રોશન કર્યાં છે. તે માત્ર પ્રજાહિતના પ્રશ્નો ચર્ચીને તથા માર્ગદર્શન આપીને જ નથી બેસી રહ્યું. પ્રજા પર જ્યારે આપત્તિઓ આવી પડી છે ત્યારે તે પ્રજાનું હામી થઈને ઊભું રહ્યું છે. ભૂકંપ સંકટો ને રેલ-સંકટો જેવા પ્રસંગ હોય, કે રાષ્ટ્રીય સંરક્ષણ ફાળાની જરૂરત હોય, 'સમાચારે' તેમાં આગેવાની લઈને નાદર રકમોનો ફાળો ઉઘરાવ્યો તથા અદા કર્યો છે અને એ રીતે આજ સુધીમાં બધાં મળીને રૂ. ૪૭,૭૨,૮૦૦ જેટલાં ભંડોળ એકઠાં કરી, પાઈએ પાઈનો હિસાબ રાખી, તેનો ચીવટપૂર્વક સદ્વ્યય કર્યો છે. પ્રજાના સાચા પ્રતિનિધિ તરીકે તેના જીવનમાં એ જાણે સમરસ થઈ ગયું છે. અને તેથી જ મુંબાઈ મ્યુનિસિપલ કૉર્પોરેશને પણ તેની કદર બૂઝીને જે માર્ગ પર આજે 'સમાચાર'નું ભવન આવેલું છે તેનું નામ 'ઍપોલો સ્ટ્રીટ' બદલીને 'મુંબઈ સમાચાર માર્ગ'—તેના દોઢસોમા વર્ષના પ્રવેશદિને—રાખ્યું છે.

'મુંબઈ સમાચાર', આમ, ગુજરાતી પત્રકારત્વનો ઇતિહાસ સર્જી ચૂક્યું છે. એની શરૂઆતને પગલે આજ સુધીમાં, ગુજરાતી પત્રકારત્વને ઓપ અને પ્રતિભા આપતાં સંખ્ય બંધ અખબારો પ્રકટ થતાં રહ્યાં છે. એક રીતે 'મુંબઈ સમાચાર'ની વિકાસગાથા એ જ ગુજરાતી પત્રકારત્વનો દોઢસો વર્ષનો ઇતિહાસ બની રહે છે. એ દોઢ સૈકા દરમ્યાન ગુજરાતી પત્રકારત્વે સાધેલી સિદ્ધિઓ અને તેની ઊણપો તથા દેશ અને દુનિયાના વિકસી રહેલા વિવિધ ભાષાના પત્રકારત્વની દૃષ્ટિએ ગુજરાતી પત્રકારત્વનું સ્થાન શું છે તેનું મૂલ્યાંકન કરવાનો સમય પાકી ગયો છે. કોઈ અધિકારી વ્યક્તિ કે સંસ્થા એ કાર્ય કરાવે એવા સૂચન સાથે 'મુંબઈ સમાચાર'નાં દોઢસો વર્ષ પરનો આ દૃષ્ટિપાત અહીં પૂરો કરીશું

વારતા ૨૦

વૈતાળ પચ્ચાસી

રહસ્ય!

વિનોદ ભટ્ટ

—અને રાજા વિક્રમે ફરી સ્મશાનમાં આવીને સિદ્ધવડ પરના મડાને ખભે નાખી ચાલવા માંડ્યું ત્યારે મડાએ આ વારતા શરૂ કરી:

'કોઈ એક નગરમાં જાલિમશાહ નામે રાજા રાજ્ય કરતો હતો. નામ જેવા જ રાજાના ગુણ હતા એટલે પ્રજા સર્વ વાતે દુઃખી હતી. રાજ્ય તરફથી કંઈ પણ સગવડ ન મળવા છતાં પ્રજાને આકરા કરવેરા ભરવા પડતા હતા. મીઠા જેવી મામૂલી ચીજ પર પણ વેરો હતો. કરવેરાનું ધોરણ પણ એવું હતું કે ઘી-કેળાં જેટલું કમાતા માણસને ભાગે માત્ર કેળાં જ આવતાં અને ઘી સરકારની તિજોરીમાં જમા થતું; ને દાળ-રોટી કમાતા માણસને માત્ર દાળ જ પીવાની રહેતી અને રોટી સરકાર ઝૂંટવી લેતી. અને છતાં એવા વેરા ભરવા ખાતર પણ પ્રજાને કમાવું પડતું હતું. આને કારણે પ્રજા આ રાજાને ધિક્કારતી હતી. એક દિવસ આ રાજા પોતાના રસાલા સાથે જંગલમાં શિકાર કરવા ગયો. શિકારમાં કેટલાંક હરણાં-સસલાં માર્યાં. તેને હરણાં-સસલાંનું કાચું માંસ બહુ ભાવતું.

'આ માંસ પર ભભરાવવા જો ચપટી મીઠું મળી જાય તો રંગ રહી જાય...' એક હજૂરિયો બોલ્યો. રાજાને પણ એ વાત ગમી ગઈ. 'આજુબાજુના ગામમાં જઈને અબઘડી ચપટી મીઠું લઈ આવો...' રાજાએ ફરમાન છોડ્યું; અને સાથે તાકીદ પણ કરી, કે 'મીઠા માટે પાઈ સરખીય ખરચશો નહિ, નહિતર મને તેનો સ્વાદ આવશે નહિ.'

તુરત એક નોકર બાજુના ગામમાં મીઠું લેવા દોડી ગયો. તે ઘેર ઘેર ફર્યો, રાજાનું નામ પણ આપ્યું છતાં ગામ લોકોએ 'અમારે ત્યાં ચપટી મીઠું ય નથી...' કહી ભડોભડ બારણાં ભીડી દીધાં.

ઊતરેલા ચહેરે અનુચર રાજા પાસે પાછો ફર્યો. રાજાએ નોકરને ફટકાર્યો અને સાથે શિકારે આવેલા વઝીરને મીઠું લઈ આવવા મોકલ્યો. વઝીર બહુ ચતુર હતો. રાજાનો હુકમ થતાં એ ઊપડ્યો અને થોડી જ વારમાં મીઠું ભરેલા આખા ગાડા સાથે પાછો ફર્યો. રાજા અને નોકરો તો સ્તબ્ધ થઈ જોઈ રહ્યા! 'આટલું બધું મીઠું તમે મફત લાવ્યા?' રાજાએ આશ્ચર્યથી વઝીરને પૂછ્યું.

'અરે, ગામવાળા તો સાત ગાડાં ભરીને મીઠું મોકલતા હતા, પણ મેં ના પાડી. કહ્યું કે આટલું તો બહુ છે.' વઝીરે હસીને કહ્યું.

વારતાને આટલેથી જ અટકાવતાં મડાએ રાજા વિક્રમને પૂછ્યું: 'હે વિક્રમ, રાજાના નોકરને ચપટી મીઠું યે નહિ આપનારા લોકોએ વઝીરને ગાડું ભરીને કેમ આપ્યું? વઝીરે એમને એવું તે શું કહ્યું હશે?'

'વઝીરે કહ્યું હશે કે રાજા ગુજરી ગયો છે ને તેને દાટવા માટે મીઠું જોઈએ છે.' વિક્રમે જવાબ આપ્યો.—ને મડું પાછું ઝાડ પર લટકી ગયું.

જીવન તો એવું હોવું જોઈએ....

જે રેગે માસ્તરે સાધ્યું હતું. પણ કઈ રીતે?

~~ભારતી ગણાત્રા~~

આજે શાળા છોડયે ઘણો વખત વીતી ગયો. શાળામાં કરેલાં તોફાનમસ્તી હવે થોડાં અર્થહીન પણ લાગે છે. વર્ગોમાં અને રમતના મેદાનમાં બનેલા બનાવો હવે તો કોઈ વાર્તા જેવાં ભાસે છે. એરોપ્લેનમાં જમીનથી જેમજેમ ઉપર જઈએ ને એક પછી એક વસ્તુ ઝાંખી ને ધુમ્મસમય બનતી વાદળગોટમાં અદૃશ્ય થઈ જાય, એમ આખું ય દૃશ્ય ધીરેધીરે ઝાંખું થતું થતું જાણે અદૃશ્ય થવા લાગ્યું છે.

પણ અદૃશ્ય થતા જતા એ પટમાં એક ચહેરો હમેશાં સ્પષ્ટ તરી આવે છે. રૂપાળો તો ન કહી શકાય, છતાં ખૂબ ગમી જાય તેવો તો એ જરૂર છે. અતિશય લખવા ને વાંચવાને લીધે ઊંડી ઊતરી ગએલી છતાં ચમકદાર આંખો હજી ય પણ જાણે કેટલી વાતો કરી રહી છે. ઊભા ઓળેલા વાળ નીચે ભવ્ય કપાળ છે. અસ્વસ્થ ને ચંચળ એવા સમુદ્રની લગોલગ પડેલો પહોળો વિશાળ શાંત કિનારો હોય તેમ અનેક નાનીમોટી વાતો આવીને અથડાવા છતાંય એ કપાળ તો એવી જ સ્વસ્થતાથી બધાની ટક્કર ઝીલે છે. નાકમાં જરા યે વિશિષ્ટતા નથી, છતાં તેના બુઠ્ઠાપણાને લીધે યાદ રહી ગયું છે. ને આખરે હમણાં બોલશે, હમણાં બોલશે થતા, આછી કંપારીથી ધ્રૂજતા પાતળા પ્રેમાળ હોઠ...આવો એક ચહેરો, રેગે માસ્તરનો ચહેરો હજી ય નજર સામે આવીને વારંવાર ખડો થઈ જાય છે.

એમના ચહેરા સાથે જ એમની અનેક વાર કહેલી ચોપડીઓની બહારની દુનિયાની વાતો યાદ આવે છે. રેગે માસ્તરના અનેક વિદ્યાર્થીઓ, તેમની ભણાવવાની રીત કરતાં તેમની વાતો વધારે યાદ કરતા હશે. અરે, મારા જેવા ઘણાના જીવનમાં તો તેમણે કરેલી વાતોની ભારોભાર છાપ પણ જરૂર જોવા મળે.

અને કેવી કેવી વાતો કરતા એ! ગમે તે વિષય નીકળી પડે ને રેગે માસ્તર એમાંથી જીવનની ફિલસૂફી શોધી કાઢી વાતે ચડે. નાની ટાંકણીની વાત હોય તો એ નમ્રતાનો પાઠ શીખવે. પુષ્પોની વાત આવે તો તે જાણે પુષ્પો સમજી શકે તેવી મધુરી રીતે વાત કરે. માછલીની વાતમાંથી મોતી અને મરજીવાના સમર્પણ અને મનોબળની વાત પર ચડે. અવકાશયાત્રાનો વિષય હોય ને અરધા ક્લાસને કંટાળો આવતો હોય ત્યારે રેગે માસ્તર ચંદ્રલોક ને તારાગણને લીધે શક્ય બનેલી પરીકથાઓ, કવિતાઓ ને ચિત્રોની દુનિયામાં અમને દોટ મૂકવા લઈ જાય. કવિતા શીખવતાં શીખવતાં અમને રડાવે ને કોઈ મોં ચડાવીને આવ્યું હોય તો તેને પોતાની મીઠી વાણી વડે હસાવે ત્યારે જ એમને ચેન પડે.

દરરોજ કંઈક નવી વાત એ લાવ્યા જ હોય. આમ એમને પૉલિટિક્સમાં જરા યે રસ નહિ, પણ દુનિયામાં ચારે તરફ ચાલી રહેલી સફાઈદાર ગુંડાગીરી ને અન્યાયો તરફ એવા તો ઊકળી ઊઠે કે એમ જ લાગે કે જાણે યૂનોના માઈક પરથી બોલતો કોઈ પછાત ગણાતા દેશનો દેશભક્ત! છેલ્લામાં છેલ્લી શોધખોળની તેમને ખબર હોય. રમતગમતમાં કયા દેશે, કઈ રમતમાં, કયા દેશને હરાવ્યો તે તેઓ જાણે. અરે, ટીનએજર્સમાં કઈ ફૅશનનો વાયરો વાયો છે તે પણ તે અમને કહી શકે!

અને ખૂબ થાકી ગયા હોય, અથવા તો કોઈ બીનાથી ઉશ્કેરાઈ ગયા હોય ને પછી, પાછા પોતાની જાત પર કાબૂ લાવી દે ત્યારે એક ઊંડો શ્વાસ લઈ, આંખમાં અઢળક અમી લાવી કહે: 'જીવન તો એવું હોવું જોઈએ કે જેમાંથી સુગંધ ફેલાયા જ કરે, તે જીવનની આસપાસ આવનાર સૌ-કોઈને એ સુગંધમય બનાવી શકે. બધી ગંદી વસ્તુઓ એ સુંદર મધુરી સુગંધમાં ડૂબીને નષ્ટ થાય...તો જીવન 'જીવ્યું ગણાય.'

રેગે માસ્તરના જીવનનું આ અતિપ્રિય સૂત્ર હતું. આવા એ રેગે માસ્તરના બોલ હજી યે અમારા કાનમાં સૂક્ષ્મ રીતે ગુંજ્યા કરે છે.

મારા જે મિત્રો રેગે માસ્તરને ઓળખતા નથી કે જેઓ તેમની પાસે ભણ્યા નથી તેમને મારી વાતોથી નવાઈ લાગે છે. અરે, ઘણી વાર તો તેઓ કંટાળીને કહી પણ દે છે કે, 'હોય એ તો; એમાં શી મોટી આશ્ચર્યની વાત છે? તેમના જીવનમાં ખરેખર સુખ શાંતિ ને સુમેળ હશે એટલે આવી વાતોની ફિલૉસૉફી તમારી સમક્ષ કર્યા કરતા હશે.' કોઈ કહેતું: 'કુટુંબમાં મેળ ને આનંદ હોય ત્યારે જ કામમાં આટલો બધો રસ લઈ શકાય. એમના મન પર બીજો કોઈ બોજો નહિ હોય.' ને વળી કોઈ એમ પણ કહેતું: 'મને તો આમાં શિક્ષકોને સહજ એવું વેદિયાપણું માત્ર દેખાય છે.'

મારા મિત્રોના આવા શબ્દો પર મને ગુસ્સો આવતો ને હું રેગે માસ્તરની સારપ સાબિત કરવા તેમની સામે વિવાદમાં ઊતરી જતો.

પણ આજે...આજે સવારે રેગે માસ્તરને જોયા બાદ, તેમનો પરિવાર જોયા બાદ કંઈ જ સાબિત કરવા માટે હવે વિવાદ કરવો નહિ પડે.

સવારે મને ખબર મળતાં હું દોડતો એમને ત્યાં પહોંચી ગયો. આજે પહેલી વાર એમના અમુક વિદ્યાર્થીઓને તેમને ત્યાં જવાની સંમતિ મળી હતી. ઘણીય વાર અમે એમને ત્યાં જવા ઇચ્છા કરેલી. પણ રેગે માસ્તરને એ બિલકુલ ગમતું નહિ, ને એટલે જ અમે કદીય એમને ત્યાં ગયા ન હતા. ને આજે ગયા ત્યારે...

આજે રેગે માસ્તર એમની તેજનાં કિરણો સમી આંખો બંધ કરી એક હાથ માથા નીચે ને બીજો છાતી પર રાખી સૂતા હતા. પુષ્પોના પરાગની સુગંધમય વાતો કરનારના સંસારમાં ન હતી સ્ત્રીની મધુરતા કે ન હતો બાળકોનો કિલ્લોલ કે કલરવ. માત્ર...

તેમણે રસ્તા પર ભીખ માગી ખાતા એક છોકરાને વર્ષો પહેલાં પોતાના ઘરમાં સ્થાન આપ્યું હતું. તે છોકરા સામે જોતાં, તેના ખરેખર કાળા કહી શકાય તેવા શરીરમાંથી, તે રેગે માસ્તર પાસે બેસી જે રીતે તેમની સામે જોતો હતો તે નજરમાંથી સીસમની સુગંધ જરૂર આવતી હતી.

તેમના પડોશીની વિધવા પુત્રીના અલંકારવિહીન ને સફેદ સાડીમાં મઢેલા ચહેરામાંથી પારિજાત ને જૂઈની પવિત્ર સુગંધ રેગે માસ્તરની ચારે તરફ, ઢગલાબંધ પુષ્પો કરતાં ય વધારે સુગંધ ફેલાવતી હતી.

અમારા ચાર પાંચ જણના હૃદયમાંથી એમના શબ્દોની સુગંધ તો જાણે જન્માંતર સુધી આવ્યા જ કરવાની હતી.

અને અમે જ્યારે એમને લઈને ઘર બહાર નીકળ્યા ત્યારે......એક વખત હડકાયા મનાએલા જે કૂતરાને રેગે માસ્તરે લોકોના મારથી બચાવી તેમના સુગંધ પ્રેરતા હાથ વડે થાબડી ડાહ્યો કર્યો હતો તે કૂતરો તેમનાં ચંપલ મોંમાં લઈ ઠેઠ સ્મશાન સુધી આવ્યો ત્યારે તેની મૂક આંખોમાંથી નીકળતી સુગંધ...તો બસ સુગંધ જ બની રહી...




ભારતીય કળાનાં રૂપરહસ્ય સમજાવતી જ્ઞાનદાયક અને રસભરી લેખમાળાનો આજથી પચ્ચીસ વર્ષ પર આવેલો એક આકર્ષક ખંડ:

લાકડા કે પથ્થરમાંથી માનવદેહની પ્રતિમૂર્તિ ઘડવા માટે શિલ્પીને માણસના દેહનાં અસ્થિ, માંસપેશીઓ અને શિરા-ઉપશિરાનું સંપૂર્ણ જ્ઞાન જરૂરનું છે. આ અસ્થિ અને માંસપેશીની ક્રિયા વિષે જ્ઞાન હોય જ તો મનુષ્યદેહની ગતિ અને લીલામરોડનું રહસ્ય સમજાય છે. અને માંસપેશીની ગતિ તથા ક્રિયાની ધારણાને કારણે ગતિ અને ચાંચલ્યનું એકએક રૂપ સુંદરરીતે પ્રતિમાશિલ્પમાં ખીલવી શકાય છે. વળી અસ્થિવિજ્ઞાનથી જુદાંજુદાં અંગો ને અવયવોનાં તથા વિભાગનાં પરિમાપો જાણી શકાય છે; અને તે જ્ઞાન વડે ચાક્ષુષ મૂર્તિને સૂક્ષ્મ વિભાગમાં અને આંખને તૃપ્તિકર માપમાં વિભક્ત કરી સહેલાઈથી પ્રકટ કરી શકાય છે.


ગ્રીકોમાં માનવદેહનું વ્યવચ્છેદ-વિજ્ઞાન બહુ પ્રચલિત ન હતું. છતાં ગ્રીક શિલ્પીઓએ શ્રેષ્ઠ પ્રમાણપુરઃસરની જે અલૌકિક મૂર્તિઓ સરજાવી છે તેનાં દેહમાપ આધુનિક વૈજ્ઞાનિક રીતે નક્કી કરાએલાં પરિમાપ અનુસાર જ છે, તેની પ્રતીતિ ઇ.સ. પૂર્વે પહેલા સૈકામાં લીઓમીન્સે ઘડેલી મેડીચીની વીનસની મૂર્તિ (ચિત્ર નં. ૧) તથા આધુનિક તાલમાન પ્રમાણે આલેખેલાં માનવદેહનાં પરિમાપોના નકશાનું ચિત્ર (નં. ૨) સરખાવવાથી થશે.

ગ્રીક શિલ્પીઓનું પ્રમાણજ્ઞાન જગતમાં અતુલનીય ગણાયું છે. Proportion અથવા તાલમાન એ શિલ્પનું એક વિશિષ્ટ અંગ છે. મૂર્તિનાં સૌંદર્ય અને ગતિની રમણીયતાને આધારે, આ અંગવિભાગના સાચ્ચા પ્રમાણ અને માત્રાજ્ઞાનની ઉપર રહેલો છે.


એક સાધારણ સુસ્થકાય માણસના દેહની સ્વાભાવિક ઊંચાઈ અને તેના અંગવિભાગનાં પ્રમાણ લઈને તે ઉપરથી માણસની પ્રતિમા ઘડવાનું એક સર્વસાધારણ માપ-કોષ્ટક નક્કી કરી શકાય. ઈટાલીના વિટ્રુવિયસે આવી જાતના પ્રમાણિત માપ ઉપર મનુષ્યદેહના અંગપ્રત્યંગોનો એક માપનિયમ બાંધ્યો છે. આપણા ભારતના શિલ્પશાસ્ત્રમાં પણ એક પ્રમાણિત માપ-કોષ્ટક નક્કી કરાએલું છે. ડૉરીફોરસે અનેક માણસોના દેહ માપીને એવું પ્રમાણ ઠરાવ્યું કે માણસના શરીરની લંબાઈ તેના ચહેરા કરતાં આઠગણી હોય છે. (ચિત્ર નં. ૨) એ 'આઠ માથાનો નિયમ' કહેવાય છે. ભારતમાં તેને 'અષ્ટતાલ'નું માપ કહે છે. (જુઓ સામે)



△ ચિત્ર નં. ૧




ચિત્ર નં. ૨ ▷



(Courtesy : Indian Artistic Anatomy by A. N. Tagore)

માનવદેહનાં માપ

હિંદુ મૂર્તિવિધાનશાસ્ત્રમાં મૂર્તિરચના કરવા માટે ‘તાલ’ નામનું એક માપ નક્કી કરેલું છે. એક તાલ એટલે કપાળના મધ્યબિંદુથી દાઢીના છેડા સુધીનો ચહેરો. એ ‘તાલ-માન’ ઉપર જુદાંજુદાં હિંદુ શાસ્ત્રોમાં વિવિધ પ્રકારની મૂતરચના માટે વિવિધ પ્રકારનાં માપ આપેલાં છે. જેમ કે નરમૂર્તિ (રામ, ઇન્દ્ર, અર્જુન વગેરેની મૂર્તિ) દશ તાલની; ક્રૂરમૂર્તિ (ચંડી, ભૈરવ, નરસિંહ, હયગ્રીવ, વરાહ વગેરે) બાર તાલની; અસુરમૂર્તિ (હિરણ્યકશિપુ, રાવણ, કુંભકર્ણ, મહીપ વગેરે) સોળ તાલની; બાલમૂર્તિ (ગોપાલ, બાલકૃષ્ણ વગેરે) પાંચ તાલની અને કુમારમૂર્તિ (ઉમા, વામન, વગેરે) છ તાલની હોય. બૃહત્સંહિતાના પ્રતિમાલક્ષણ નામના પ્રકરણમાં સર્વસાધારણ પુરુષની મૂર્તિરચના માટે આઠ તાલનું માપ દર્શાવ્યું છે. એટલે કે સાધારણ માણસની ઊંચાઈ તેના ચહેરાના માપથી આઠ ગણી હોય. (રોમના વિટ્રુવિયસે પણ એ જ માપ નક્કી કરેલું.) ને સ્ત્રીનું માપ સાત તાલનું ઠરાવેલું છે. પણ આ અષ્ટતાલ ને સપ્તતાલ ઉપરાંત હિંદુ મૂર્તિવિધાનમાં સામાન્યપણે પ્રચલિત માપ નવ તાલનું છે. જે ‘ઉત્તમ નવ તાલ’ના નામથી ઓળખાય છે. તેનું ચિત્ર ડાબી બાજુએ આપ્યું છે. એક તાલનો ચોથો ભાગ તે ‘અંશ’ કહેવાય છે. હવે એ ‘તાલમાન’ પ્રમાણે સાથેના ચિત્રનાં અંગઉપાંગોનાં માપ નીચે મુજબ છે: કપાળની મધ્યથી દાઢી સુધી ૧ તાલ; ગળાની હાંસડીના હાડકાથી છાતી-બગલના ખૂણા -સુધી ૧ તાલ; છાતીથી નાભિ ૧ તાલ; નાભિથી નિતંબ ૧ તાલ; નિતંબથી ઢીંચણ ૨ તાલ; ઢીંચણથી પેની ૨ તાલ; કપાળથી માથાની તાલ સુધી ૧ અંશ; ગરદન ૧ અંશ; ઢીંચણની ઢાંકણી ૧ અંશ; ને ચરણ ૧ અંશ. પહોળાઈનાં આડાં માપ આ પ્રમાણે છે; માથું ૧ તાલ; ગળું ૨।। અંશ; બે ખભા વચ્ચેનું અંતર ૩ તાલ; છાતી ૬ અંશ; કમર ૫ અંશ; નિતંબ ૨ તાલ; ઢીંચણ ૨ અંશ; ઘૂંટી ૧ અંશ; ચરણ ૫ અંશ; હાથની લંબાઈ ખભાથી કોણી સુધી ૨ તાલ; કોણીથી કાંડા સુધી ૬ અંશ; હથેળી ૧ તાલ; બગલ આગળના હાથની પહોળાઈ ૨ અંશ કોણીની પહોળાઈ ૧।। અંશ અને કાંડાની ૧ અંશ. ચહેરો ત્રણ સરખા ભાગમાં આ રીતે વહેંચાએલો હોય: કપાળની મધ્યથી આંખની કીકી, કીકીથી નાકનું ટેરવું અને ટેરવાથી દાઢી. શુક્રનીતિમાં શુક્રાચાર્યે નક્કી કરેલાં માપ મુજબ ઇંગ્લૅંડના વિખ્યાત શિલ્પી એરિક ગિલે તૈયાર કરેલું જે બીજું ચિત્ર જમણી તરફ આપ્યું છે તેમાં ૧ તાલ=૧૨ અંગુલિના હિસાબે વિવિધ અંગ-ઉપાંગો અગુલિનાં માપમાં આપેલાં છે તે ઝીણવટથી જોવાથી સમજાશે.



(Courtesy: Hindu View of Art by Mulka Raj Anand)

કાકાસાહેબ કાલેલકરનાં સંસ્મરણો
મનોમંથન-૨૨

લજપતરાયની હદપારી અને મારું વ્રત

મેં લખ્યું જ છે કે લાલ (લજપતરાય), બાલ (તિલક) ને પાલ (બિપિનચંદ્ર) તે જમાનાની અમારી રાજદ્વારી ભક્તિની ત્રિમૂર્તિ હતી. લજપતરાયને એકવાર હું મુંબાઈની હોટેલમાં જઈ મળ્યો યે હતો. એક દિવસે છાપામાં વાંચ્યું કે અંગ્રેજ સરકારે પંજાબના નેતા લાલા લજપતરાય અને સરદાર અજિતસિંગ બે જણને પકડીને કોર્ટમાં એમના ઉપર કેસ કર્યા વગર એક ભુલાઈ ગએલા કાયદાને જોરે છ વર્ષની સજા કરી છે. દેશમાં એની ભારે હો-હા થઈ.

છાપાંવાળાઓ અને દેશના નેતાઓ બોલ્યા અને લખ્યું કે "કોઈપણ માણસે ગુનો કર્યો હોય તો સરકાર એને ન્યાયાધીશ આગળ ખડો કરે; ન્યાયાલયમાં એનો ગુનો સાબિત થાય અને ન્યાયાધીશ એને સજા કરે તો અમે સમજી શકીએ; પણ આ તો સરકારની આપખુદી છે. બસ, સરકારને લાગ્યું કે અમુક માણસ સમાજની અથવા સરકારની સલામતી માટે જોખમકારક છે એટલે કશી તપાસ વગર, કોર્ટમાં પુરાવા દાખલ કર્યા વગર, અને ન્યાયાલયમાં ગુનો સાબિત થયા વગર તે કોઈની સ્વતંત્રતા છીનવી લે એ 'નાગરિકોના જન્મસિદ્ધ અધિકારો ઉપર હડહડતું આક્રમણ' છે. આ તો કેમ સહન કરાય." આખા દેશમાં 'ઘોર' આંદોલન ચાલ્યું. મારા મન પર એની ઊંડી અસર થઈ પણ છાપાંવાળાઓની અને નેતાઓની દલીલોની મારે મન કશી કિંમત ન હતી.

હું કહેતો કે 'વિદેશીઓનું રાજ્ય છે ને આપણે એમના ગુલામ છીએ એ સ્થિતિમાં, નાગરિકોના હક્કોની વાત કરી અંગ્રેજોના રાજ્યનું પ્રથમ સમર્થન કરીએ. અને પછી એમને કહીએ કે 'તમારા કાયદા પ્રમાણે સજા કરો તો અમે સમજીએ; કોર્ટમાં ખેંચ્યા વગર માણસને સજા કરો એ તો અસહ્ય છે' એ દલીલ મારે ગળે ઊતરતી નથી.

મારે મન અપમાન એટલું કે આપણા આવડા મોટા લોકમાન્ય, માનીતા, ચારિત્ર્યશીલ દેશભક્તને સરકાર સજા કરવાની હિંમત કરે છે અને આપણે એમની સામે કશું કરી શકતા નથી ! એ આપણી નબળાઈ અને લાચારી અસહ્ય છે. આખા દેશમાં ચાલેલા એ આંદોલન સાથે મારો આવો તાત્ત્વિક અને મૌલિક મતભેદ હોવા છતાં મારા મન પરનો આઘાત ઓછો ઊંડો ન હતો. મારે શું કરવું એ સૂઝે નહિ. એટલે મેં એ જ ક્ષણે એક વ્રત લીધું કે આજથી છ વર્ષ સુધી હું ખાંડ નહિ ખાઉં.

આથી મારી તબિયત ઉપર માઠી અસર થવાની નથી, એટલે મેં કોઈ આંધળું પગલું ભર્યું એમ કહેવાય નહિ. મારા ખાંડ નહિ ખાવાથી સરકારને મળતા કર ઓછા થવાના છે એમ કાંઈ હતું નહિ. પણ દિવસ-રાત મને સ્મરણ રહે કે આપણે ગુલામ છીએ અને અંગ્રેજોને ભારતના લોકોના અસંતોષની કશી બીક નથી. જ્યાં જાઉં ત્યાં લોકો જમવાનું કહે ત્યારે મારે છ વર્ષના વ્રતની વાત સમજાવી પડે, એ એક રીતે મારે માટે અને સમાજ માટે સારી કેળવણી હતી.

જ્યારે છ વર્ષ પૂરાં થયાં ત્યારે દેશમાં અને મારા જીવનમાં ભારે ફેરફાર થઈ ગયો હતો. કૉલેજ છોડીને મેં ક્રાંતિકારી દલમાં પ્રવેશ કર્યો હતો, પત્રકારત્વમાં પડ્યો હતો, રાષ્ટ્રીય શિક્ષણના પ્રયોગો ચલાવ્યા હતા, લડાઈઓને અંગેનું થોડું સાહિત્ય વાંચ્યું હતું, આધ્યાત્મિક સાહિત્યનું પણ ઠીક ઠીક પરિશીલન કર્યું હતું, પત્ની અને બાળકોને છોડીને હિમાલયમાં ગયો હતો, ત્યાંની સાધના પૂરી કરી સાધુને વેશે દેશમાં થોડું ફર્યો હતો.

અને મને યાદ છે તે પ્રમાણે જે દિવસે મારી છ વર્ષની મુદત પૂરી થઈ ત્યારે હરદ્વાર પાસે કનખલમાં રામકૃષ્ણ મિશનના એક સેવાશ્રમમાં પહોંચ્યો હતો. તે દિવસે એમનો કોઈ ઉત્સવ હતો અને બંગાળી રિવાજ પ્રમાણે અનેક મીઠાઈઓ કરી હતી. તે દિવસે જ્યારે મીઠાઈઓ મોઢામાં નાખી ત્યારે ભારે આશ્ચર્ય થયું કે ખાંડનું ગળપણ આટલું આકર્ષક હોતું હશે ! આ છ વર્ષોમાં કોક કોક વખતે મેં ગૉળ ખાધો હતો. એનો વાંધો ન હતો. એટલે ગળ્યું મેં કશું ખાધું ન હતું એમ કહી ન શકું. પણ તે દિવસે ખાંડની મીઠાઈઓ ખાતાં જાણે કાંઈક નવા જ અપરિચિત સ્વાદનો હું અનુભવ કરું છું એટલું આશ્ચર્ય થયું હતું.

ખાંડ ન ખાવી એ નિયમ મામૂલી હતો. ઘરબાર છોડીને સંન્યસ્ત જીવન ગાળવું એ તો પ્રમાણમાં આકરું પગલું હતું. તેથી ખાંડ શરૂ કરીને જીવનમાં હું ઊતર્યો છું એવો પશ્ચાત્તાપ જાગવાનું કારણ ન હતું. જો મારું વ્રત સ્વરાજ્ય ન મળે ત્યાં સુધી ખાંડ ન ખાવાનું હોત તો તે વ્રત મેં જરૂર પાળ્યું હોત. પણ મારું વ્રત લાલા લજપતરાયને કારણે અને છ વર્ષનું જ હતું. અને સ્વરાજ્યપ્રાપ્તિને અર્થે વધારે આકરો ત્યાગ હું કરી ચૂક્યો હતો. એટલે તે દિવસે મનમાં કોઈ વિષાદ ન હતો. □

લ ઘુ ક થા

બે ચહેરા

રમેશ ત્રિવેદી

હસમુખરાય ઈઝીચૅરમાં પડ્યા પડ્યા માળા ફેરવી રહ્યા હતા. માળા પૂરી કરીને એમણે ઊંડી ઊતરેલી આંખો ખોલી. ઢીંચણ પર હાથ મૂકીને 'હરે રામ!'નું ઉચ્ચારણ કરતા એ ઊભા થયા. થોડુંક ચાલ્યા. ટેબલ નજીકની ખુરશી પર બેસી એમણે વરસોથી નિયમિતરીતે લખાતી ડાયરી હાથમાં લીધી. અને લખવા માંડ્યું :

'ઑફિસમાં કારકુનોની થોડીક જગ્યાઓ ભરવાની છે. આવતી કાલે ઈન્ટરવ્યૂ રાખ્યો છે. અને આજે સાંજ સુધીમાં ઘણા બધા સંબંધીઓ તે અંગે દબાણ કરી ગયા. નરોત્તમની ચિઠ્ઠી લઈને યોગેશ નામનો એક યુવાન આવ્યો હતો. દૂર વતનમાં રહેલા નરોત્તમના એ જ ચિરપરિચિત અક્ષરો વરસો પછી વાંચ્યા. અને આંખો સમક્ષ નરોત્તમની છબી ઊપસી આવી. એની સાથે વિતાવેલા શૈશવનાં સ્મરણો ખડાં થઈ ગયાં. યોગેશ નરોત્તમનો પૂરો ભક્ત લાગ્યો. એ ગુરુની પ્રશસ્તિ કરતાં થાકતો નહોતો. વિદ્યાર્થીઓમાં આવી ઉમદા પ્રતિષ્ઠા કર્યા બદલ નરોત્તમ પ્રત્યે થોડીક મીઠી અસૂયા જાગી. પણ...સાંજની ટપાલમાં આવેલો નરોત્તમનો બીજો એક પત્ર મળ્યો. વાંચ્યો અને ભારે વિસ્મય અને દુ:ખની અનુભૂતિ થઈ. નરોત્તમે લખ્યું છે કે—

'ભાઈશ્રી હસમુખ,

યોગેશ તારી પાસે ચિઠ્ઠી લઈને આવ્યો હશે. મેં ચિઠ્ઠીમાં એને માટે સારા શબ્દોમાં ઘણું બધું લખ્યું છે. તારા પર દબાણ કર્યું છે. છતાં તારે એ બધું ઔપચારિક જ માનવું. કૉલેજના પ્રિન્સિપલ તરીકે હું જાણું છું કે આવે સમયે કેટલાક મહત્ત્વના સંબંધીઓને આપણે સાચવવાના હોય છે. કેમ, ખરું ને?...મારો એક ભાણેજ ઈન્ટરવ્યૂને દિવસે જ મારી ચિઠ્ઠી સાથે આવશે. એને તારે લઈ લેવાનો છે.

કુશળ હોઈશ. ભાભીને યાદ. છોકરાં કેટલાં છે?...કામકાજ લખજે.


—પ્રત્યુત્તરની રાહ જોતો, તારો નરોત્તમ'

ટેબલ પર સામે જ એ પત્ર પડ્યો હતો. હસમુખરાય તેની સામે સૂની નજરે તાકી રહ્યા. એમની આંખો સામે વારે વારે બે ચહેરા ઊપસી આવતા હતા : એક નરોત્તમનો, ને બીજો અનન્ય શ્રદ્ધા-ભક્તિથી મઢેલો યોગેશનો. □

પ્રાગૈતિહાસિક પ્રાણીઓ-૩

નિષ્ણાતોએ પૃથ્વીના ઇતિહાસમાં ૪૫ કરોડ વર્ષ પહેલાના યુગ પછી પૅલીઓઝોઇક મૅસોઝોઇક અને સેનોઝોઇક એવા ત્રણ મુખ્ય વિભાગ પાડયા છે. આના પણ પાછા વિભાગો પાડી કેટલાક કાળ નક્કી કર્યા છે જેમાં પૅલીઓઝોઇક યુગમાં કૅમ્બ્રિયન, ઑર્ડોવિસીઅન સિલુરીઅન, ડેવોનીઅન, કાર્બોનિફેરસ અને પર્મિયન નામે કાળ મળીને લગભગ ૧૮ કરોડ વર્ષ જેટલો એ યુગનો પ્રસાર ગણાય છે. આ અગાઉ સમુદ્રમાં પેદા થએલી સૂક્ષ્મ-ક્ષુદ્ર જીવસૃષ્ટિ પછી છએક કરોડ વર્ષના કૅમ્બ્રિયન કાળમાં જે કેટલાક જીવ પેદા થયા તેમાં મળી આવેલા અશ્મીલ અવશેષો પરથી અમુક જાતના જીવ મોટા ને અન્ય જીવોથી ઘણી રીતે જુદા પડતા જણાયા છે. એમના શરીરનું બાહ્ય આવરણ સખત હતું અને શરીરને મુખ્ય ત્રણ ભાગમાં વહેંચી શકાય એવી એની રચના હતી. આ પરથી એમને 'ટ્રાઈલોબાઈટ્સ' કહે છે. આજની 'કે-ફિશ' નામક માછલીના એ આદિ પૂર્વજો કહી શકાય.

એ કાળના એ મોટા કદના જીવ ગણાતા હોવા છતાં એમનું કદ ત્રણેક ઇંચનું હતું. કિનારા નજીકના છીછરા જળમાં એ વસતા. જોડાએલા પગ જેવી શારીરિક રચનાની સહાયથી એ પાણીને તળિયે ચાલતા. શ્વાસ લેવા તથા કદાચ તરવામાં મદદરૂપ એવી 'ચૂઈ' જેવી રચના પણ એમના શરીરમાં હતી અને એમને જોવા માટે આંખો પણ હતી. અન્ય સૂક્ષ્મ જીવો અને વનસ્પતિ પર તેઓ નભતા. એમની પહેલાંના જીવની સરખામણીમાં એમની શારીરિક રચના ઘણી અટપટી હતી.



ટ્રાઇલોબાઇટ

પણ પચાસ કરોડ વર્ષ પહેલાંની એ જીવસૃષ્ટિ હજી પ્રારંભિક દશાની જ હતી. ટ્રાઇલોબાઇટ્સના પણ કદ-ભેદ અનેક જાતના હતા.

આજના વેલ્સ લૅટિન નામ 'કૅમ્બ્રિયા'. પૅલીઓઝોઇક યુગના આરંભના ભૂસ્તર આ વિસ્તારમાંથી મળેલા હોઈ એ કાળને આ પ્રદેશ પરથી 'કૅમ્બ્રિયન' કાળ કહ્યો છે. ઉત્તર અમેરિકામાં રૉકી પર્વતોમાં પણ એવા સ્તર મળ્યા છે જેનો થર ૧૨૦૦૦ ફૂટથી પણ વધારે જાડો છે.



મધુકરી

વિરામ?–સહુ અંગ અંગ અકડાઈ જેથી જતાં?
નહિ! સમરવીર જાગ્રત સદૈવ, ધૂંવાં મહીં
નિરંતર ધપ્યે જતા; કદી પડાવ તો સાધને
નવાં, કસી લિયે છ ભેટ, નવસિદ્ધિઓ આંબવા.
કસુંબલ બની રહ્યાં નયનનૂર અંગાર શાં,
અટંક જ્યહીં એક નિશ્ચય વિરોધ શો ત્યાં ટકે?

—રાજેન્દ્ર શાહ

ગુજરાતનું શૌર્યધન

પોરબંદર પાસે બરડા પંથકની મહેર જાતિ તો આજે ભારત બહાર પણ જાણીતી છે. એમનાં શરીરનાં સંધાડાઉતાર કાઠાં, એમની કલાપ્રિયતા અને શૂરવીરતાના અનેક વાર વારણાં લેવાયાં



છે. કરસનભાઈ સિસોદિયાના પુત્ર નાગજણ (નાગાર્જુન) પણ એ જાતિનો એક પનોતો પુત્ર હતો. છેલ્લા ભારત-પાકિસ્તાન યુદ્ધમાં છામ્બ મોરચે માત્ર એકવીસ વર્ષની વયે શહીદી વહોરીને એમણે કુળનું, જ્ઞાતિનું ને દેશનું નામ ઉજાળ્યું છે.

પૂર્વ આફ્રિકામાં નાઇરોબીમાં પ્રાથમિક શિક્ષણ લઈ, દેશમાં આવી, રાજકોટની રાજકુમાર કૉલેજમાં માધ્યમિક શિક્ષણ પૂરું કરી ખડકવાસલાની નૅશનલ ડિફેન્સ ઍકેડેમીમાં સાડા ત્રણ વર્ષ એમણે લશ્કરી તાલીમ લીધી. તે પછી દેહરાદૂન મિલિટરી ઍકેડેમીમાં એક વર્ષનો અને ત્યાર બાદ બેલગામમાં મિલિટરી ઑફિસર્સનો છ માસનો અભ્યાસ પૂરો કરી તેમાં પ્રથમ નંબરે પાસ થઈ એમણે ગુરખા રેજિમેન્ટમાં સેકન્ડ લેફ્ટેનન્ટનો હોદ્દો મેળવેલો.

છેલ્લા ભારત-પાકિસ્તાન સંઘર્ષમાં છામ્બ વિસ્તારમાં જે ભયંકર યુદ્ધ ખેલાયું તેમાં દુશ્મનોના વિસ્તારમાં પ્રવેશી ત્યાંની કેટલીક કામગીરી પતાવી તેઓ પાછા ફરતા હતા ત્યારે એકાએક એમની ટુકડી પર મશિનગનોની ગોળીઓની રમઝટ વરસતાં તેઓ ઘાયલ થયા. પણ શત્રુભૂમિમાં દેહ ન રહે એ માટે એમણે અત્યંત હિંમત ને શૌર્ય દાખવી સરહદ વળોટીને માતૃભૂમિમાં આવી વીરગતિ મેળવીને આપણા યુવાનોને શ્રેષ્ઠ દૃષ્ટાંત પૂરું પાડયું. એમના મોછવાડા ગામના લોકોએ એમનું યોગ્ય સ્મારક રચવાનો સંકલ્પ કર્યો છે. —રતિલાલ છાયા

છામ્બ મોરચે કામ આવી ગએલા બીજા એક ગુજરાતી સૈનિક બ્રાહ્મણવાડા (તા. સિદ્ધપુર)ના જુવાનસિંહ ઝાલા હતા. ૨૬ વર્ષની વયના જુવાનસિંહ મૂળ તો પ્રાથમિક શાળાના એક શિક્ષક હતા, પણ ૧૯૬૫ના પાકિસ્તાન સાથેના સંઘર્ષ વેળા દેશદાઝથી પ્રેરાઈ તેઓ સૈન્યમાં દાખલ થએલા. તાલુકાના લોકોએ એમની કુરબાનીને એમનાં કુટુંબીઓને રોકડ સહાય કરીને બિરદાવી.

ત્રીજા ગુજરાતી વીર હતા સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ તાલુકાના કોયબા ગામના વનરાજસિંહ ઝાલા. સોળમે વર્ષે તો સૈન્યમાં જોડાઈ દિલ્હીમાં તાલીમ લઇ '૯ રાજરાય પલ્ટન'માં દાખલ થએલા. ૩જી ડિસેમ્બરે તેઓ મોરચા પર ગયા. ૧૫મીએ પિતા હાલુભાને ખુશીખબરનો પત્ર લખ્યો અને એ જ દિવસે બપોરે પાકિસ્તાની આક્રમણનો સામનો કરતાં બે અઢી કલાકની ભીષણ લડાઈ લડી ૧૯ વર્ષની વયે માતૃભૂમિ માટે જીવન ન્યોછાવર કરી દીધું.

નાની યુવાન વયના આવા તો કઈક વીરોએ આપણા વિજયસ્તંભના પાયામાં પોતાનું રક્ત અને જીવન સીંચ્યું છે. આજે આપણે તેમને બિરદાવીએ, તેમને માટે ગૌરવ અનુભવીએ કે એમને પગલે ચાલવાની આપણને પ્રેરણા મળી રહો.

લાપત્તા ધુમકેતુનું પુનર્દર્શન

ગયા જાન્યુઆરીમાં અમેરિકાની એલિઝાબેથ રોમર નામની ખગોળ-શાસ્ત્રી બાઇએ પોતાને એકાએક દેખાએલા નવા ધૂમકેતુની છબીઓ લીધી. એનો અભ્યાસ કરતાં માલૂમ પડયું કે સોએક વર્ષથી જેનો પત્તો નહોતો એ 'ટેમ્પલ-૧' નામનો આ ધૂમકેતુ હતો!

અવકાશમાં કંઇક મનસ્વી રીતે ઘૂમતા આ ધૂમકેતુઓની સંખ્યા, ખગોળવેત્તાઓના મત પ્રમાણે વીસેક લાખની થવા જાય છે, પણ તેમાંથી લગભગ ૨૦૦૦નાં જ દર્શન થઇ શકયાં છે. અગાઉ ઇ. ૧૮૬૭માં આ 'ટેમ્પલ-૧' દેખાએલો. તે પછી ૧૮૭૩માં અને પછી ૧૮૭૯માં એ દેખાયો હતો. આ પરથી વિજ્ઞાનીઓએ તે દર સાડા પાંચ વર્ષે જોઇ શકાશે એવો અંદાજ કાઢેલો. આ હિસાબે ઇ. ૧૮૮૫માં ફરી દેખાવાની આશા ફળી નહિ. પછીના સાડાપાંચ વર્ષના કોઇ ગાળામાં યે એ દેખાયો નહોતો એટલે એને ગુમ થએલો માની લેવામાં આવ્યો. ધૂમકેતુનું આમ સદંતર ગુમ થઇ જવું અશક્ય નથી. સૂર્યમાં સમાઇ જવાથી કે ગુરુના ગુરુત્વાકર્ષણથી માર્ગ ચાતરી જવાથી અનેક ધૂમકેતુઓ આમ ખોવાઇ ગયા છે. '૧૯૧૦-એ' નામક એક ધૂમકેતુ ૪૦ લાખ વર્ષે ફરી દેખાવાનો અંદાજ છે તો 'એન્કી' નામનો એક ધૂમકેતુ દર ૧,૨૦૬ દિવસે દેખાતો રહ્યો છે! ઇ. ૧૭૮૬ની સાલ પછી એ ૪૯ વખત દેખાયાની નોંધ છે, પણ હવે મનાય છે કે ઈ. ૧૯૯૩ સુધીમાં એ ખલાસ થઇ જશે.

'ટેમ્પલ-૧' અત્યાર સુધી ન દેખાયાનું એક કારણ એ મનાય છે કે એના પુનઃદર્શનની સાલ અંદાજતી વેળા ગુરુના ગુરુત્વાકર્ષણની અસર ખગોળશાસ્ત્રીઓના ખયાલમાં રહી નહિ હોય, ઇ. ૧૯૬૦માં બ્રિટન તથા જર્મનીના બે નિષ્ણાતોએ એને અંગે નવેસરથી ગણતરી કરી ૧૯૬૭માં તે દેખાશે એવો અંદાજ કાઢેલો. એ વર્ષે તો એનું નિરીક્ષણ થઇ શકેલું નહિ, પણ એમની ગણતરી મુજબ ૧૯૭૨ના જાન્યુઆરીમાં એ ફરી દેખાવાનો હતો, અને ગઇ ૧૧મી જાન્યુઆરીએ તે દેખાયો પણ ખરો!

કેસરની કથા

કેસર પ્રાચીન કાળથી કાશ્મીરમાં પેદા થતું આવ્યું છે. હવે તો સ્પેઈનમાં પણ સારા પ્રમાણમાં થાય છે. હિંદુ મંદિરો અને યુનાનનાં દેવસ્થાનોમાં પણ તેનો ઉપયોગ પવિત્રતાપૂર્વક થતો આવ્યો છે. ભારત, સ્પેઈન અને ફ્રાન્સમાં ભોજનને સ્વાદિષ્ટ અને સુગંધિત કરવામાં તેનો ઉપયોગ થાય છે. પ્રાચીનકાળમાં પ્રતિષ્ઠિત વ્યક્તિઓ અને સુંદરીઓ રંગમાં તેનાં કપડાં રંગીને પહેરતી હોવાના ઉલ્લેખો મળે છે. મહાકવિ કાલિદાસની કૃતિઓમાં કોઈ કોઈ સ્થળે કેસરની ખેતીનું વિસ્તૃત વર્ણન આપ્યુ છે. તેમણે જે રીતે એ વર્ણન કર્યું છે તે રીતે કોઈ પર્યટન કરનાર વ્યક્તિ કરી શકે નહિ. આથી કેટલાક વિદ્વાનો તેમને કાશ્મીરના માને છે. પુરાતન કાળમાં કાશ્મીરના પદ્મપુર (હાલનું પામ્પુર)માં કેસરની ખેતી શરૂ થયાનો ઉલ્લેખ છે. ત્યારે તથા પછીના હિંદુ શાસનકાળ સુધી તેની ખેતીથી રાજ્યને ખૂબ લાભ થતો. પછીથી તેની પેદાશ ઘટતી ગઈ. મુઘલ શાસકોએ તેની પેદાશ વધે તેવા પ્રયત્નો કર્યા. પઠાણોનો કાળ તેની અવનતિનો કાળ બન્યો. ફરી ડોગરા શાસક રણવીરસિંહ કેસરનું મહત્ત્વ સમજ્યા અને તેની ખેતી વધી.

કાશ્મીરના પામ્પુર વિભાગમાં એક ઊંચી સમતલ ભૂમિ ઉપર કેસરની ખેતી થાય છે. આ માટે એક ખાસ પ્રકારની પીળી માટીની જરૂર પડે છે, જે કેવળ ત્યાં જ થાય છે. એને માટે સિંચાઈની જરૂર પડતી નથી. જમીનને સમકોણ ક્યારીઓમાં વહેંચી દઈ આજુબાજુના પાણીના નિકાલ માટે એક ફૂટ ઊંડી પાણીની નીકો ખોદવામાં આવે છે. ચાર ઇંચ ઊંડી માટીમાં કેસરના કંદ વાવવામાં આવે છે. એક ખેતરમાં વધારેમાં વધારે દસ વર્ષ સુધી કેસરની ખેતી થાય છે. ત્યાર બાદ તેમા આઠ વર્ષ સુધી ઘઉં, જવ આદિ વવાય છે. દસ વર્ષમાં કેસરના કંદની સંખ્યા બમણી થાય છે. એક કંદને એક જ વાર ફૂલ બેસે છે. પરંતુ સડી જતાં પહેલાં તેનું જીવન બીજા એક કંદને પ્રાપ્ત થાય છે. વરસમાં ત્રણ વખત જમીન ગોડીને તેમાંથી ફાલતુ ઘાસ-પાન કાઢી નાખવામાં આવે છે.


જુલાઈ મહિનામાં વાવવાની મોસમ હોય છે. તેનાં ફૂલ ઑક્ટોબરમાં આવે છે. ફૂલ જમીનની તદ્દન પાસે જ લાગે છે. દૂરથી તે કુમુદિની જેવાં લાગે છે અને પત્તાં ઘાસની માફક હોય છે. પરંતુ તે બહુ જ થોડાં અને નાનાં હોય છે. ફૂલ નીલ-લોહિત વર્ણનાં હોય છે અને અંદરની પાંખડીઓ રક્ત શ્યામ વર્ણની હોય છે. ઑક્ટોબરમાં સ્ત્રી-પુરુષો અને બાળકો આ ફૂલ ચૂંટવાના કાર્યમાં લાગી જાય છે.

ચૂંટાયા પછી ફૂલોને બે જાતમાં વહેંચી દેવામાં આવે છે. પહેલાં એકલી પાંખડીઓને અલગ કરીને તે સૂકવવામાં આવે છે. તેને 'મોગ્રા' કેસર કહે છે. આ પ્રથમ કક્ષાની બિલકુલ શુદ્ધ જાત છે. બીજી જાતમાં ફૂલોને સૂકવીને તેને કૂટવામાં આવે છે. પછી તેને પાણીથી ભરેલી ડોલોમાં નાખવાથી જે ઉપયોગી પદાર્થ ઉપર તરે છે તેને કાઢી લઈ ને સૂકવવામાં આવે છે. ફૂલનુ ચીજ ડોલોમાં રહે છે તેને ફરી કૂટવામાં આવે છે અને બીજી વાર ડોલમાં તારવે છે. આ પ્રકારે મેળવેલું કેસર ઊતરતી કોટિનું ગણાય છે, જેને 'લચ્છા' કહે છે. પ્રાચીન કાળમાં કેસરનું ફૂલ રાજાઓના મુકુટની અને રાજકુમારીઓના વાળની શોભા વધારતું. તેની સુગંધ અને રંગ સૌંદર્ય-પ્રસાધન તરીકે વપરાતું. ચામડીની સુકોમળતા વધારવા માટે તેના ફૂલનો રસ કાઢી તેનું ઘૃત બનાવી શરીર ઉપર માલિશ કરવામાં આવતું.

(નિરામય) —વૈદ્ય મોહનલાલ ચોક્સી

રેખા એક–આકાર અનેક

(જુઓ આ અંકનું પૂઠું)



જપ કરવા રાખેલી માળા પાછી મૂકતાં એનાથી જે વિવિધ આકારો રચાતા તે પરથી પ્રેરાઈને માંદગીના બિછાનેથી શ્રી રવિશંકર રાવળે વિનોદ ખાતર આવા અનેક આકારો કરી જોવા માંડયા. સમય પસાર કરવા સાથે એક સળંગ રેખાથી રચાતા અસંખ્ય આકારોના વૈવિધ્યની એ ખોજ માણવાની મઝા છે. આવો જ એક પ્રયોગ, પણ જરા જુદી રીતે, પારી(સ)થી ગ્રાફિક આર્ટિસ્ટ ભાઈ મહેન્દ્ર પટેલે કાગળ પર સળંગ રેખાની વિવિધ આકૃતિઓ પોતાના નવા વર્ષના અભિનંદનપત્ર પર કરી મોકલેલી. એમાંથી તથા માળાના આ ઉપરના આકારોમાંથી થોડી આકૃતિઓ લઈને આ અંકના પૂઠાની રચના કરી છે. ચિત્રકળાના આજના વિદ્યાર્થીઓ તો સળંગ રેખામાં ગોપિત આકારોની શક્યતા શોધવાના એક પાઠ રૂપ આ પ્રયાસ કરે. નાનાં બાળકોને પણ આવા પ્રયત્નો કરવા પ્રેરવા. એ એમની કલ્પનાને ઉત્તેજવા માટે સારું માધ્યમ બની રહેશે.

ગણિતગમ્મત

'કુમાર' અંક ૫૯૯ મે, ૧૯૭૧માં પાન નં. ૨૦૧ ઉપર ૯ અને ૧૦ એ બે પાસેપાસેની સંખ્યામાં પહેલી ૯ વર્ગ સંખ્યા છે અને બીજી ૧૦ એ ક્રમિક સંખ્યાના સરવાળા બરાબર છે. એવાં બીજાં જૂથ હોઈ શકે એમ જણાવેલ છે.

એનાથી ઊલટી બાબતવાળી બે પાસેપાસેની સંખ્યાનાં જૂથ પણ હોઈ શકે. જેમ કે પહેલી સંખ્યા ક્રમિક સંખ્યાના સરવાળા બરાબર હોય અને બીજી સંખ્યા વર્ગ સંખ્યા હોય – એવું એક જૂથ પહેલા દશકામાં પણ છે. જેમ કે, ૩ અને ૪ એ બે પાસેપાસેની સંખ્યાઓ છે એમાં ૩ એ ક્રમિક સંખ્યાના સરવાળા બરાબર છે. ૧ + ૨ = ૩

અને ૪ એ વર્ગ સંખ્યા છે. ૪ = ૨² = ૨ × ૨ બીજા દશકામાં એટલે કે ૧૧ થી ૨૦ સુધીમાં પણ આવું એક જૂથ બે પાસેપાસેની સંખ્યાનું છે. દા. ત. ૧૫ અને ૧૬ બે પાસેપાસેની સંખ્યાઓ છે એમાં ૧૫ ક્રમિક સંખ્યાનો સરવાળો છે અને ૧૬ એ વર્ગ સંખ્યા છે.


૧૫ = ૧ + ૨ + ૩ + ૪ + ૫ અને ૧૬ = ૪²

આવાં બબ્બે સંખ્યાનાં બીજાં અનેક જૂથ હોઈ શકે. વાચકો સ્વપ્રયત્ને બીજાં એવાં બે પાસેપાસેની સંખ્યાનાં જૂથ શોધવાનું વિચારશે તો આનંદ આવશે. —એમ. એન. ખત્રી

મીણ-દીવો

બુટપૉલિશની કે એવી ખાલી ડબ્બીમાં સફેદ યા પીળું મીણ (પૅરેફિન વૅક્સ) ઓગાળીને તેમાં પાંચ સાત દિવેટો ગોઠવીને ભરી રાખવું. તદ્દન કડાકૂટ વગરનું આ સાધન ઘરમાં કે સફરમાં બહુ ઉપયોગી છે.

અચાનક વીજળી જાય ત્યારે તાત્કાલિક દીવા તરીકે, સફરમાં એની દિવેટો પેટાવી દાઢી કરવાનું પાણી ગરમ કરવામાં, બાળક માટે એકાદ



કપ દૂધ ગરમ કરવામાં કે પોતાને માટે ચા કરવામાં એ કામ લાગશે. ટાઢના દિવસોમાં મુસાફરીમાં આ દીવો પેટાવી, ખોળામાં મૂકી સાવચેતી રાખી ચાદર કે શાલ ઓઢી મેં હૂંફ મેળવી છે. ચાલતી ગાડીએ પણ એ ઠંડી ઉડાડવા કામ લાગ્યો છે. ઠીમ વગડામાં આકરી ટાઢમાં કોઈ ઓથ આપતી જગ્યાએ એના વડે ગરમાવો લીધો છે. પાશેરથી યે ઓછા વજનનો ને ખિસ્સામાં ફેરવી શકાય એવો આ મીણ-દીવો અનેક રીતે કામ આપી શક્યો છે. એના પર જાળી ગોઠવી એને અભય બનાવી લીધો હોય તો કપડાંને ઝાળ લાગવાનો પ્રશ્ન પણ રહે નહિ. હા, હવાબંધ રૂમમાં એને ઝાઝીવાર પેટાવી રાખવો સલાહભર્યો નથી. —ભૂરુભા જાડેજા

ચતુર્બીજ ચૂર્ણ

અજીર્ણ, ઉદરના રોગ, ગૅસ, ઍસિડીટી વગેરે માટે આયુર્વેદમાં ચતુર્બીજ ચૂર્ણ ખૂબ પ્રતિષ્ઠા પામ્યું છે. એમાં નીચે જણાવેલાં ચાર વનસ્પતિજ બીજનો યોગ મિશ્રણ છે – એથી એનું નામ ચતુર્બીજ ચૂર્ણ પડ્યું છે. ચતુર્બીજ એટલે મેથી, અજમો, અસાળિયો અને શાહજીરું. આયુર્વેદની દૃષ્ટિએ એ ચારેના ગુણો નીચે પ્રમાણે દર્શાવેલા છે.

૧ **મેથી**: વાત, કફ અને જ્વરનો નાશ કરે છે અને જઠરાગ્નિને પ્રદીપ્ત કરે છે. વળી તે ગરમ, દીપન, સોજો ઉતારનારી, ગેસ મટાડનારી, રક્તસંગ્રાહક લોહી વધારનાર, આંખને હિતાવહ, ઉદરશૂળ મટાડનાર, ગર્ભાશયનો સંકોચ કરનાર અને કૃમિઘ્ન જંતુનાશક છે.

આ મેથીનો વઘાર ઇત્યાદિમાં, સંભાર જેવાં વ્યંજનમાં, શિયાળામાં મેથીપાક બનાવવામાં આરોગ્યપ્રદ રસોઇના એક મસાલા તરીકે આપણે વાપરીએ છીએ, તે આરોગ્યની દૃષ્ટિએ જરૂરી છે. પશ્ચિમની દૃષ્ટિએ આપણા ખોરાકમાં જે ત્રણ આવશ્યક એમિનો ઍસિડ જરૂરી છે તેમાં મેથીના યોગે ઉમેરો થાય છે. ઇજિપ્તમાં તો પાઉંરોટી બનાવવામાં ૧૦૦ ગ્રામ ઘઉંના લોટમાં પાંચ-સાત ગ્રામ મેથીનો લોટ ભેળવવામાં આવે છે. મેથી ગર્ભાશયનો સંકોચ કરનાર હોવાથી પ્રસૂતાને મેથીના લાડુ ખવડાવવાની રીત આયુર્વેદ પ્રમાણે યોગ્ય છે.

૨ **અજમો**: વાયુનાશક અને જંતુઘ્ન છે. લસણ ન ખાનારાં કુટુમ્બોમાં વાલ, પાપડી જેવાં વાયુકારક શાકમાં તેનો ઉપયોગ થાય છે. તે તીખો, ગરમ, દીપન, પચવામાં હલકો, વાયુ, અર્શ, કફ, શૂળ, કૃમિ, આફરો (ગૅસ), ઊલટી, પેટનો ગોળો અને બરોળના રોગ મટાડનાર છે. વળી તે સડો અને દુર્ગંધ અટકાવે છે. ડોસીવૈદકમાં સામાન્ય રોગોમાં અજમાનો આજે પણ ચૂંક, આફરો, શૂળ ખાંસી, શરદી ઉપર મીઠું કે સિંધવના અનુપાન સાથે તેનો ઉપયોગ થાય છે. જૂના ગૉળ સાથે અર્ધો તોલો અજમો ભેળવી લેવામાં આવે તો શીળવા મટે છે. નાનાં બાળકોને રાત્રે પથારીમાં પેશાબ થઇ જાય છે, તે અટકાવવા બાળકને રાત્રે સૂતી વખતે દોઢેક ગ્રામ એકલો અજમો અથવા એટલો અજમો અને એટલા તલ ફકાવવામાં આવે છે. આ અનુભૂત સફળ પ્રયોગ છે. પ્રસૂતા સ્ત્રીઓને પણ સુવાની માફક અજમો હિતકારક છે. તેનાથી તેમને વાયુ સરે છે, ભૂખ ઊઘડે છે અને કેડનો દુ:ખાવો મટે છે.

અજમામાં ઉડ્ડયનશીલ તેલ છે. તેના જંતુઘ્ન પ્રભાવથી અજમો આવું રોગનિવારક દ્રવ્ય બન્યું છે. આથી ખાંડેલા અજમાનું આ તેલ ઊડી ન જાય માટે ચાવીને ખાવાથી અગર ખાંડીને તરત ફાકી જવાથી એની સચોટ અસર થાય છે. ચતુર્બીજ ચૂર્ણ પણ તાજું થોડા દિવસ ચાલે તેટલું ઘેર બનાવાય અને ખાંડીને બહાર પડયું રહેવા ન દેતાં તેને ખાંડી ચાળીને તરત હવાબંધ બૂચવાળી શીશીમાં ભરી ઉપયોગમાં લેવું.

૩ **અસાળિયો**: એનું સંસ્કૃતમાં ચંદ્રશૂર નામ છે. શક્તિ ને પુષ્ટિ આપવામાં શૂરવીર એવો એનો અર્થ છે. હેડકી, વાયુ અને કફના દર્દીઓને હિતકારક અને બળપુષ્ટિ કરનાર તરીકે જણાવ્યો છે. ઘરગથ્થુ દવા તરીકે આજે પણ ગામડાંમાં કેડના દુ:ખાવા ઉપર અસાળિયો વાટી ચોપડાય છે. નબળાઇ દૂર કરવા, પ્રસૂતાને શક્તિ માટે, ધાવણ શુદ્ધ કરવા અને વધારવા અસાળિયાની રાબ પાવામાં આવે છે.

૪ **શાહજીરું**: સંસ્કૃતમાં એનું નામ કૃષ્ણ જીરક છે. જીરાનો અર્થ 'જે જીર્ણ કરે-પચવે તે' એવો થાય છે. આ જીરું કાળાશ પડતું છે, તેથી તેનું નામ ફારસીમાં સ્યાહજીરું છે, તે ઉપરથી આપણે શાહજીરું કહીએ છીએ. તે રોચક, દીપન, વાતકફહર અને દુર્ગંધીનાશક, પાચક, ઉષ્ણ, સોજાનો નાશ કરનાર, આંખને હિતકર, આફરો, પેટશૂળ, મરડો, જીર્ણજ્વર મટાડનાર અને લોહી-ઝાડો બાંધનારું છે. એમાંના ઉડ્ડયનશીલ તેલની આ રોગો પર સારી અસર થાય છે.

ઉપર્યુક્ત ચાર દ્રવ્યો વાતકફનાશક છે. ઓછા વધતા પ્રમાણમાં રોગનાં જંતુઓનો નાશ કરનાર છે, કાળજું, બરોળ, જઠર અને આંતરડાંને કાર્યક્ષમ કરનારાં છે, સડો અટકાવનાર છે, ગર્ભાશય અને મૂત્રતંત્રની શુદ્ધિ કરનારાં છે. આંખને હિતકર અને બળપુષ્ટિદાયક છે. આથી આ ચારે દ્રવ્યના યોગથી બનેલું ચૂર્ણ અનેક રોગો માટે ઉપયોગી છે.

આજે યુવાન, પ્રૌઢ અને વૃદ્ધોમાં ઘણાં વલોણાવારે ગૅસની વ્યથાથી પિડાય છે અને સોડામિન્ટ, મિલ્ક ઑફ મૅગ્નેશિયા જેવાં ઍલોપથિક ઔષધોનો ઉપયોગ કરે છે. એ દ્રવ્યો આલ્કાઇન હોવાથી અપચાને લઇને અપાચ્ય ખોરાકનો જઠરમાં આથો થતાં તેમાંથી પેદા થયેલ ઍસિડિટી દૂર કરે છે, તેથી દરદીને રાહત લાગે છે. પણ એ દ્રવ્યો રોગનું

મૂળ રોગ થવાનું કારણ દૂર કરી શકતાં નથી, એટલે એમની અસર કાયમની નથી. ચતુર્બીજ ચૂર્ણ ઍસિડીટી મટાડશે અને લાંબો વખત લેવાથી ધીરેધીરે તે રોગનાં કારણો દૂર કરશે.

આવી કાયમની ફરિયાદ દૂર કરવા ઇચ્છનારે ઓછાં તેલ, ઘી, મીઠાઇ મસાલાવાળો, પચે એટલો પથ્ય ખોરાક, ઉંમર અને શક્તિના પ્રમાણમાં શરીરશ્રમ કે વ્યાયામ અને પૂરતી ઊંઘ લેવાં જરૂરી છે. આવું આહાર-વિહારમાં સંયમી જીવન ગાળનાર જ આ ચૂર્ણથી પોતાનું દરદ કાયમને માટે દૂર કરી શકે. વનસ્પતિજ દ્રવ્યો છ માસ પછી ઘણાં ઓછાં કાર્યસાધક નીવડે છે, માટે આ ચૂર્ણ ઘેર બનાવવા નવાં તાજાં દ્રવ્યો પસંદ કરવાં. ૧૨-૧૫ દિવસ ચાલે તેટલાં ખાંડી હવાબંધ શીશીમાં તરત ભરી દેવાં, તેમ નહિ થાય તો એમાંનાં ઉડ્ડયનશીલ તેલ હવામાં ઊડી જશે, અને એ ચૂર્ણની ધારી અસર નહિ થાય. ભોજન પહેલાં કે પછી ૦। થી ૦॥ તોલો આ ચૂર્ણ ફાકી ઉપર બે ઘૂંટડા ભરી પોતાને અનુકૂળ માલૂમ પડે તે પ્રમાણમાં અને સમયે આ ચૂર્ણ લેવું ઠીક પડશે. ('ગુજરાત મિત્ર')

યજ્ઞ

લોકો આપવા ને ઘસાવા તૈયાર હોય છે, સામાન્ય માણસ સ્વાર્થી પણ નથી, કે નિઃસ્વાર્થી પણ નથી. એ તો સંજોગોને આધીન હોય છે. જે દેખાય છે તે સ્વાર્થ એનો સ્વભાવ નથી, વિકૃતિ છે.


હું એમને લોઢાનો દાખલો આપું છું. ગામડામાં લોકોને પૂછીએ કે 'લોઢાનો રંગ કેવો?' તો કદાપિ કોઈ કહેશે કે 'કાળો'. પણ જે ખેડૂત હશે તે કહેશે કે 'લોઢાનો રંગ તો ચાંદી જેવો ધોળો હોય છે.' જેને કાળો રંગ કહે છે તે તો વિકૃતિ છે, મૂળ રંગ પર ચડેલો કાટ છે. કાટ ઘસાઈ જાય છે ત્યારે લોઢું ચાંદી જેવું ચમકે છે. ઘસાતું લોઢું માત્ર ચાંદી જેવું ઊજળું જ નથી હોતું, રેશમ જેવું સુંવાળું પણ હોય છે. પણ જે ઘસાતું નથી તે કાળું હોય છે, ખરબચડું હોય છે અને એના ઉપરથી કાટની પોપડીઓ ઊખડે છે. ઘસાઇને નહિ, તો પોપડી ઉખડીને એ કાટ ઓછો તો થવાનો જ : પણ ઘસાઇને ઓછો થાય તેને યજ્ઞ કહે છે.

મને સંસ્કૃત આવડતું નથી. મારા યજમાનોને ય આવડે નહિ. એટલે સંસ્કૃતમાં યજ્ઞની શી વ્યાખ્યા હશે તે તો શી ખબર, પણ હું તો કહું છું કે યજ્ઞ એટલે ઘસાઈ છૂટવું. આપણે બીજા માટે કઈ રીતે ઘસાઈ છૂટીએ, ઘસાઇને ઊજળા થઇએ તે શીખવા જેવું છે. આજે એવી પરિસ્થિતિ ઊભી થઈ છે કે જો સમાજમાં ફેરફાર નહિ કરીએ તો હિંદનો અંત આવશે. માટે પહેલો ફેરફાર પોતામાં કરવો રહ્યો. શરૂઆત તો પહેલા પુરુષ એકવચનથી જ કરવાની હોય. લોકો પૂછે છે કે 'અમારે ત્યાં જમીન ઓછી છે, અમે દરિદ્ર છીએ, તો ગરીબી વહેંચવાથી શો લાભ થવાનો? હિંદુસ્તાનની સંપત્તિ વધવા દો, પછી વહેંચવાની વાત કાઢો.' પરંતુ આવી વાત આપણે પરિવારમાં નથી કહેતા. દૂધ ઓછું હોય તો કોઈ એકલો પી જાય અને બીજાને કહે કે 'દૂધ ઓછું હતું એટલે હું પી ગયો' તો એ પારિવારિક ભાવના નહિ કહેવાય. જે છે તે વહેંચી લઇએ ત્યારે જ લક્ષ્મી વધશે. શક્તિશાળી હોઈશું તો શક્તિ પણ વહેંચીશું, ગરીબ હોઈશું તો ગરીબી.

—રવિશંકર મહારાજ

ભારતીય પદ્ધતિનો શતરંજનો કોયડો-૧૦

અત્યાર સુધીમાં જે નવ કોયડા જોયા તેમાં મહોરાંની ચાલ અત્યારના નિયમાનુસાર હતી. આ વખતે આપણે જે કોયડો જોઈએ છીએ તેમાં મહોરાંની જૂની રીતની ચાલનો ઉપયોગ છે. એ વખતે વજીરને હાલની જેમ આઠ દિશામાં ચાલવાં હોય તેટલાં ખાનાં ચાલવાની છૂટ ન હતી, તે ફક્ત ચાર દિશામાં (હાથીની પેઠે) એક એક ખાનું જ ચાલી શકતો અને મારવા માટે ચાર ત્રાંસી દિશામાં (ઊંટ જેમ) એક ખાનું ચાલી શકતો. ઊંટની ચાલ પણ મર્યાદિત હતી તે ફક્ત બે જ (એક પણ નહિ) ખાનાં ચાલી શકતો. તે સ્વપક્ષી કે વિપક્ષી મહોરા ઉપરથી કૂદી શકતો. બાકીનાં મહોરાંની ચાલ આજની જેમ જ રહેતી.



૪ ચાલમાં પ્યાદમાત
(ઊંટ અને વજીરની ચાલ માટે લખાણ જુઓ)

1 N–B7ch, K–Q2; 2 B–KB5ch ઊંટ પ્યાદા ઉપરથી કૂદીને ચાલે છે. આ શેહ મિટાવવા માટે હાલના નિયમ પ્રમાણે 2..., P–K3 કે 2..., N–K3 રમી શકાત, પણ ઊંટ વચ્ચે આવેલ મહોરાં ઉપરથી કૂદીને પણ રાજાને મારી શકે તેમ હોવાથી તે રીતે શેહ મીટતો નથી. તેથી ઊલટું આજના નિયમ પ્રમાણે હાથીને ઊંટનું રક્ષણ મળે છે. પણ અહીં ઊંટ બે જ ખાનાં ચાલતો હોઈ કાળો રાજા હાથીને મારીને શેહમાંથી છૂટી જાય છે.

2..., K×R; 3 R–N8ch, K×N; અહીં ઘોડાને વજીરનું રક્ષણ નથી.

4 P–N6 mate.

સુરેશ મોદી

આ માસ (માર્ચ) ઇતિહાસમાં

૪ (૧૯૫૧) દિલ્હીમાં એશિયા ખંડની પ્રથમ ઑલિમ્પિક રમતો 'એશિયાડ'નું ત્યારના ભારતના રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદને હસ્તે મંગલાચરણ થયું. પાકિસ્તાન સિવાયના એશિયાના અગિયાર દેશોના લગભગ પાંચસો પચાસ ખેલાડીઓએ તેમાં ભાગ લીધેલો. આ રમતોત્સવમાં જાપાન પ્રથમ અને ભારત બીજા નંબરે આવેલાં.


૭ (૧૮૪૯) કદાચ કુદરત પોતે પણ ન સાધી શકે તેવો અવનવો અને ઉપયોગી વનસ્પતિઓનો વિકાસ સિદ્ધ કરી, માનવજાત પર એક મોટું ઋણ મૂકી જનાર અને એથી 'અદ્ભુત કીમિયાગર' ગણાતા અમેરિકન વનસ્પતિશાસ્ત્રી લ્યૂથર બુરબૅંકનો જન્મ. વનસ્પતિ, શાકભાજી અને ફળફૂલની અનેક નવી જાતો તેણે ઉપજાવી હતી. બોરના ઠળિયાને ઝીણા બી જેવું બનાવી બોરનો ગર વધાર્યો; ઝીણાં ફૂલોને હથેળી જેવડાં મોટાં કર્યાં; ઝાડમાંથી થડ-પાન ઘટાડી તેના રસકસ ફળમાં ખેંચીને પાકનો ઉતાર વધાર્યો; પક્ષીઓ ઠોલી ન ખાય એટલા સારુ પાતળી છાલના ફળને કઠણ છાલનાં કર્યાં; કાંટા દૂર કરીને થોરને ખાદ્ય બનાવ્યા, —અને આમ ખેતીવાડી અને બાગાયતને લગતી અનેક અવનવી શોધો કરીને એણે એ ક્ષેત્રે નવસર્જન કરવા સાથે લોકો તથા સરકારને ઘણા મોટા આર્થિક ફાયદા કરી આપ્યા હતા. ઈ. ૧૯૨૬ની ૧૧મી એપ્રિલે એનું અવસાન થયું.



૯ (૧૯૪૭) માત્ર અઢી જ દાયકામાં સંશોધન, વિવેચન, નવલકથા, નાટક, કવિતા, ચરિત્ર, ઇતિહાસ, પ્રવાસ વગેરે જેવી સાહિત્યસર્જનની લગભગ બધી દિશાઓને આવરી લેતાવિસ્તૃત સર્જન વડેસાહિત્યજ્ઞો અને આમ વર્ગ બંનેમાં આદર પામી જનાર ઝવેરચંદ કાલિદાસ મેઘાણીનું અવસાન. સૌરાષ્ટ્ર અને ગુજરાતના લોકસાહિત્યનું પંડે રખડી-ફરીને સંશોધન અને મૂલ્યાંકન કરી, વિલોતા જતા એ લોકધનને ગ્રંથસ્થ કરી રાખવાનું પ્રથમ અને અદ્વિતીય કાર્ય કરનાર, એજન્સી પોલીસખાતાના એક અમલદારના એ પુત્રે અંગ્રેજી અને સંસ્કૃત સાથે બી.એ. થયા બાદ કલકત્તામાં એક પેઢીમાં મેળવેલી જગ્યાને છોડી દઈ ત્યારે તાજા નીકળેલા 'સૌરાષ્ટ્ર' સાપ્તાહિકના તંત્રીખાતામાં જોડાવાનું પસંદ કર્યું. એ કાર્યની સાથેસાથે એમણે કરેલાં લોકસાહિત્યનાં સંશોધનો બદલ એમને પ્રથમ 'રણજિતરામ સુવર્ણચંદ્રક' મળ્યો. 'સૌરાષ્ટ્ર' પછી 'ફૂલછાબ' અને તે બાદ 'જન્મભૂમિ'ના સાહિત્યવિભાગ 'કલમ અને કિતાબ'નું એમનું સંપાદન તથા સ્વાતંત્ર્યની લડતો વખતની 'સિંધુડા'ની એમની વીર વાણી પણ ચિરસ્મરણીય બની રહી. ગાંધીજીએ એમને 'રાષ્ટ્રીય શાયર' કહી નવાજ્યા. મુંબાઈ યુનિવર્સિટીનાં એમનાં 'વસનજી વ્યાખ્યાનો' તથા રાજકોટ સાહિત્ય પરિષદમાં પ્રમુખપદે થએલી એમની વરણી પણ એમની સાહિત્યપ્રતિભાની દ્યોતક છે.




૧૩ (૧૭૮૧) સૂર્યમાળામાં પૃથ્વી પછી આગળના ગ્રહોમાં મંગળ ગુરુ ને શનિ બાદ ચોથો ગ્રહ યુરેનસ વિલિયમ હર્ષલે શોધ્યો. છ વર્ષ બાદ એણે યુરેનસના બે ઉપગ્રહો—'ઑબેરોન' ને 'ટિટાનિયા' પણ શોધ્યા. યુરેનસ કદમાં પૃથ્વીથી ૪૬ ગણો મોટો હોવા છતાં એનું વજન પૃથ્વી કરતાં માત્ર પંદર ગણું જ વધારે છે! એની ચોપાસ ચારેક માઇલનું વાતાવરણનું પડ છે. પોતાની ધરી પર એ ૧૦¾ કલાકમાં જ ફરી રહે છે, જ્યારે સૂર્યની પરિક્રમાનો એનો સમય આપણાં ૮૪ વર્ષ જેટલો છે. પણ યુરેનસની ધરી સૂર્ય તરફ તકાએલી હોઈ એના લગભગ ધ્રુવ સ્થાને સૂર્ય આવે છે એથી ૪૨ વર્ષ સુધી સૂર્ય ત્યાં સતત દેખાય છે, આ રીતે યુરેનસના દિવસ અને રાત આપણા ૪૨ વર્ષ જેટલાં લાંબાં છે. યુરેનસ પૃથ્વીથી એટલો દૂર છે કે અહીંથી મોકલેલા રેડિયોસંકેતોને ત્યાં પહોંચતાં બે કલાક અને પિસ્તાલીસ મિનિટ જેટલો સમય લાગે છે.



૧૪ (૧૯૪૮) વિઝાગાપટ્ટમમાં પં. નેહરુના હસ્તે, ૮૦૦૦ ટનનું ભારતીય કારીગરોના હાથે બનેલું પહેલું જહાજ 'જલઉષા' તરતું મુકાયું. ઈ. ૧૯૬૫માં દ્વિતીય નૌવહન દિનની ઉજવણી નિમિત્તે એની છેલ્લી સજાવટ પછી 'જલઉષા'ને એની સેવાઓમાંથી નિવૃત્ત કરવામાં આવ્યું. પોતાની કામગીરી દરમિયાન 'જલઉષા'એ ૧૦૫ ખેપ કરીને કુલ ૮,૮૬૦૦૦ ટન માલની હેરફેર કરેલી. ઈ. ૧૯૬૫માં ભારતે બહાર પાડેલી ખાસ ટપાલટિકિટ પર એનું ચિત્ર આપ્યું હતું.

૧૫ (૧૯૪૮) ગાંધીજીના અનુયાયીઓનું સંગઠન કરી તેમનું રચનાત્મક કાર્ય આગળ ધપાવવા 'સર્વોદય સમાજ'ની સ્થાપના કરવામાં આવી.

૧૯ (૧૯૩૨) 'સિડની-હાર્બર-બ્રિજ'નું ઉદ્ઘાટન. દુનિયાનો એ પ્રકારનો એક મોટામાં મોટો આ પુલ એ શહેર તથા દેશ ઑસ્ટ્રેલિયાનું એક ગૌરવ બની રહ્યો છે. એની કુલ ૩૭૭૦ ફૂટની લંબાઈમાં ૧૬૫૨ ફૂટ તો માત્ર એની મુખ્ય કમાન તળે આવી જાય છે. પાણીની સપાટીથી એ ૧૭૦ ફૂટ ઊંચો હોઈ તેની નીચેથી જંગી જહાજો પણ પસાર થઈ શકે છે. બે ફૂટપાથ સાથે પુલની પહોળાઈ ૫૭ ફૂટ છે ને તેના પર ચાર રેલવે લાઈન છે. બાંધતી વખતે અંદાજેલા ૪૦ લાખને બદલે એ ૯૦ાા લાખ પાઉન્ડના ખર્ચે તૈયાર થયો હતો, જેના વળતર માટે એના પરથી પસાર થતા પ્રત્યેક વાહન પાસેથી કર લેવામાં આવે છે.



સિડની-હાર્બર-બ્રિજ

દીનતા વિણ પ્રવીણતા, લૂણ વિનાનું ભોજ, સ્વપ્ન વિનાની જિંદગી, એ ત્રણ નિષ્ફળ બોજ.

કાર્થેજના સૈન્યને હરાવનાર રેગ્યુલસ નામનો રોમન સરદાર કાર્થેજિયનોને હાથ કેદ પડેલો. કાર્થેજિયનોએ તેને પેરોલ પર છોડી રોમનો સાથે સંધિ કરવા મોકલ્યો. કાર્થેજિયનોએ મોકલેલી શરતો ગૌરવભંગ કરનારી હોવાથી તેણે તેનો અસ્વીકાર કરવાની રોમનોને સલાહ આપી અને પાછો જવા તૈયાર થયો, ત્યારે રોમનોએ તેને ફરી પાછા ન જવાની ખૂબ વિનતિ કરી અને જણાવ્યું કે દગાબાજ શત્રુને આપેલું વચન પાળવાનું ન હોય; અને શરતોનો અસ્વીકાર થયો હોઈ ત્યાં જવામાં જાનનું જોખમ છે. ત્યારે રેગ્યુલસે જવાબ આપ્યો: 'વચનભંગ કરવા કરતાં જુલમ અને મૃત્યુ હું પસંદ કરું છું. હું કાર્થેજનો ગુલામ છું, પણ મારી નસોમાં રોમન લોહી વહે છે. પાછા ફરવાનું મેં વચન આપ્યું છે ને હું તે પાળીશ જ.'

અને રેગ્યુલસ પાછો કાર્થેજ ગયો; અને કહેવાય છે કે કાર્થેજિયનોએ તેને રીબાવી રીબાવીને ઘણી ક્રૂર રીતે તેનો જાન લીધો.

∞

કહેવતોના અર્થ—'દશેરાને દિ' જ ઘોડું ન દોડ્યું નહિ.' વિજયાદશમીને દિવસે ઘોડા દોડાવવાની જે શરત–રમત થાય છે તેમાં જ ઘોડો ન દોડે એ ઉદાહરણ પર, અણીને વખતે નિષ્ફળ જનાર માણસ કે બનાવ વિષે આ કહેવત વપરાય છે.

∞

અનેકાર્થી શબ્દ: **વ્યંજન** = મૂળાક્ષરમાંનો 'સ્વર' સિવાયનો વર્ણ; ડાઘ કે નિશાની; અવયવ અથવા અંગ; ગુહ્યાંગ; શાક, ચટણી, અથાણા, રાયતા જેવી વાની; વીંઝણો; પંખો નાખવો તે; તાલનાં મુખ્ય છ અંગમાંનું બીજું અંગ; મૂછ, દાઢી; દિવસ; વંશ; સ્વાંગ; સૂચન.

ગણિતગમ્મત

૯૮૭૬૫૪૩૨૧× ૯= ૮૮૮૮૮૮૮૮૮૯

×૧૮=૧૭૭૭૭૭૭૭૭૭૮

×૨૭=૨૬૬૬૬૬૬૬૬૬૭

×૩૬=૩૫૫૫૫૫૫૫૫૫૬

×૪૫=૪૪૪૪૪૪૪૪૪૪૫

×૫૪=૫૩૩૩૩૩૩૩૩૩૪

×૬૩=૬૨૨૨૨૨૨૨૨૨૩

×૭૨=૭૧૧૧૧૧૧૧૧૧૨

×૮૧=૮૦૦૦૦૦૦૦૦૦૧

∞


દરિયાને મળતી નદીના મુખ આગળ તેના ફાંટાઓ વચ્ચે નદીનો કાંપ જામીને બનતો પ્રદેશ 'ડેલ્ટા' કહેવાય છે. એવો નાઈલ નદીનો ડેલ્ટા પ્રખ્યાત છે. અમેરિકાની મહા નદી મિસિસિપીનો એવો ડેલ્ટા-પ્રદેશ ૧૨,૦૦૦ ચોરસ માઈલનો છે; પણ જગતભરમાં સૌથી મોટો ડેલ્ટા–પ્રદેશ તો ગંગા અને બ્રહ્મપુત્રના સમુદ્રસંગમ આગળ બનેલા 'સુંદર વન'નો છે. એનો વિસ્તાર ૫૫,૦૦૦ ચોરસ માઈલનો છે અને હજી પણ દર વર્ષે તે વધતો જાય છે.

∞

આ અંકમાં મૂર્તિરચનાશાસ્ત્ર વિષે બે લેખોમાં રસમય વિગતો આપેલી છે. મૂર્તિવિધાનમાં હિંદી કળા દુનિયાભરની સંસ્કૃતિમાં ઘણી અગ્રસ્થાને વિરાજે છે, અને છ શિલ્પશાસ્ત્રો ઉપરાંત જુદાંજુદાં શાસ્ત્રોમાં પણ મૂર્તિરચના માટે ખાસ પ્રકરણ આપેલાં છે: બહદ-સંહિતા, શુક્રનીતિસાર, વિષ્ણુધર્મોત્તર પુરાણ, મત્સ્ય પુરાણ, અગ્નિ પુરાણ, મયશાસ્ત્ર, પ્રતિમા-માન-લક્ષણ વગેરે. શુક્રનીતિમાં તાલનું કોષ્ટક આ મુજબ આપ્યું છે: ૧ તાલ=૧૨ અંગુલ (અંગુલ=આંગળી, મુષ્ટિનો ચોથો ભાગ); ૧ અંગુલ=૮ યવ (આડા જવ); ૧ યવ =૧ યૂક (જૂ); ૧ યૂક=૮ લિખ્ય (લીખ); ૧ લિખ્ય=૮ રોમાગ્ર (વાળની અણી); ૧ રોમગ્ર =૮ રેણુ (સૂર્યકિરણ); ૧ રેણુ=૮ અણુ (સૂક્ષ્માતિસૂક્ષ્મ તરડમાંથી આવતું સૂર્યકિરણ).



કઠેડા વચ્ચેથી દેખાતા સૂર્યોદયના આ ચિત્રમાંના બંને નળ સમાંતર હોવા છતાં વચ્ચેથી પહોળા દેખાય છે એ સૂર્યકિરણોની ત્રાંસી રેખાઓને લીધે ઊપજતો દૃષ્ટિભ્રમ છે.



કલાકણિકા: સીઆમનું ચીની માટીનું એક શોભન-ખચિત જલપાત્ર. તેરમીથી સોળમી સદીની ત્યાંની પ્રજાની કલાપ્રિયતાનું દ્યોતક.

અથાણું

ડેન્માર્કમાં એક નવા બંદરના ઉદ્ઘાટન માટે જતા રાજા ક્રિશ્ચિયનના જવા-આવવાના માર્ગ પર બન્ને બાજુમાં ધજાઓ ફરકાવતાં અને આનંદના પોકારો કરતાં બાળકોની ઠઠ જામેલી. રાજાએ તેથી આશ્ચર્ય પામી પૂછ્યું: 'આટલાં બધાં બાળકો આવ્યાં ક્યાંથી?'

ગાડીમાં જોડે બેઠેલા મેયરે જવાબ વાળ્યો: 'આજના મહાન દિવસ માટે અમે વર્ષોથી તૈયારી કરતા હતા, નામદાર!'

∞

ધૂમ્રપાનથી થતા નુકસાન વિષેનો એક લેખ છાપામાં વાંચી છોટાલાલે મિત્રોને કહ્યું: 'બસ મેં આજથી જ આ આદત છોડી દેવાની પ્રતિજ્ઞા કરી લીધી.'

'કઈ? સીગારેટ પીવાની?'

'ના, છાપું વાંચવાની.'

∞

ગીચોગીચ ભરેલી એક મોટરબસમાં ઊભેલી બાનુ પોતાનું સ્ટૅન્ડ આવ્યું કે નહિ એ વિષે વારંવાર ડ્રાઇવરને પૂછ્યા કરતી હતી. આથી ડ્રાઈવરનું મોં કટાણું થતું જોઈ એ બોલી: 'એમ મોં શું બગાડો છો? હું પૂછું નહિ તો મને શી ખબર પડે કે મારું સ્ટૅન્ડ આવ્યું કે નહિ?'

તંગ બની ગએલા ડ્રાઈવરે કહ્યું: 'જુઓ બેન, જ્યારે મારા મોં પર નિરાંત જુઓ ત્યારે સમજી જજો કે તમારે ઊતરવાનું આવી ગયું છે.

∞

દર્દી: મારા આ ખોટા દાંત તદ્દન કુદરતી જેવા જ લાગશે?

ડેન્ટિસ્ટ: કુદરતી જેવા? અરે, એ એવા બનાવ્યા છે કે એ તમારા અસલ દાંતની પેઠે દુખશે યે ખરા!




ભાષાવાદ
પ્રદેશવાદ
કોમવાદ
રાષ્ટ્રીય એકતા
ગુજરાત સરકારના માહિતી ખાતા તરફથી પ્રકાશિત